૬૬

૬૬૫૩

[illegible]

[illegible]

[illegible] શ્રી [illegible] ગુલાબચંદ [illegible]

[illegible]

[illegible]

[illegible] ૧૯૬૯

પવિત્ર પ્યાર.

બનાવનાર

દીનશાહ જમશેદજી તાંતરા.

એજંટ-મી. પીરોશા દી. મુકાદમ બુકસેલર,

દેવલનો મોહલો, કોટ, મુંબઈ.

કિંમત આના આઠ.

મુંબઇ—ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં સેમ્યુએલ હાઇમ પ્રીંટરે છાપ્યું છે.

૧૮૯૮.

દીબાચો.

પ્રીય વાંચનાર,

જત હું નમનતાઇ સાથે લખી જણાવું છું જે આ પુસ્તક મારી પેહેલી કોશેશથી લખવામાં આવ્યું છે માટે કશીપણ ખોડ ખાપણ હોય તો તે માટે દરગુજર ચાહું છું.

આ પુસ્તક છપાવા આગમજ મારા કેટલાક દોસ્તઆ-શનાવોએ નામો ભરી મારી ઉપર જે મેહેરબાની કીધીછે તેનો હું ખરા અંતઃકરણથી આભાર માનુંછું અને આશા છે જે એ-જુંજ ઉતેજન તથા મદદ મારા હવે પછીના કોઇ પણ લખા-ણોમાં મને મળતાં જશે.

લા० તમારો તાબેદાર,

નમ્ર શેવક.

દી. જ. તાંતરા.

સાંકળીયું.

પવીત્ર પ્યાર.

પ્રકરણ પેહેલું.

એક નીચ હુમલો.

પ્રીય વાંચનાર જે વખતે હું નીચલા પ્રકરણનો સાર તારી આગલ રજુ કરૂં છું તે વખત નવેમબર માસની આખેરીની એક રલીઆમણી સહાજનો હતો.

સુરજ આસ્તે આસ્તે પોતાની સહવારના પરોઘીઆની પુર્વ દશાની મુસાફરી પુરી કરી આવી, પશ્ચીમ દશા ભણી કુચ કરી જતી વખતે પોતાની પાછલ આસરે કલાક સાડાપાંચને અમલે એક ખુશનુમા ચીતાર મેલી જતો હતો અને તેની પાછલના રાતા પીલા રંગના નમ્ર થયેલા કીરણો એક જોનારને સારો દેખાવ આપતા હતા.

એનીગમ પેલીગમ પક્ષીઓ પોતાના માળા ભણી ચુંચું કરતાં અવાજ કરી દોડાદોડ કરતાં હતાં જ્યારે બીજી ગમથી પાલેલાં ઢોર આખો દીવસ ખેતરમાં ચરી ધીમી ચાલે પોતાના રખેવાલના ઘર તરફ જતા માલમ પડતાં હતાં.

એ વખતે એક જુવાન પણ નાઘલી વયનો છોકરો પોતાના બદામી રંગના ઘોડાપર બેસી હલવે હલવે આસપાસના ઝાડોની આએ સહાંજના સુર્યના કીરણોથી થઈ રહેલી રંગબેરંગી ગટાઓ વચ્ચેથી પસાર થતો હતો તેના મોઢાં ઉપરથી તુરતજ એક જોનારને તે ખુબ થાકેલો અને શીકારથી પાછો ફરતો હોય એવું માલમ પડતું હતું કારણ કે તેના ઘોડાના જીન પાછલ શીકારથી મારેલું એક હરણ બાંધેલું દેખાતું હતું.

પણ તેની પાછલ આપણ જઇએ તેની આગમજ આપણને તેના રૂપ અને કદનો કાંઇક થોડો ઘણો પણ ચીતાર લેવો જોઇએ.

તે સાધારણ કદનો તથા મજબુત બાંધાનો હતો અને તેનો ખુશનુમા ચેહેરો તેના બદનને ખચ્ચીતજ અનુસરતો હતો. તેની મરોરદાર કમ્મર તથા તેની પોતાના બદામી રંગના ઘોડાપર બેસવાની ધપ એક જોનારને એકી વખતે મોહો પમાડે એવી હતી અને આપણે જેમ કહી ગયા તેમ તે થાકી ગયેલો હતો પણ આસપાસના થંડા પવનની લહેકીથી અને ઝાડોની રલીઆમની ગટાઓથી ગોયા તેની થાક કેટલેક દરજજે ઓછી થતી માલમ પડતી હતી તેની ઉમ્મર આસરે વીસ એકવીસ વરસની હતી.

હાલ વધુ વાર દુર ન જતા આપણે આપણી વારતાના બહાદુર સહીત આગલ વધીશું.

તે આસતે આસતે પોતાનો ઘોડો હંકારતો પોતાના બાપનો બાગ જે થોડેજ દુર હતો તે તરફ જતો હતો. આ વખતે તેનો ઘોડો જે હમેશની પોતાના રસતાની વલણ જાણી રહેલો હતો તે વલન ન લેતાં બીજી ગમ ચાલવા લાગ્યો.

પોતાના ઘોડાની એવી આપખુદી ચાલ જોઇ આપણો બહાદુર કાંઇક અચંબામાં પડયો અને તુરતજ પોતાના ઘોડાની લગામ જે તેને કેટલેક દરજજે ધીમી મેલેલી હતી તે ફેરવવાની કોશેશ કીધી પણ તેનો સદાનો તાબેદાર ઘોડો તેને ધ્યાન ન આપતાં બસ આગલજ વધ્યો જતો હતો.

આપણો બહાદુર જે ખરેજ હીમ્મતવાન હતો તેને કશી પણ દરકાર કરવા વગર પોતાનો ઘોડો જ્યાં લઈ જાય ત્યાં તેને વધવા દીધો.

જે નવે રસતે ઘોડો ચાલતો હતો તે રસતો ખીચોખીચ ઝાડો અને ઝાડીઓથી ભરેલો હતો અને ત્યાંથી કોઇ આવજાવ કરતું હોય એવું આ જવાનને માલમ પડયું. નહી. આવા બીકટ રસતા ઉપરથી જ્યારે આવી સહાંજના અંધારામાં કે જે અંધારૂ આસપાસના ખીચોખીચ ઝાડોથી વધારે બીહામણુ દેખાતું હતું ત્યાંથી જતી વખતે આ જવાન જરા લગાર પોતાના ઘોડાપર વધારે સાવધપણે બેઠો.

આવી હાલતમાં લગભગ તેનો ઘોડો તેને આસરે બે કોશ દુર લઇ ગયો કે જ્યાં ઝાડીઓ વધારે ખીચોખીચ અને ગુચડાયલી આવવા લાગી અને રાતનો વખત લગભગ થઈ ગયાથી અંધારૂ પણ ઘણુંજ ભયંકર લાગતું હતું તે વખતે આપણા બહાદુરને પાસેના ઝાડોમાંથી કોઇ રાહમારૂઓનો અવાજ આવતાં સંભલાવ્યો. આથી તે ચોંકી એકદમ પલ ગભરાયો અને તુરતજ ધીરજ રાખી પોતાના હથીઆર હાથમાં ધરી સાવધપણે રહેવાનો વીચાર કરતો હતો પણ તેટલાંજ તેની પાછલ એક મજબુત હાથ પડયો અને તે તરફ ફરી જોવા જાએ છે તેટલામાં બીજા કોઇ બે જણના હાથથી તે હેઠલ પડયો.

જેવી જડપથી આપણા બહાદુરને હેઠલ પાડવામાં આવ્યો તેવીજ જડપથી તેના હથીઆર પણ છીનવી લેવામાં આવ્યાં અને તેના મોઢાંમાં તુરતજ દુચો દઇ તેની પાસે જે હતું તે લેઈ પેલા લુટારા ચાલતા થયા.

પ્રીય વાંચનાર તને જણાવવું જોઈએ કે આપણા બહાદુરને જેવો ઓચીંતો નાખવામાં આવ્યો તેવોજ પડતા તેનું માથું એક મોટા પથ્થર સહીત જબરૂં અફલાયું અને પુશકલ લોહી વહેવાના સબબથી તે તુરતજ બેભાન થયો હતો આથી પેલા કરપીનોને તેઓના આવા હીચકારા કરમને માટે પુરતો લાભ મલ્યો હતો.

આ બનાવ બનવાની માત્ર થોડીજ પલ ગઇ એટલામાં એક ખેડુત પોતાના આખ્ખા દીવસની ખંતીલી મેહનત કરી વેચી સાંતી પેત પુરતું લઇ પોતાના ઝુપડાં ભણી આ રસતાની સામેની બાજુથી ચાલ્યો આવતો હતો તેને એકાએક અહીંઆ અંધારાના સબબથી ઠોકર ખાધી. આ ઠોકર કાઈ પથ્થર અથવા કોઈ પડી ગયેલા ઝાડથી ન હતી એવું તેને ચોક્કસ જાણી પોતાનું ઝુપડું જે આસરે એકસો વારને છેટે હતું ત્યાંથી રોશણી લાવી બારીકીથી પોતાની એક છોકરી સહીત તપાસ કરવા માંડી અને તેમ કરતાં તેઓને તુરતજ માલમ પડ્યું જે કોઈ માણસ પોતાના ઘોડા પરથી યા કાઇ ચોક્કસ બનાવથી પડી જવાથી સખત ઘાયલ થયેલું બેભાણ પડેલું છે. તુરતજ આ ગરીબ પણ ઉધ્યોગી ગામડયાના દીલમાં

દયાનુ લોહી ઉશ્કેરાઈ આવ્યું. અને પોતાના હાથમાંનો ચેરાગ પોતાની વહાલી દીકરીને આપી તે જુવાનને પોતાની પીઠપર આસાન ઉચકી પોતાના ઝુપડાં ભણી લઈ ગયો અને ત્યાં તેની પુરતી તપાસ કરી જ્યાં તેને જખમ થયો હતો અને જે ભાગ લોહીથી ખરડાઇ ગયો હતો તે પાણી વતી સાફ કરી ત્યાં એક મજબુત પાટો બાંધ્યો. ઘાયલ થયેલા ભાગ ઉપર થોડોક ઘાપુડો મુકયો હતો જેવી વસતુ આવા ગરીબ ઘરમાંથી હર વખતે મલી શકે છે. ત્યાર પછી તેના મોઢાપર પાણી છાંટી તેનું મોઢું પણ સાફ કર્યું એમ થવાથી આપણા બહાદુરે જરા આંખ ઉગાડી પણ બેભાણીના સબબથી પાછી ઘાંકી દીધી જે ઉપરથી આપણા ગરીબ ગામડયાએ તોલ કીધો કે જેમ તે ધારતો હતો તેમ કાંઇ ધાસતી ભરેલું નથી.

તેને હવે વધુ વાર ન છેડતાં પોતાના સાદા પણ સ્વચ્છ બીછાણામાં આરામ લેવાને તેને મેલી પોતાનું સુતરૂં ખાણું પોતાની વહાલી દીકરી સહીત લેઈ નીંદ્રાવશ થયો પણ ખરેજ આ ભલા બાપ દીકરી આ માણસની આવી તેના દુખ વખતની પરોણાગત કરવાથી જાણે તેઓ પોતાની એક ફરજ અદા કરતા હતા કારણ કે આપણા બહાદુરનો ચેહેરો જોઈ ખચ્ચીતજ તેઓએ ધાર્યું કે તે મોટા માણસનો પુત્ર હતો અને તેઓની આ અટકલ ખરીજ હતી કારણ કે તે એક માતબર વેપારીનો છોકરો હતો પણ તેના રૂપ રંગ જોવા ઉપરથી આપણા ખેડુતની છોકરીના મનમાં તો કાંઇ જુદાજ ખ્યાલોએ પહેલી નજરથી ઘર કીધું અને તેણીએ એટલા થોડા વખતમાં કાંઇપણ કરવાને બાકી રાખ્યું હતું નહીં.

જો આપણો ખેડુત ગામડયો થોડીકવાર અગાઉ આવતે તો આવો આફતકારક બનાવ કદાચજ બનતે અગર જો તે થોકરની દરકાર ન કરતા ચાલી ગયો હતે તો કદાચ તે જુવાનીઆને વખતસરની મદદ ન મલવાથી કાંઇ વધારે ન ધારવા જોગ બન્યું હતે પણ ખુદરત પોતાનું કામ હરદમ છુપી રીતે કર્યા જાય છે કોઈ વખત માઠા બનાવોમાંથી કાંઈ જુદીજ તરાહનો ચમત્કાર કરી મેલે છે અને તેમજ કોઇ વેલા સારે વખતે બલાના વાદલ ગગરાવવાને પણ તે ચુકતો નથી.

પ્રકરણ બીજું તથા ત્રીજું.

"ખુસરો" અને "ખોરસેદ" તથા પ્યારનો ખુલાસો.

સહવારના પહોરમાં આપણો ગરીબ ગામડયો કે જેનું મુબારક નામ ખુસરો હતું તે રાબેતા કરતાં ઘણોજ અગાઉ ઉઠયો અને પોતાને લગતી સઘલી તૈયારીમાં મશગુલ થયો. ખુસરો આસરે પચાસ વરસની વયનો એક ઘરડો પણ મજબુત બાંધાનો ગામડયો હતો અને તેનો ખવાસ પણ ઘણો નમ્ર હતો તેની સદાની વહાલી અને તાબેદાર બેટી જેણીનું નામ ખોરસેદ હતું અને જેણીને નાઘલી વયથીજ ઘરના કામકાજની સઘલી કેલવણી આએ બાપે આપી હતી તેણી પણ પોતાના બાપ સંગાતે વહેલી ઉઠી ઘરના સઘલા કામકાજમાં વલગી પોતાનું કામ ઘણીજ સાડી પણ સ્વચ્છ રીતે બજાવતી હતી.

આ પ્રમાણે જ્યારે આ નાઘલું કુટુંબ પોતાના કામમાં વળગેલું હતું તેવામાં તેઓના કાનપર એક મધુર પણ ધીમો અવાજ પડયો "ઓ ખુદા હું કયાં છું."

આ અવાજ કોઇનોજ નહી પણ આપણા બહાદુરનો હતો. જેવો આ અવાજ સંભલાયો તેવાજ આ બાપ બેટી બન્ને જણ તેની ખાટલી ભણી દોડી પુગયા બાદ ખુશરોએ પુછયું "કેમ સાહેબ કાંઇ તમુને આરામ છે કે નહી?

પણ આ સવાલનો જવાબ આપવાને બદલે આપણા બહાદુરે ઉશકેરાઇ પુછયું "મને પેહેલાં કહો કે આ એકાંતવાસમાં મને લાવી કેદ નાખવામાં તમો શું મકશદ ધરાવો છો અને મને જવાબ આપો જે હું કયાં છું?"

આપણા ભલા ખુશરોએ તેના આવા કરડા બોલને તેની બીમારીથી આવતી તાપને લીધે સમજી તેને વધારે વાર ઉસકેરાવા ન દેતાં તુરતજ ગઇ સહાંજથી જે બન્યું હતું તે બરોબર કહી સમજાવ્યું.

આવી સમજ જ્યારે તેને બરોબર પડી ત્યારેજ તેને ધ્યાન આવ્યું જે તેની તરફ થયેલા કાંઇ કાવતરાંથી તે આ હાલતે પુગ્યો હતો અને ત્યાર પછી આ ગરીબ ગામડયાએ તેની એવી મમતાલુ સેવા બજાવી હતી અને જે ઉપલા બોલો વગર સમજણે કહી સંભલાવ્યા હતા તેને માટે તે હજારોહજાર માફ ચાહવા લાગ્યો.

આપણા બહાદુરને રાતની સારી ઉંઘથી ઘણોજ ફેર પડયો હતો અને તેથીજ તે ધોલીઆપર ઉઠીને જરા તતાર બેઠો. તેને એમ પોતાની બેઠક લીધા બાદ ઓરડાની ચારો તરફ નજર ફેંકી જોયું તો સઘલું સાફ અને સાદી ધપથી ગોઠવેલું માલમ પડયું.

એમ થોડી પલ જવા પછી તેને આપણા ગામડયાને પોતાનું નામ જણાવી પુછયું "મેહેરબાન સાહેબ તમારૂં નામ શું?"

"ખુસરો" ગામડયાએ જવાબ આપ્યો.

અને આ સામેની ખુરસી ઉપર જે બાઇ બેઠાં છે તે શું તમારા છોકરી થાય છે કે?

તેણીએ તુરતજ જવાબ આપ્યો "હા" હું એવણની છોકરી થાઉં છું અને મારૂં નામ ખોરસેદ છે.

ખોરસેદ બોલ બોલતાંજ જરા તેણીની છાતી ધપકી અને તેણીના મોહોંપર રતાશ ચઢી આવ્યો જે ફેરફાર આપણા બહાદુરને માલમ પડયા વીના રહયો નહી.

જ્યારે આપણા જંગીએ તેણીનું આવું સુંદર નામ અને તેણીનો આવો મધુર અવાજ સાંભલ્યો. ત્યારે કેટલીક રીતે પોતાનું દુઃખ વીસરી જઇ તેણીને નેહાલતો થોડો વાર બેસી રહયો જેથી તેણીનું દીલ અંદરથી ઘણુંજ ધડકવા લાગું. ખોરસેદ બાનુની વય સુમારે ઓગણીસ વરસની હતી અને તેણીનો ચેહેરો પતલો પણ ઘણોજ ગતમદાર અને શોહામનો હતો અને તેણીની ગરદન પણ તેણીની પીઠ ઉપર ઘણીજ સરસ રોણક આપતી હતી. આવી પરી સમાન ખોરસેદને જોઇને આપણા જંગીના હૈયામાં પણ "**પવીત્ર અને પાક-પ્યારે**" તુરતજ ઘર કીધું.

તે ત્યાર પછી પોતાના બીછાણામાંથી ઉઠીને ગરમ પાણી જે તેને માટે એક પાસેની નાની ઓરડીમાં મુકવામાં આવ્યું હતું તે વતી પોતાનું આંગ સેકવા ગયો. આવી રીતે અંગોલ કીધાથી તેના થાકેલા આંગને ઘણીજ કરાર વલી. ત્યાર પછી પોતાના પેદા કરનાર પાક - પરવરદેગારની એક ટુંકી બંદગી કરી (કે જેની તેને નાહનપણથીજ ટેવ પડી હતી) સાદા ખોરાકનો નાસતો જે તેને માટે તૈયાર કર્યો હતો તે લઇને ઝુપડાની બહાર એક નાની સીરીપર સામેના ઝાડોને જ્યાં સુર્યના તેજસ્વી કીરણો પડવાથી એક ઘણોજ દીલપસંદ દેખાવ થઇ રહયો હતો ત્યાં તે નીહાલતો બેઠો.

આસરે કલાક આઠનો અમલ થયો હતો અને એ સહવાર તેના પોતાના બાપના મકાનમાંથી શીકાર કરવા ગયો તેની બીજી હતી એટલે કે તેનો ઘરથી બહાર પડવાનો આ બીજો દીવસ હતો.

આપણો નામદાર ખુશરો પણ પોતાના કામપર પોતાના રાબેતાના વખતસર આ ઘાયલ થયલા બહાદુરને પોતાની દીકરી ખોરસેદની માયા ભરી સંભાલ હેઠલ મુકી ગયો હતો જે વખતે આપણો બહાદુર તુરતનોજ બહાર સીડીપર બેઠો હતો જ્યારે પેલી આપણી વારતાની રૂપસુંદરી ખોરસેદ ઝુપડાની અંદર પોતાના કામે વલગી હતી.

આસરે થોડાક કલાક ગયા પછી તેણી પોતાનું ઘરનું સઘલું કામ-કાજ ખલાસ કરી પોતે પણ આપણો બહાદુર જ્યાં બેઠો હતો ત્યાંની સામેની પાલપર જઇ બેઠી.

આપણા બહાદુરે કે જેના મગજમાં સહવારથી આ પરી સમાન ખુબસુરત ખોરસેદની ચીતાર ઠસી રહી હતી તેને જ્યારે તેણીનેજ પોતાની સામે બેઠેલી જોઇ ત્યારે તેની નસોમાં તુરતજ એક ઝુસ્સો ઉભાઇ આવ્યો જે જુસ્સો એક પવીત્ર પ્યારનો હતો અને જે ઝુસ્સો વધારે વાર ખમી ન શકતાં તેને નીચલી વાતચીતથી શાંત કીધો.

પેહેલાં તેને ખોરસેદ તરફથી કાંઇ આસપાસની ખબર પુછી અને ત્યાર પછી તેને એકાએક પુછયું " મેહેરબાન બાઇ શું આ ખુસરો ત્યારે તમારા સગા પીતાજી થાય છે ? "

ખોરસેદે લગાર શરમાઈ જઈ સવાલ કીધો "ત્યારે એવણ મારા બાવા નથી થતાં એવું સમજવાનું કારણ ?"

કારણ એટલુંજ કે એવણના ચેહેરાનો અને તમારા રૂપનો તફાવત આસમાન જેમ જમીનથી રાખે છે તેટલો છે અને જોકે એવણની ભલી લાગણી કેટલીક રીતે તમારી લાગણીઓને અનુસરતી થાય છે તો તેનું કારણ એટલુંજ જે એ ભલા ખુશરોને હાથથી કદાચ તમો પલાયા હોય અને તેજ પુરતું છે બહાદુરે જવાબ વાલ્યે.।

ખોરસેદે જવાબ દીધો હાજી તમોએ જે અટકલ કીધી છે તે તદનજ ખરી છે. એવન મારા બાવા નથી થતાં પણ તમોએ જેમ કહયું તેમ મારા પાલનહાર છે. આસરે અઢાર વરસ અગાઉ કે જ્યારે મારી ઉમ્મર આસરે છ માસની હતી ત્યારે મને કોઈ આ ઝુપડાની થોડેક દુર નાખી ગયું હતું અને આ ભલા ખુસરો જેવણને હું નાનપણથીજ બાવાજીનો એલકાબ આપતા શીખી છું તેવણ જ્યારે પોતાના કામથી ફારેગ થઇ પાછા ફરતા હતા ત્યારે તેવણના કાનપર કોઈના બાલકનો રડવાનો સાદ સંભલાયો. તુરતજ પોતાના ઝુપડા ભણી દોડી જઇ બતી લાવી જેમ તમારી શોધ હમોએ કીધી હતી તેમ ફરી મને ઉચકી લાવી પોતાના ઝુપડાંમાં આજ અઢાર વરસ સુધી રાખી પોતાની બેટી પેરે ઉધારી છે અને એ સઘલી વાતથી મને ખુશરોએજ વાકેફ કીધી છે અને એ સીવાય મારા મા તથા બાપ કોણ છે તે જાણવાને હજુર હું હીણભાગ્ય રહી ....આ બોલ બોલતાં આપણી ખોરસેદની આંખોમાંથી મોતી જેવા આસું ખરી તેણીના ગોલાબી ગાલોપરથી સરી તેણીના પરવાલા સમાન હોઠપર ઠરી નીચે પડતા આપણો બહાદુર કે જે ઘણીજ ગંભીરાઈથી સઘલું સાંભલતો હતો તેને જણાયા પણ તુરતજ તેણી પોતાના આસું લુછી નાંખી પાછું બોલવું શરૂ કીધું. આવા ભલા માણસે મને પોતાની વહાલી બેટી સમાન ઉછેરી જે સાદી પણ ગુણવાલી બુદ્ધી શીખવી છે તે માટે હું તે પરમ ઇશ્વરની માહા આભારી છું.

આપણો બહાદુર જે અતીઆર સુધી ધીરજ ભરી રીતે સઘલું સાંભલતો હતો તેને સઘલી ધીરજ ખોહી દઇ બસ પોતાનો પ્યાર આપણી

ખોરસેદને જણાવી દીધો જોકે તે અગાઉ તેને વીચાર કીધો હતો જે તેને બાપ આવી ગરીબડી બાપ મા વગરની છોકરી સહીત તેનો હાથ કબુલ રાખવાને કદી પણ પરવાનગી આપશે નહી તોપણ ભવીશમાં સઘલું દુઃખ ખમી પોતાનો પ્યાર આ ગરીબ પણ ખુબસુરત રૂપસુંદરીને આપવામાં ગોયા પોતે અતીઆરથીજ સુખ સમજતો હતો. તેને પોતે કોણ તથા કોણનો છોકરો તે સઘળી વાત કહી સંભલાવી પોતાના જીગરના સાચા પ્યારના પવીત્ર કોલથી બંધાઇ પોતાનો હાથ કબુલ રાખવાની અરજ કીધી અને અંતે પોતાની પ્યાર ભરી વાતથી તેને ખોરસેદનું દીલ જરા જીત્યું ખરૂં.

ભલા મરદ તમો મારી સાથ પરણી ત્યાર પછી જે જીંદગી ભોગવો અને તેમાં મારી ગરીબાઇથી તમારા માબાપના નામને ઝાંખ લાગે અને તેમાં તમારા જેવા એક ભલા અને ખુબસુરત જવાનને દુઃખ સહેવવું પડે એવું હું કદી પણ જોઇ શકવાની નથી. મારા માબાપ હૈયાત હશે કે પેલી જહાનમાં કુચ કરી ગયા હશે યા તેઓમાંથી જો એકપણ હૈયાત હોય તો તેઓ કયાં અને કેવી હાલતમાં હશે જે ખબર જાણવાને તે દાદગર દાવરે મને ખચ્ચીતજ બેનસીબ રાખી છે.

આપણા બહાદુરે જવાબ દીધો "વહાલી ખોરસેદ" (અને આ બોલ બોલવાની તેને પેહેલીજ છુટ લીધી હતી) જરા ધીરજ ધરો આસમાન પોતાનું ગુપ્ત કામ કર્યો ગયો છે અને કરશે અને ખોદા કરશે તો તમારા જનમનો ભેદ પણ તે ફરતો આસમાન જે પોતાના ચક્કરોમાં હજારોને ભચડી નાખે છે, ફકીરને તવંગર અને તવંગરને ફકીર એક સહેજ વારમાં કરી નાખે છે, તેજ પોતાના ચક્કરોમાં ભેદ ખુલ્લો કરશે પણ માત્ર હવે મને જવાબ આપો જે મારો હાથ તમો કબુલ રાખવાને રાજી છેઓ કે નહી જે "હા" અથવા "ના" નો જવાબ હું કાંઇ જાસતી અથવા જબરદસ્તીથી માંગતો નથી પણ તમારા ભોલાં અને ભલા દીલની ખરી પ્યાર ભરી લાગણીઓથીજ અને જે "હા" "ના"ના જવાબ પર હવે પછીની મારી સઘલી જીંદગી લટકી રહેશે.

આ ભલી ખોરસેદે, જેણીની છાતી હવે હર્ષથી ધ્રુજતી હતી તેણીએ બોલ વતી નહી, પણ પોતાના ચેહેરા અને આંખના પલકારાઓથી આશાવંત જવાબ વાલ્યો અલબત જે કામ તેણી ખુશરોને પુછી બહાલી લીધા પછી કરવા કહ્યું.

આ ઉપરથી આપણો બહાદુર એટલો તો હરખાઇ ગયો જે પોતે ધાયલ થયેલો હતો તેનાથી થતા દુઃખને તદનજ ભુલી જઇ તેણીની ભણી દોડી તેણીના પગ આગલ ગુઠણ મંડીએ પડી તેણીના બરફ જેવા સફેદ અને મખમલ જેવા સુવાલા હાથોપર (કે જે હાથો તેણીએ કાંઈપણ આનાકાની કર્યા વગર લંબાવ્યા) પ્યાર ભરી ચુમ્મીઓ લઇ વધાવી પોતાની આંખમાં ધણોક વાર દાબી રાખ્યા જેમ કીધાથી તેનું હૈયું શાંત થયું અને આજથી તેઓ લગનના પવીત્ર કોલથી બંધાયા ત્યાર પછી તેઓ એકમેકથી છુટાં પડયા. ખોરસેદ પોતાના કામને સર ઝુપડામાં ગઇ અને આપણો બહાદુર વીચારમા ને વીચારમાંજ ત્યાંજ બેસી રહયો.

પ્રકરણ ચોથું.

પવીત્ર માંગણી અને તેની બહાલી.

ખોરસેદના ઝુપડાંમાં જવા પછી એકાએક તેને નામવર ખુશરોએ કહેલી વાત યાદ આવી અને મનસે વીચારવા લાગ્યો જે પેલા નીચ હીચકારાઓ કોણ હશે મને કોઈ સાથ દુશમની તો છેજ નહી અને હું અહીંઆના લોકોને હજી જાજો પીછાનતો પણ નથી તો પછી તેઓમાંના કદાચ કોઈએ મને શું કામ હેરાંન કીધો હતો. મારૂં માથું અફલાઈને તેમાંથી લોહી નીકલતાં હું બેભાન ન થયો હોત તો ખચ્ચીતજ તે ધાતકી કરપીનોએ કદાચ પોતાના બદ કરમનો છેડો આણવાને ખાતર મને તે જહાનમાં પહોચાડી દીધો હોત પણ મને મુવેલો સમજી તેઓએ કાંઇ વધુ કીધું નહી. એ નીચ કર્મ કરનારાઓને કોઈને પણ જણાવ્યા વગર

મોડે યા વેહેલે શોધી કહાડી એઓને એઓના પાપની ઘટતી સજાએ પુગાડીશ અને જો તેઓ મારી શોધમાં નહી સપડાસે તો તે દાદગર દાવર જે હમેશ નીરદોષની જાલવણી કરે છે તેજ તેઓના ખુરા કૃત્યમાં સાપડી તેઓને તેઓના કપતી કામની સજાએ પુગાડશે. સહાંજના આપણા ખુશરોનો ઘેર આવવાનો વખત થયો ત્યાંસુધી કાંઈ જાણવાજોગ બન્યું નહી.

આપણા ગુણવંત બહાદુરે આગળથી વીચાર કરી રાખ્યો હતો જે તેને પોતાનો પોતાની વહાલી ખોરશેદ સહીતનો પ્યાર આ તેણીના બુજરોગ પીતાને જણાવવો અને તેવણુની રજા મલવાથી વધુ આશામાં રહેવું.

અંતે આપરો ખુશરો આવી પુગો. આવતાં વાર તેને બહાદુરને પુછ્યું "સાહેબ તમો શું આખો દીવસ બહારજ બેઠા હતા?"

તેને જવાબ આપ્યો "હા, મેહેરબાન બહાર બેસી આસપાસનો દેખાવ જોતા અને થંડો પવન પણ આવ્યાથી હું તદનજ સાહાજો થયોછું."

આ જવાબથી ખુશરો ખુશ થઇ પોતાના ઝુપડામાં દાખલ થયો અને પગ પર આખ્ખા દીવશની સખત મેહેનતથી ચઢેલી ધુલ પાણીવતી સાફ કરી બહાર પોતાના થાકેલા બદનને આરામ આપવા ઓટલાપર આપણા બહાદુર જયાં બેઠો હતો ત્યાં આવીને બેઠો.

આખરે આપણા દેલેરે ધારી રાખેલી વાત છેડી અને જેમાં તેને ખોરસેદના હાથની માગણી કરી જે અગાઉ આપણાં ખુશરોને સઘલી બીનાથી તેની વહાલી દીકરીએ આવતા વાર વાકેફ કીધો હતો અને જે વખતે આપણો બહાદુર બહારજ બેઠેલો હતો.

આ સાંભલતાં ખુસરોએ પોતાની દોક જાણે અજાયેબીથી ઉંચી કીધી હોય તેમ કરી આપણા બહાદુર સામે તગર તગર જોઇ બોલ્યો "મેહેરબાન સાહેબ આ માગણી તમો તમારાં ખરા અંતઃકરણથી કરો છો કે કેમ."

તેને જવાબ આપ્યો "મારા દીલમાં જે જે વીચારો હાલ ઉતપન થયા છે અને જે અરજ મેં કીધી છે તે એક ખરીજ પવીત્રતાઇથી છે જે મારો ખોદાજ માત્ર જાણી શકે છે."

ખુશરો બોલ્યો "પણ ત્યારે શું આ મારી ગરીબ ગામડીઅન છોકરીને તમારા માબાપ તમારી સાથે પરણવા દેશે જોકે આ અગાઉ તમો તદનજ વાકેફ થયેલા છેઓ જે હું ખોરસેદનો બાપ નથી પણ મારે હવે વધુ વખત જીવવાનો રહયો નથી અને તેથી મારી છોકરી પેરે ઉછેરી મારી વહાલી ખોરસેદને મોટી કીધી છે તો મારે હવે તેણીનું તેણીના ભવીશના ભરથાર સાથનું સુખ જોવું જોઇએ.

તમારી છોકરીને સુખ દેખાડવાને હું તે પાક દાદગર દાવરના કસમથી બંધાવું છું ગમે તે આપ્ત આવે ગમે તેવાં સંકટો સહેવશ મારા બાપના વારસાની એક પઈથી પણ વેગલો રેહું તોપણ મારી વહાલી ખોરસેદને હું કદી પણ તજી દેવશ નહી. પ્રીય વાંચનાર ! આએ બોલો તેના ખરાજ હતા જેથી ખુશરોએ ખોરશેદ સાથ તેનો હાથ ભવીશમાં જોડાવાની રજા આપી.

ત્યારપછી તેઓએ અરસપરસ કાંઈ રમુજી વાતો કરી ત્રણે જણાઓએ સાથે બેસી જમણ કર્યું. આ જગાએ મારે કેહેવું જોઇએ આપણા બહાદુરે ખુશરો અને ખોરસેદને પોતાની મા માત્ર છેલાં ત્રણજ વરસ થયાં હતાં મરણ પામી હતી તે વીશે વાકેફ કીધા હતા કે જે વખતે આપણો બહાદુર "બી. એ."ની પહેલી પરીક્ષાનો અભીઆસ કરતો હતો અને પોતાની માના મરણના બીજા વરસે તેને "બી. એ."ની બીજી દીગરીની પરીક્ષા પસાર કરી પોતાના બાપના આ સુરત શેહેરના બાદશાહી બંગલામાં પોતાનો વખત છેલ્લા એક વરસમાં અમનચમનમાં ગુજારતો હતો. પોતાના બાપની અખુટ દોલતને લીધે જો કદાચ તે ધારતે તો આગલ ન શીખતે પણ તેનું શીખવા પાછલ ઘણું મન હતું અને તેથીજ તેને તે પોતાના જ્ઞાનને થોડુંક સંપુરણ કરવા સારૂ આટલી મેહેનત લઈ તે બી.એ. થયો હતો.

આપણો બહાદુર જહાંગીર જે હવે તદનજ ખુશી ભરી હાલતમાં હતો તેને હવે એક રાત વધુ આ ઝુપડીનો આશરો લઇ સહવારમાં ચાલી જવાનો ઠેડાવ કીધો હતો. રાત વીતી અને સહવાર પડી ખુશી ભરી હાલતે આપણો બહાદુર જહાંગીર ખુશરો તથા ખોરશેદની પરવાનગી લઇ પોતાના મકાન ભણી ચાલ્યો. અલબત તેને એકદમ આવી મજાહમાંથી

છુટા થતાં ઘણું લાગ્યું ભલા વાચનાર જે વખતે આ બનાવ હયા બન્યો તેજ વખતે આપણા જહાંગીરના પોતાના બાપીકા મકાનમાં કાંઈ જુદીજ રીતનો બનાવ બનતો હતો જે જ્યારે તું જાણશે ત્યારે ખચ્ચીતજ તેમાં સામેલ થયેલા મુખ્ય માણસને માટે દલગીરી બતાવ્યા વીના રહેશે નહી જે હવે તુંને નીચલા પ્રકરણ પરથી માલમ પડશે માટે હવે આપણો બહાદુર સહવાર પડે ને કુચ કરી જાય ત્યાંથી વાતનો છેડો પડતો મેલી જે બનાવ બીજી તરફ બન્યો હતો ત્યાં આપણે ઉતાવલે જઇશું.

પ્રકરણ પાંચમું.

શુરત શેહેર "શોરાબ વીલા."

બેહેરામશાહ અને શોરાબશાહ.

સુરત શેહેરના એક વીશાલ ભાગમાં એક બંગલો ઘણોજ સોભાયમાન રીતથી બાંધેલો હતો. બંગલા તરપ જતાં એક મોટો દરવાજો બાહેરથી થોડોક ચીતાર આપતો હતો. આગલથી એક નાનો ફુવારો હતો જેમાંથી સાંજને વખતે પાણી પડી ફુવારાની માંહેના જીના વેલાઓની જગાઓમાં પડતું એક જોનારની આંખને ખુબ તાધક આપતું હતું. એ ફુવારાની બેઉ સામેની બાજુએ ચોક્કસ અંતરે સુંદર કયારાઓ માલીઓની સારી જતન હેઠલ દીપી નીકલતા હતા. આ કયારાઓ પાસે નાના નાના લોખંડના સુંદર બાંકો મેલવામાં આવ્યા હતા અને આણીગમ પેલીગમ ફુલોના ઝાડો પોતાના પાડદાંપર રંગરંગના ફુલો ખીલવી ગોયા તેઓના જોનારને આવકાર દેતા હતા. બંગલાની ત્રણ બાજુએ બાગ લંબાયો હતો અને પાછલી બાજુએથી એક વાડ ભરી લઈ નાનો દરવાજો કરવામાં આવ્યો હતો કે જે દરવાજો પણ કાંટાનો બનાવવામાં આવ્યો હતો અને જે તરફથી બાગની પાછલ થોડેક દુર આવેલી એક નદીપર જવાતું હતું.

માટે ભાઇ ધ્યાન રાખવું જે બંગલામાં જવાના બે રસ્તા હતા. જેમાંનો પાછલો થોડોજ વપડાશમાં હતો. આ બંગલાને એક બાર હતો. જેને આસપાસ ફરતી લોખંડની ફેન્સી ગેલરીથી ઘેરી લેવામાં આવ્યો હતો. આ બંગલાનું નામ "સોરાબ વીલા" કરી હતું અને આ નામ પણ બંગલાના ધણીને અનુકુલ થતું હતું જેટલી વખાણ કરીએ તેટલી થોડી છે પણ હવે આપણ બંગલામાં શું થાય છે તથા તેનો ધણી કોણ છે તે જાણવા પાછલ તુરત જઇશું.

આ મકાનમાં હેઠલા આગલા હોલમાં પેસતાજ દાબી બાજુએ એક ફરતો મોટો પથ્થરનો દાદર હતો જેને ફરતા પીતલના કતેરાઓ હતા માલ ઉપર જતાં દાદરની સામેજ એક ચોક જણાતો હતો જેણી દાબી બાજુએ બે ઓરડા આવેલા હતા. આ ઓરડામાં તરેહવાર જાતનું ફરનીચર તથા વોલ શેડો ભીતે તાંગેલા હતા. જમણી બાજુએ પણ બે ઓરડા હતા જે દાબી બાજુના ઓરડાઓ કરતાં નાંધલા હતા કારણ કે તે ઓરડાઓની વચમાં એક ચાલ દાદરની ચાલને લગતી હતી જે ચાલમાંથી જતા એક મોટા ઓરડામાં જવાતું હતું. આ હોલની વચ્ચે સુંદર ગલીચસહીત એક ટેબલ મુકવામાં આવી સીલીંગપર એક મોટું ઝુમ્મર ટાંગેલું હતું. ઓરડાની ચારો બાજુપર ફરતી નકસીદાર ખુરસીચેરો તથા સોફાઓ અને સુંદર નકસીદાર ટેબલો હતી. ટેબલોપર ઉંચી કારીગીરી અને ઘણુાજ કીમતી પથ્થરના પુતલાંઓ સુંદર ગલીચાપર ગોઠવવામાં આવ્યા હતા. ટુંકમાં આ અઇવાન એક ઉમરાવને છાજતી ધપથી ગોઠવવામાં આવ્યો હતો અને ખચ્ચીતજ તેનો ધણી પણ એક ઉમરાવના જેટલીજ મોજમજાહ ભોગવતો હતો.

આ ઓરડાની એક બાજુએ એક સુંદર ઉંચા કોચપર બે ઉમ્મરે પુગેલા પુરૂષો બેઠેલા હતા જેઓની ઉમ્મર લગભગ એકસરખી હતી.

• કોચની એક બાજુએ જે ધણી બેઠેલો હતો તે આએ ઉપલા દરસાવેલા મકાનના ધણી શેઠ શેરાબશાહ શેહબર હતા અને તેવણુની સામે બેઠેલા તેવણુની સુરતની મોટામાં મોટી પહેડીના વડા ભાગ્યા હતા જેવણ વૈસેતકે મોટા એટલુંજ નહી પણ એક બે વરસથી પણ મોટા હતા.

આ બંગલાના ધણી સોરાબશાહ ભોલા અને વીચારવંત નર હતા અને તેવણ સ્વભાવે પણ રાંક હતા અને ગરીબપર ચાહ દેખાડનાર હતા. તેવણની ઉમ્મર આસરે પચાસ વરસની હતી જ્યારે તેવણની સામે બેઠેલા તેવનના ભાગ્યા બેહરામશાહ માત્ર બે વરસ તેવણથી મોટા હતા એટલે કે તેવણની ઉમ્મર વરસ બાવનની હતી. આ બેહરામશાહ તુંદ મીજાજી અને કરડા સ્વભાવના હતા અને કોઇ ગરીબનું સારૂં થાય એવા કામમાં પડવા બીલકુલ નાલાયેક હતા કારણ કે પૈશાના તેવણ લોભી હતા.

બેહેરામશાહનું પોતાના ભાગ્યા સોરાબશાહના ઘરમાં આવવાનું કારણ એ હતું જે સોરાબશાહ આગલે દીવસે શીક હોવાના સબબથી પેહેડીપર ગયા ન હતા જે કારણસર તેવણ મલવા આવ્યા હતા.

આવતાંવાર પોતાની કામકાજની વાત કરવા પછી એકાએક બેહેરા-મશાહ બોલ્યા "ભાઈ સોરાબશાહ આજ તમારો જહાંગીર કાંઇ માલમ પડતો નથી." વાંચનાર આ જહાંગીર કે જેને વીશે બહેરામશાહ પુછતા હતા તે શેઠ સોરાબશાહનો એકપુરો છોકરો હતો.

સોરાબશાહે જવાબ દીધો "મારો જહાંગીર તો આજ બે દીવસ થયા ફરવા ગયો છે."

"સોરાબશાહ! તમારો જહાંગીર એલફીનસ્તન કોલજમાંથી બી.એ.ની પરીક્ષા પસાર કરી આવ્યો તેને આજ લગભગ એક વરસ થયું છે એ તમારૂં એકજપુરૂં ફરજંદ છે માટે એના હવે એક સારે ઘર લગન કરી તમોને તમારા વહુદીકરાં સહીત તમારો બુધાપાનો વખત મોજશોખમાં ગુજારવો જોઇએ" એમ બહેરામશાહ બોલ્યા.

સોરાબશાહે જવાબ દીધો "મારી વહાલી મોહોરદાર નવાજનાં મરણ પછી મારી હાલત પણ લઠડતી ચાલે છે માટે મેં પણ એ મારા એકપુરા તાબેદાર અને રાંક છોકરાને સારે ઘરની એક ગુણવંત છોકરી શોધી કહાડી પરણાવવાનો વીચાર કીધો છે."

"ત્યારે ખોટી શાની છે" બેહેરામશાહ બોલ્યા.

સોરાબશાહે જવાબ દીધો "ખોટી માત્ર એટલીજ કે એવી સદગુણી અને ઉંચ વંશની છોકરી મલે ત્યાંસુધી મારે થોભવુંજ જોઈએ."

"તેપણ મેલવી શકાશે અને ઘરને મેલે આપણી સઘલી દોલત પણ જલવાઇ રહેશે" બેહેરામશાહે કહ્યું.

સોરાબશાહ લગાર ઉંચા થઈ બોલ્યા "ભાઇ તમો એવું ભેદ ભર્યું શું બોલો છો ઘરની દોલત ઘરમાં સચવાઈ રહેશે એટલે શું?"

"એટલે એ કે મારી એકપુરી છોકરી જર સાથે તમારા છોકરા જહાંગીરની સેહાદી કરવી જેથી મેં કહ્યું તેમ આપણી સઘલી દોલત બહાર જશે નહી અને તેઓ આવી આપણી પાર વનાની દોલતથી બેવડું સુખ ભોગવવાને સામર્થવાન થશે." બહેરામશાહે જવાબ દીધો.

સોરાબશાહ કે જેવણે પોતાના આ ભાગ્યા તરફથી આવી માગણીની સ્વપને પણ આશા રાખી ન હતી તેવણ લગાર ગંભીરાઈથી બોલ્યા "ભાઈ બેહેરામશા તમો આજ મારી માંદગીમાં દીલાસાને બદલે મારી મસકેરી કરી મારા દુઃખમાં ભાગ લેવાને બદલે ઉમેરો કરવા આવ્યા છો કે કેમ?"

"ના ભાઈ તમો એટલા ગરમ ના થાવો" બહેરામશાહ અટકાવ કરી બોલ્યા "જે માંગણી મેં કીધી છે તે ખરીજ અને નહી કે ખોટી છે. આજ કેટલું થયું હું મારા મનથી એવી દરખાસ્તને માટે વીચારજ કરતો હતો અને અંતે મે આજે તે વીશે પુરતો વીચાર કરી તમારી આગલ તે માંગણી રજુ કીધી છે. મેં એની આગમજ ધાર્યું હતે જે તમો મસકેરી માનસો તો તમારૂં દુઃખી જીગર એવી મજાકથી દુખવવાને એક પળ પણ વેગલો રહેતે."

સોરાબશાહ પોતાના ભાગ્યાના આ બોલો સાંભલી તદનજ શાંત થયા અને તેવણ પાસ માફ માગવા લાગ્યા અને કહેવા લાગ્યા. "તમોએ જે માગણી કીધી છે તે હું મારા છોકરાને બીનપુછવે કબુલ રાખું છું જે છોકરો મારો સદાનો ફરમાનબરદાર તાબેદાર તે મારાથી જ્યારે તમારી છોકરી જર સાથ સેહાદી કરવાની તમારી માગણીની ખબર જાણશે ત્યારે તે તદનજ ખુશી થશે માટે એકવાર ફરીથી મારા છોકરાનો હાથ તમારી છોકરીને આપી લગનના પવીત્ર ગાંઠથી બંધાવવાની માગણી હું માન સહીત કબુલ રાખું છું."

બેહેરામશાહે વચ્ચે પડી કહયું " અને તમોએ મારી દરખાસ્ત વગર આંચકી ખાવે કબુલ રાખીછે તેને માટે હું તમારો ઘણોજ આભારી છું માટે હવે આપણે આપણા પોત પોતીકાં મકાનમાં આપણા છોકરાંઓની સેહાદીનો દીવસ આવે ત્યાંસુધી ધામધુમ ચલાવીશું અને આજથી એક મહીનામાં આપણે આ સુભ કામની ફરજ અદા કરવાને લુપ્ત થઈશું." આ પછી બન્ને જણે દારૂ મંગાવી પોતાના વહાલા ફરજંદોની તેઓની ગેરહાજરી દરમ્યાન સલામતી ચાહી એકમેકથી છુટા પડયાં.

શોરાબશાહ પોતાનાં ભાગ્યા બેહેરામશાહને છેક ઓટલાની સીરી વેર મુકવા ગયા, અને તેવણને મુકી આવી પાછા પોતાના ઓરડામાં વીચાર કરવા બેઠા. "યા ખોદા આ કેવો ખુશાલી ભર્યો વખત જે આવા મીજાસી તુંદ માણસથી મેં કદી પણ એવી અરજની વકી રાખી ન હતી. તેને પોતેજ મારા મકાનમાં ચાલ્યો આવી એવી અરજ કીધી એ ખુદા એ સઘલુ તુંજ કરે છે." શોરાબશાહ પોતાના આ ન ધારેલા બનાવથી એટલા તો ખુશ થઈ ગયા હતા જે પોતાનું દુ:ખ લગભગ તદનજ ભુલી ગયા હતા પણ તેવણ થોડુંજ જાણતા હતા જે જયારે તેવણની આ ખુશ ખબર પોતાનો છોકરો જાણશે ત્યારે તે બીચારો કેટલો દુખી થશે.

અરેરે માબાપો તેઓના છોકરાંને પુછવા પરછવા વગર અને તેઓની મરજીનો સાર લીધા વીના પોતાની ખુશીને લીધે કેવા કુવામાં પડેછે અને તેઓ માટે લગનના કોલકરારથી પણ બંધાય છે, પણ તે અગાઉ તે બીચારાંને થોડોજ ખ્યાલ રહેછે, જે તેઓ કેવી આફતમાં આવી પડશે અને કદાચ જો તેઓ જાસતી ગુજારી પોતાના છોકરાંઓને તેમ કરવાની ફરજ પાડેછે. ત્યારે તે બીચારા પ્યાર વગરના નીરદોષ પરણનારને કેટલું સેહેવું પડે જેનો ખ્યાલ એક વગર અનુભવીને કદાચજ આવશે. ત્યાર પછી સોરાબશાહ નીરાંતે સુઇ ગયા. વાંચનાર તું ધારશે જે શોરાબશાહ પોતાનો છોકરો જાહાંગીર આજ બે દીવશ થયા બહાર હતો તેને માટે શું કાંઈ પણ ચીંતા રાખતા ન હતા પણ તેવણનો પોતાના વહાલા ફરજંદ પર પુરતો વીશવાશ હતો, અને તેની વારંવારની ગેરહાજરી માટે કાઇ પણ વાંધો લેતા ન હતા.

પ્રકરણ છઠું.

જહાંગીર અને શેરાબશાહ.

જહાંગીરની ગમગીની.

આખ્ખી રાત આપણા સોરાબશાહ શેઠને સારી ઉંઘ આવી હતી અને સહવારે પોતે ખુશ ચેહેરે ઓરડાની બારી આગલ બહાર અગાસી તરફ મોઢું કરી કાંઇક વીચારમાં બેઠા હતા અને કાંઈ બોલતા હતા (તેવણના ઓરડાનું બારણું જે તેવણ થોડીક વાર અગાઉ બંધ કરી બેઠા હતા તે ખખડયું પણ તેવણ ગઈ સહાંજના બનાવથી એટલાતો વીચારમાં ગરક થઈ ગયા હતા, જે તે બારણાનો ખખડાત તો નહી સમજ્યો પણ તેવણની પીઠ પાછલ કોણ આવી ઉભું હતું તે વતીક પણ તેવણ જાણતા ન હતા.)

"હા મારો જહાંગીર આવશે અને જ્યારે એના જર સાથના લગનની વાત કહેવશ ત્યારે ખરેજ તે બહુ ખુશી થશે."

આ બોલો જયારે તેવણની પાછલ ઉભા રહેલા સખસે સમજ્યા ત્યારે તેની છાતી ભારે ગભરાતથી ધ્રુજવા લાગી અને મનથી બોલ્યો "યા ખુદા આ ભેદભર્યું હું શું સાભલુ છું." પણ તુરતજ ધીરજ ધરી આગલ આવી કહયું. "કેમ બાવાજી કેમ છો. કોણ જહાંગીર!" શોરાબશાહ બોલ્યા.

વાંચનાર જે જવાન તેવણની પાછલ ઉભો હતો અને જેને સોરાબશાહને બોલતાં સાંભલ્યા હતા તે જવાન તેવણનો એકપુરો છોકરો હતો જેને આપણી વારતાના આગલા પ્રકરણોમાં બહાદુર જહાંગીરને નામે ઓલખતાં શીખ્યા હતા.

જહાંગીર બોલ બોલતાંજ શોરાબશાહની નજર તેના માથાપર બાંધેલા પાટાપર પડી અને નજર પડતાંજ ગભરાઈ જઈ પુછયું "કેમ વહાલા જહાંગીર આ શું કરી આવ્યો અને એ લોહીના દાગ કયાંથી. હું ધારૂછું તેમ તુંએ કોઇ સાથે મારામારી તો કીધીજ ન હોય."

જહાંગીરે જવાબ આપ્યો. "મેહેરબાન બાવાજી કાંઇ ગભરાવા જેવું છે નહી, ધીરજ ધરો. પરમ દીને સહાંજનાં શીકારેથી આવતાં મારા ઘોડાએ એક પથરાથી જબરી ઠોકર ખાધી અને તરતજ ઘોડાપરથી હું ઉંધે મસતક નીચે પડયો. મારૂ માંથુ જરા જખમી થઇ લોહીથી વેહેતું થયું અને હું ત્યાંથી થોડેક દુર જયાં એક ઝુપડું આવેલું હતું ત્યાં જઇ આજ બે દીવશ થયા આસરો લીધો હતો.

એવુ ધારીને જે તુરત તમો પાસ આવતે તો તમો ઘણાજ ગભરાઈ જતે.

આ જુઠું બોલતાં તેને આંચકી ખાધી હતી પણ તેમ કર્યા વગર ચાલ્યુંજ નહીં.

"જહાંગીર ! મારા સદાના વહાલા અને માનવંત બેટા **જહાંગીર**" શેઠ સોરાબશાહ બોલ્યા "એવી જોખમ ભરી શેકારની રમતમાં તું તારો પ્યારો જીવ કોઈ દીવસ ગુમાવશે અને તેથી તારા બુઢા બાપને બુઢાપાના વખતમાં ભારે આફતમાં નાંખશે તેનો તો કાંઇ ખ્યાલ કર માટે હવેથી મારી શીખામણ માની એ શોખથી તું દુરજ રહે એ સીવાય રમતગમત કરવાને શું તને બીજાં સાધણો નથી ! તુંને જોઈએ તો બહાર ગામેગામ ફર કાંઈ નવુંજુનું જોઈ આવ પણ એ રમતથી તું ખોદાને ખાતર દુરજ રહે."

જહાંગીરે જવાબ દીધો "બાવાજી મારો એ રમતમાં એટલો તો શોખ વધ્યો છે જે મારાથી હવે પાછું ફરાતું નથી પણ તમારી કહેલી શીખામણને માન્ય કરી હું થોડા થોડા દીવસે જવશ કારણ કે 'બાવાજી' કોઇપણ જાતની ટેવ એકદમ મુકી દેવાતી નથી."

"વારૂ બાવાજી હમણા હું આવ્યો ત્યારે તમો કાંઈ ઘણાજ ઉંડા વીચારમાં મસગુલ હતા. શું કાંઇ પેહેડી વીશે હોય તો મને ખુલાસો કરો કે હું જઈને હીસાબ તપાસું" જહાંગીરે વાત ફેરવી નાખી "હા ખરેજ હું વીચારમાં હતો." સોરાબશાહે જવાબ આપ્યો જહાંગીરે પુછ્યું "અને તે વીચાર."

"તે વીચાર મારી પેહેડીના હીસાબનો નહી પણ તારા પોતાનેજ માટે" સોરાબશાહ બોલ્યા "એટલે કે તને સારે ઘર પરણાવવા માટે."

જહાંગીરે જવાબ દીધો "બાવાજી તમો આજે એ ગાંડુ ગાંડુ શું બોલો છો પરણાવવાનું શું અને વાત શાની હજી તો મારી વય ઘણીજ નાહની છે વાસતે બાવાજી હાલ તુરત તો મારી નાની વયથી મારે ગલે તોક ઓરવવાનો વીચાર તમારા મનમાંથી કહાડી નાંખો મોડે વેહેલે સૌ થઇ રહેશે કાંઇ બીજી વાત કરો."

"જહાંગીર!" સોરાબશાહ ગુસ્સાથી બોલ્યા "આ ન ધારેલા તારા નાદાન્યત વીચારથી શું મારા એકવારના ખુશી થયેલા જીગરને કચડી નાખવા માગે છે કે? અને તું મારા બોલને નાફરમાન થશે એવું મેં આજ દીન સુધી જાણ્યું હતે તો જે માગણી બીજાથી મને કરવામાં આવી છે તે માગણી હું કબુલ કરતેજ નહી માટે તારી ઉપર મારો પુરતો ભરૂસો રાખી જે માગણીનો પવીત્ર કોલ મેં આપ્યો છે તે હું કદીપણ રદ કરવાનો નથી. અને જો તેમ કરવાની મને ફરજ પાડશે તો મનમાં ખુબ યાદ રાખજે કે તુંને મારા ઘરમાંથી બહાર કહાડી મેલીશ એટલુંજ નહી પણ મારી સઘળી દોલત તથા માલમીલકત ધરમના કામમાં આપી દઈ તને વખુતો કરી મેલી હું મારી જીંદગીનો અંત લાવવાને પણ ચુકીશ નહી."

જહાંગીર આ ન ધારેલા બોલથી જે તદન દગઈ ગયો તેને હવે હીમ્મત ધરી કહ્યું. "વહાલા બાવાજી આટલા બધા ગુસ્સાને માટે તમારો બેટો તદનજ નાલાયક છે અને મારા બોલવાથી તમોને ગુસ્સો ઉપજશે એ જો હું જાણતે તો ખચ્ચીતજ તમારૂં દીલ નહી દુખવતે વારૂં પણ કહો તો ખરા જે કોણની સાથ મારા લગન કરવાના છેઓ."

'કોણની સાથ' સોરાબશાહ દમામમાંજ બોલ્યા "પેલા મારી પેહેડીના વડા અને માતબર ભાગ્યા બેહેરામશાહની એકપુરી દીકરી જર સાથ."

જર કે જેણીને આપણો હીણભાગ્ય જહાંગીર માત્ર નામથીજ ઓલખતો હતો અને જેણીની સીકલ તેને કોઇપણ દીવસે જોઇ ન હતી તે નામ સાંભલતાંજ તેનું ચીત ફરવા લાગ્યું. હવેજ તેને ખ્યાલ આવ્યો જે પેલી નીરદોષ માબાપ વગરની તેની વહાલી ખોરસેદનું શું થશે તેના પોતાના બાપને તાબેદાર રહેવાની તો એક ફરજજ માનતો હતો અને તેમ નહી કરવાને એક મોટામાં મોટું પાપ સમજતો હતો. તે રદમસ

જેવો થઇ ગયો અને પોતાનું તો નહી પણ તેની વાહાલી ખોરસેદનું જીગર કેવું ચકડાઇ જશે તેનો ખ્યાલ વટીક કરી કેમ શકાય.

સોરાબશાહ જેવણ પોતાના છોકરા ભણી તગર તગર જોયા કરતા હતા તેવણે જ્યારે તેના મોઢાંપર એવો ફીકાશ પંથરાયેલો જોયો ત્યારે તુરતજ ઉઠી ઓરડાની બહાર જતી વખતે કહી ગયા "જહાંગીર એ વાતપર તું ખુબ ધ્યાનથી વીચાર કર, આવી માતબર છોકરીનું નામ સાંભલતાં અને તેણીની સાથ લગનથી જોડાતાં તારે ખુશી થવું જોઈએ તેને બદલે તો હું તને ગમખાર થતો જોઉં છું માટે એમાં કાંઇપણ ભરમ જેવું લાગે છે. હું નહીં ધારતો હતો જે તું એવો નીવડશે. આજથી હું તને ત્રણ દીવસની રજા આપું છું જે દીવસમાં મને ના અથવા હાનો જવાબ મળવો જોઇએ. "હા"ના જવાબથી આ ઘરમાં કેવી ખુશાલી અને "ના"ના જવાબથી કેવો ભયંકાર બનાવ બનશે તે જોવાને સાવધ રહેજે."

પોતાના બાપના જવા પછી જહાંગીર પોતાને એખલો જોઇ ખુબ રડવા લાગ્યો. આ ખુદરતી પડતા પ્રવાહી પદાર્થથી તેના દીલપરનો ગમખારીનો બોજો થોડોક કમી થયો અને ત્યાર પછી પોતાના આસું લુછી નાખી પોતાનું મગજ શાંત કરી જેજે પોતાપર આજ તણ દીવશ થયા વીત્યું હતું તે બરાબર નવેસરથી યાદ કરી વીચાર કરવા બેઠો. આખરે તેને એકજ વીચાર સુજ પડયો. તણ દીવશ પુરા થયા બાદ યા અગાઉ પોતાના બાપ પાસે જઈ માંફ માગી તેવણના જવાબનો સવાલ હાના બોલોમાં આપી તેવણનું ઉસકેરાયેલુ જીગર ખુશી કરવું અને ત્યાર પછી જે વીચાર આરંભ્યો હતો તે બનતી જડપ અને સબુરી સહી અમલમાં લાવવાનો ઠેડાવ કીધો અને જે વીચારમાં તેની ખોરસેદ એકદીલ થાય તો પછી કાંઈ રહે નહી.

આખ્ખો દીવશ આ બાપ બેટા એકમેકથી છુતા પડી આખરે રાત્રે પણ જુદાજ રહી પોતાના ઓરડાઓમાંજ ખાણું લીધું અને ખાવાનું તો તેમણે ગમેજ કયાંથી. એક તરફથી સોરાબશાહ જયારે પોતાનાં છોકરાના આસા વગરના જવાબથી તદનજ નાઉમેદ થઈ ગયા હતા અને કદાચ

તેવણુનો છોકરો "ના" નોજ જવાબ વાલે તો પછી પેલો બેહેરામશાહ તેવણુ પર કેટલું વેર લેય અને કેવા માઠા પરીણામ નીપજે જ્યારે બીજી તરફથી બીચારા જહાંગીરને આ ન ધારેલા તેના કીસમતના ફટકાથી અતીસ્ય થતા દુઃખને લીધે કાંઇ ખાવા ગમતુંજ ન હતું ત્યાર પછી પણ છુટાજ રહી કાંઈ ખાધું ન ખાધું કરી પોતાના વીચારોમાં ને વીચારોમાંજ ભવીશમાં જે થાય તે ખરૂં એવો વીચાર કરી પોતાના ઓરડામાં સુઈ ગયા.

પ્રકરણ સાતમું.

બેહેરામશાહ અને જર.

જરનું ગમખાર બનવું.

બેહેરામશાહ પોતાના મીત્ર શેરાબશાહના મકાનમાંથી નીકલી પોતાની ગાડીમાં બેસી પોતાને બંગલે ગયા. રાત પડી જવાથી તેવણુ તે વેલાતો ખાઇને સુઇ ગયા અને સહવાર પડતાં પોતાની દીકરી જર પાસ જઈ તેણીના લગન વીશે તેણીની આગલ ખુલાસો કરવાનું મુકરર કીધું હતું.

આ બંગલો (શેઠ બેહેરામશાહનો) સુરતના નાનપરાંની થોડેક દુર એક એકાંત જગામાં બાંધવામાં આવ્યો હતો. બંગલો જોકે વીસતારમાં મોટો હતો તોપણુ તેની અંદરનો દેખાવ એવું જાહેર કરતો હતો જે બંગલામાં વસનારાઓ કેવા બેદરકાર યા ગરીબ હાલતમાં હોય.

બંગલામાં પેસતાં આસપાસ થોડાક કુંડાઓ મેલવામાં આવ્યાં હતાં જેમાં રોપેલા છોડવાઓ પાણીની સોસથી કરમાઈ વલી જઇ જોનારને સોકાતુર બનાવતા હતા એટલે કે જે જે માલીઓને રાખવામાં આવતા હતા તેઓને હાડમારી ઘણીજ હતી અને તે સાથે તેઓને પગાર પણ બરોબર નહી તો નહી પણ વખતસરબી ન મલતો હતો કે જેના કારણુને લીધેજ આ બાગના હાલ એવા થયા હતા.

બાગના દરવાજાની થોડેક દુર બંગલાની સીરી હતી અને બંગલો માર વગરનો બેઠોજ હતો. બંગલાની પાછલી બાજુએ પેરડી, દાદમ તથા

બીજી જાતના ઝાડો ઘણા હતાં. બંગલાના આગલા બારણાથી અંદર હોલ-માં દાખલ થતાં જમણી તથા ડાબી બાજુએ બબે ઓરડા હતા જે ઓરડામાંથી બીજા પાસેના ઓરડાઓમાં જવાતું હતું. બંગલો બેઉ બા-જુએ એકસરખી ધપથી બાંધેલો હતો અને ઓરડાઓમાં કાંઇ જુની ધપનું ફરનીચર મુકવામાં આવ્યું હતું જે ઉપરથી એક અંજાણા જોનારને એવું માલમ પડતું હતું જે બંગલાનો ધણી ઘણીજ ગરીબ હાલતમાં આવી પડયો હોવો જોઇએ પણ ના તેમ હતુંજ નહી. પણ તે ઘણી ઘણોજ કંજુસ હતો. ડાબી બાજુના આગલા બે હોલમાંથી તેની પાસેનો હોલ એક ઘણાજ ભપકાથી સણગારવામાં આવ્યો હતો. સામસામે મોઢું જોવાની બે નકસીદાર કબાટો તથા વચમાં નકસીદાર એક ગોલ ગાતની ફેનસી ટેબલ અને એ સીવાય બીજું ઘણુંજ અછી રીતથી ગોઠવવામાં આવ્યું હતું તોપણ તેની સાફસુફ કરવા પાછલ જતન ન લેવાતી હોય એવું તુરતજ માલમ પડતું. આ ઓરડો બંગલાના એક છેડાપર હોવાને લીધે ત્યાં પવન પણ ઠીક ફુકતો હતો અને એ ઓરડો બેહેરામશાહની એકપુરી લાડકી છોકરી જરબાઇ વાપડતી હતી.

જરબાઈની ઉમ્મર આસરે અઢાર વરસની હતી. તેણી થોડુંક શી-ખેલી હતી. તેણી સાધારણ કદની તથા જરા લગાર દેખાવલી હતી. તેણી ઘણી ખુબસુરત ન હતી તોપણ તેણીના મોંડાનો ગતમ તેણીની ચામડીની એબ ધાંકતો હતો. તેણીએ પોતાના ગલાં અને હાથનો ઠાઠ મોતી અને સોનાના દાગીનાઓથી ઠીક સંણગારીઓ હતો. તેણીનું માથાબાનુ તો હર પલે પાછલ ઘુપાઇ જવા માગતું હતું. તેણીનો ચેહરો ઘણોજ શાંત અને નમ્ર માલમ પડતો હતો.

હા તેણીના ચેહેરા ઉપરથી કોઇ પણ તેણી ગુણવંત છે એવું તોલ કરવાને આંચકી ન ખાય અને જોકે તેણીના બહારના દેખાવથી તેણીને માટે એવું તોલ કરવાની તક મલતી હતી તોપણ તેણી ભીત્તરથી મીજાસી, તુંદી, લોભી ટુંકમાં એક મકાડે ઓરતને છાજતા દરએક બદગુણોથી પુર હતી.

આવાં ઓરત જાતને ન છાજતા ગુણો જો કદાચ તેણીની માતા (જેણી હમેશની માંદગી વચ્ચે વરસ પાંચ થયા મરણ પામી હતી) હૈયાંત હતે તો તેણીના દીલમાં દાખલ ન થતે પણ તેણીના મરણ અને ત્યાર પછીના કોઇનો પણ આંકોશ ન હોવાને લીધે આ છોકરીને એક છુટાપણું મલ્યું હતું જે છુતાપણાનો લાભ તેણીએ આવી રીતે લીધો હતો.

બેહેરામશાહ સહવારના પોહોરમાં જ્યારે પોતાની છોકરી જરના ઓરડામાં દાખલ થયા ત્યારે તેણી એક ચોપડી વાચવામાં મસગુલ જણાતી હતી પણ તે ખોટું દોલ હતું એટલેકે તેણીનું ધ્યાન અને મન કોઇ બીજેજ ઠેકાણે ચકભમતું હતું અને ચોપડી વાચવાનું તો ખાલી બાહાનું હતું.

બેહેરામશાહ તેણીના ઓરડામાં દાખલ થતા થતા બોલ્યા "કેમ મારી વહાલી દીકરી જર વલી આજે એ કઇ ચોપડી વાંચેછે."

જરે લાડથી તણુકો કરતાં જવાબ વાલ્યો "બાવાજી એ તો હું ખુશરો અને શીરીનનો કીસ્સો વાંચુછું."

બેહેરામશાહ બોલ્યા "એવી એવી કહાણી અને કીસ્સાઓની ચોપડી વાંચી તારૂં ભેજું એકું દીવશ ખસી જવાનુ."

જરે જવાબ વાલ્યો "વાચતાં વાચતાં તો સામું મગજ તર રહે છે. અને સાથે લાગી આપણને રમુજ મલેચ તો મલેચ પણ વખતબી વહી જાયેછે તે માલમ નથી પડતો. વારૂ, બાવાજી (જર વાતને ત્યાંજ પડતી નાખી એકદમ બીજી ગમ ઉતરી પડી) કાલે મેં તમુને મારા સીવવાના અને ભરવા ગુઠવાના સાધણો મુકવાની નાધલી ઇસકોતરીને માટે તમોને કહયું હતું તે તમો લાયા કે નહી."

બેહેરામશાહે ઉત્તર આપ્યો "નહી નથી લાવ્યો. હું તે લાવતાં તદનજ ભુલી ગયો વારૂં પણ હવે એવા ચેરાં ઘેલાં મુકી દે. આપણને હવે લગનની સઘલી તૈયારી કરવી જોઈએ." બેહેરામશાહે તુંકમાં કહયું.

જરે વગર સમજવે જવાબ આપ્યો "બાવાજી" શું લગનની તૈયારી કોણના લગનની તૈયારી તે તો કહો."

"વલી કોણના લગન, મારી વહાલી દીકરી જરના" બેહેરામશાહ મસકેરીની ઢપમાં બોલ્યા.

જરે લગાર ગુસ્સે થઇ જવાબ આપ્યો "બાવાજી તમો મારી મસકેરી કરવા આયા છેઓ અને એમ કરી પેલાં બાકસને માટે ઉડાવો છો. વારૂ ચાલો ભુલી ગયાતો શું થયું કાલે લાવજો પણ ફરીથી મારી એવી મજાક ના કરતા."

બેહેરામશાહ જરા કરડા સ્વભાવથી બોલ્યા "જર હવે નાદાન છોકરીઓના જેવા ચેનચાલા કરવાના છોડી દે. હું હવે એમાનું કાંઈપણ વધારે વાર સાંકી સકવાનો નથી. આજકાલ તું ધરબારવાલી થશે માટે તુંને એવું શોભે નહી. આજથી એક મહીનામાં તારા લગન મારી પેહેડીના ભાગ્યા શેરાબશાહના ગુણવંત બેટા જહાંગીર સાથે થશે જે હું ફકત કાલેજ નકકી કરી આવ્યો છું."

જરે જવાબ આપ્યો "મને જરાપણ પુછયા અથવા ચેતાવ્યા વગર બાવાજી તમો એ શું કરી આવ્યા."

બેહેરામશાહ ગુસ્સો ખોહી દઇ બોલ્યા "મારી મરજી પ્રમાણે કરવામાં તારા જેવી નાદાન છોકરીની સલાહ લેવાને મેં બીલકુલ પસંદ કીધું નહી અને જો કદાચ તારા સીવાય કોઇ ધરમાં બીજું વડીલ હતે તો હું તેમ કરવાને ચુકતે નહી પણ આવું શુભ કામ થાય તે અગાઉ તો મારી ધણીઆણી ધન તે મીનોઇ જહાનમાં ખઇનો બદ રોગ સહી આખરે પોહોંચી ગઈ છે માટે તેથીજ આવા વખતે માન તથા શોભા લેવાને તારા પોતાનાજ હાથ કામે લગાડવા જોઈએ."

"પણ બાવાજી તમો કહો છો તે જહાંગીર કેવો છે." જર બોલી. "એને એક પણ વાર મેં નજરોનજર દીઠો નથી."

બેહેરામશાહે થંડા પડી જવાબ વાલ્યો "એ જહાંગીર વીશે મેં જુદે જુદે વખતે છુપી ખોલ કહાડવાને સઘલી તદબીર કરી હતી અને તેમ કરવા પછી અંતે હું એકજ વીચારપર આવ્યો છું તે એજ કે જહાંગીર પ્રમાણીક, સાચ્ચો, દાહયો, ટુંકમાં એની નાધલી વયમાં ન ધારી શકાય એવા છાજતા સદગુણોથી તે ભરપુર છે માટે હવે આપણને પરમ દીને સાથે મુંબઈ જે જે જોઇતી ચીજ લઇ લેવી હોય તે લઇ પાછું તુરત અહીંઆ આવવું જોઇએ." એટલું કહી બેહેરામશાહ ઓરડામાંથી ચાલી ગયા.

પ્રકરણ આઠમું.

જર અને શીઆવક્ષ.

જરનું દુઃખી થવું અને શીઆવક્ષની બેહયાઇ.

બેહેરામશાહ પોતાની છોકરીનો ઓરડો છોડી પોતાની પેહેડીપર સઘલો બંદોબસ્ત કરવા ગયા પણ તેવણને માલુમ ન હતું જે તેવણની છોકરી જરનું દીલ તો કોઇ બીજીજ જગોપર લાગ્યું હતું. જર પોતાના બાપના જવા પછી વીચાર કરવા બેઠી જે હવે મારી સઘલી આસાઓનો અંત આવ્યો જેથી હું ડરતી હતી તે હાજર થયું. મારા બાપના ક્રુર સ્વભાવને લીધે મારાથી તેવણને ના તો કહેવાવાનું નથીજ, અને મને પરણુવાની તો ફરજજ પડશે. પણ તેણીએ સઘલી ઉમેદ ખોહી ન દેતાં ભવીશમાં જે થશે તે ખરૂં એવો વીચાર કરી ઓરડામાંથી બહાર નીકલવા જાય છે એટલામાં ચાકરે આવીને તેણીના નામની એક ચીઠી આપી.

તુરતજ પોતાના ઓરડામાં બારણું બંધ કરી પાછી ગઇ અને ચીઠીના પરબીડાંપર અક્ષર જોઇ બોલી એ ચીઠીતો મારા વહાલા— એમ બોલતાં પરબીડું ફાડયું અને વાંચવા લાગી.

"મારી વહાલી જર,

ચોથે દીવશે મારાથી આવવા બન્યું નહી તેનું ખરૂં કારણ તો તને સારી રીતે રોશન છે. પણ કાઇબી કરી આજે દશ વાગે આપણી હમેશની જગાપર આવી મલીશ. હાલ એજ અરજ.

લા૦ તારા હકમાં દુવાનો માગનાર,
તારો વહાલો શીઆવક્ષ."

ચીઠી વાચી તેબલનાં દેસ્કમાં મુકી દીધી અને ઓરડામાંથી બહાર નીકલી આગલા હાલમાં આવી. ત્યાં ચાકરોથી ખબર પુછતાં તેણીને એવો જવાબ મલ્યો, "જે બેહરામશાહ શેઠ પોતાના કામપર ગયા છે."

આ તક તેણીની હમેશની હતી એટલેકે જ્યારે તેણીનો બાપ એ વખતે બહાર પોતાની પેહેડી પર જતો હતો ત્યારે તેણી કોઈ બીજેજ ઠેકાણે જતી હતી જે આપણને આગલ વાંચતા માલમ પડશે.

જેવી ખબર પોતાના બાપના બહાર જવાની મલી તેવીજ બંગલાની પછવાડે પોતે ગઈ અને ત્યાં થોડેક દુર જઇ ઝાડને ઓથે બંગલામાંનું કોઈ જોય નહી તેમ એક મોટા પથરા ઉપર વીચારમાં બેઠી.

આસરે થોડોક વાર ગયો નહી એટલામાં પોતાના ગજવામાંથી સોનાનું ઘડીઆલ કહાડી વખત જોયોતો દશ વાગાને પાંચ મીનીત ઉપર થએલી જોઈ બોલવા લાગી "શું થયું, હજી કેમ નહી આવ્યો. અરેરે દશ વાગાનેબી પાંચ મીનીટ વહી ગહી છે. અરે, હું મુઇ, જ્યારે તે જાણશે ત્યારે તે કેવો નામોરાદ થઇ જશે." એટલામાંજ સામેથી કોઈ આવતાં તેણીને જણાયું. "હા અંતે મારો વહાલો શીઆવક્ષ આવ્યો ખરો. અરે પણ જેટલી ઉમેદમાં એ મને મલવા આવે છે તેનાથી બેવડી બલકે તેવડી નાઉમેદીમાં એને પાછુ ફરવું પડશે તેની તો એ બીચારાને ખબરજ કયાં છે અરે જ્યારે એની સુરત જોઉછું ત્યારે મારી આંખોમાં કેટલી તાધક પડેછે અને એનાથી છુટાં પડતાં મને હવેથી કેવું લાગશે."

જર જેવો શીઆવક્ષ આવ્યો તેવીજ આગલ જઈ તેને ભેટી પડી. વાંચનાર આ શીઆવક્ષ તેજ કે જેની ચીઠી જરે વાંચી હતી અને એ એણીનો આશક હતો.

શીઆવક્ષ ઘણોજ ખુબસુરત, તેના માથાના બાલ ચલકતા અને કરચલી વલેલા હતા. તેનું પતલું અને લાંબ્બું મોઢું, તેનું અણીઆલું નાક અને તેના પરવાલા સમાન હોઠ (જે હોઠો એકમેકથી છુટાં પડતી વખતે દાંતની હારની સફેદ દુધ જેવી એક જોડ દેખડાવતા હતાં.) તેની લાંબી મરોરદાર હાંશના જેવી ગરદન અને તેની બદનની ઉચાઈ એ સઘલું ખુદરતે એકસરખી એવી સરસાઇમાં ગોઠવેલું હતું જે મરદ જાતને એકજ પલમાં અદેખાઇમાં નાખતું હતું એટલુંજ નહી પણ ઓરત જાતની ખુબસુરતીને ઝાંખ દેતું હતું જે કહેતા કાઇ પણ સરાગત છેજ નહી પણ

આવી ઉમદા ખુબસુરતીને તેના ભીત્તરના ગુણોથી ઘણીજ એબ લાગતી હતી એટલેકે તે દીલથી કપતી, લુચ્છો, ઉઠાવગીર અને જો પૈસા મલ્યા તો પછી કોઇને રેંસી નાખવાને પણ ચુકે નહી. ટુંકમાં તે બદમાસોમાંનો એકપુરો નમુનો હતો.

માણસ જાતની બદસુરતીને તેના દીલના સદગુણોના ચલકાતો તેની એવી એબ ધાંકી નાખી કાંઇ અજબ રીતે જેબ દે છે પણ આવી ખુબ-સુરતી સાથ એવા એબલગામણા ગુણો જો સંબંધ ધરાવે તો પછી તે ખુબસુરતી બદસુરતી કરતા વધારે ધીક્કારવા જોગ થઇ પડે એમાં સંદેહશો. આ ભુંડા લક્ષણના જવાન સાથ આપણી જર તેના ખુબસુરત ચેહેરાપર દીવાની થઇ ગઈ હતી અને જે પ્યારમાં તેણી અચ્છી રીતે ઠગાતી હતી એટલે કે શીઆવક્ષ જરને તેણીને પ્યારના તરીકા તરીકે નહી પણ તેણીના પૈસાને લીધે બહારના ખોતા પ્યારોની પોતાની બદ જીભલીની ચાપલોસીની વાતથી તેણીને ચાહતોા હોય એવું દોલ ઘાલતો હતો.

જર ભેટી પડતા બોલી "કેમ વહાલા શીઆવક્ષ, આજે આટલી ખોટી કેમ થઇ, તુંને ખબર તો છે જે હું ઘણીજ આકરી તથા અધીરી છું."

"હા વહાલી" શીઆવક્ષે જવાબ વાલ્યો "હું પણ જાણું છું જે આપણા જેવાઓને એક પલની ખોટી એક દીવસની લાગે છે પણ શું કરૂં કામ એટલું તો છે જે તેમાંથી છુટકો થતાં ઘણાજ ફાંફાં મારવાં પડે છે પણ વારૂં આજે તું આટલી બધી ફીકી તથા ગમગીન કાં દેખાય છે." (શીઆવક્ષને કામનું તો જુઠું બ્હાનું હતું પણ રાતના ઉજાગરાને લીધે તે સહવારમાં સુરજ ઉગવા બાદ પુશકલ વખતવેર પોતાની રાતની ખુમારીને લીધે પોતાના ખાટલાપર પડી રહેતો). "હા વહાલા શીઆવક્ષ" જર બોલી "તેમ થવાનું એક નાહનું સુનું કારણ નથી પણ જે કહી દરશાવતાં વટીક મારૂં આંગ ધ્રુજે છે."

"એટલું બધું ધાસતી ભરેલું તુને શું છે કાંઈ કોઇની તાનાજાની-માં આવી પડી હોય તો કહી દે જે તેનો રસ્તો કરી નાખું," શીઆવક્ષે જવાબ દીધો.

જર બોલી "નહી વહાલા તું એમ હરગીજ હવેથી બોલતો ના કદાચ તું તારા એવા કામમાં એક બે વાર ફાવ્યો હોય તો તેપર હંમેશ ભરૂસો રાખી તેજ કામપર મુશતાક રહેવું એ ઘણુંજ ખોટું છે."

શીઆવક્ષ વચ્ચે બોલી ઉઠયો "પણ જ્યારે તેવી રીતે તારૂં દીલ દુખાય તે મારાથી કેમ જોવાઈ શકાય."

"વહાલા શીઆવક્ષ ધીરો પર તે દુઃખ કોઇ મને બીજાએ દીધું નથી પણ એ તો સઘલી મારા કીસમતની વાત" એમ બોલતાં જર જેણી શીઆવક્ષને ખરાજ પ્યારથી ચહાતી હતી તેણી રડી પડી.

શીઆવક્ષને આથી દયા ઉપજી (પણ તે થોડોજ વારની હતી) અને તેણીને પોતાંની ગોડમાં લેતાં પુછ્યું "જર? પણ તું રડે છે શું કામ, તારા દુઃખનો ખુલાસો તો હજી મારી આગલ કીધો નથી." એમ બોલતાં તેને પોતાના ગજવામાંથી રૂમાલ કહાડી તેણીના આંસુ લુછ્યા.

થોડો વાર એમ ગમગીનીમાં ગયા પછી જર નીસાસો નાખતાં બોલી "વહાલા શીઆવક્ષ જ્યારે તું સાંભલવાની ખંતજ લઈ બેઠો છે તો હવે સાવધ થા."

"આજથી મહીનાદારામાં મારા લગન પેલા મારા બાપના ભાગ્યા સોરાબશાહના બેટા જહાંગીર સાથ થવાના છે અને પરમ દીને મારા બાવા મને લગનનો સઘલો સામાન લાવવા માટે સાથે મુંબઇ લઇ જવાના છે. હવે મને જવાબ દે જે હું શું કરૂં, જે તું ફરમાવશે તે આ વખતે કરવા તૈયાર છું. તું જાણતો તો હશે જે મારા બાવા કહેવા મગરૂબ અને કુર સ્વભાવના છે અને જો એક પલવારબી હું મારી નામરજી દેખડાવું તો બસ મને પોતાના ઘરમાંથી તેજ ઘડીએ એક પઈ પણ આપ્યા વગર હાંકી કહાડવાને એવણ ચુકે નહી."

આ બધું સાંભલી લેતાં શીઆવક્ષે તેણીને ગભરાટથી પુછ્યું "શું ત્યારે આ બદમાસ હજી જીવતો છે."

"હા તે જીવતો છે." તેણીએ જવાબ વાલ્યો. શીઆવક્ષ જો તેણીને આ વખતે કહેતે જે હું તારે માટે મેહનત મજુરી કરી તારૂં પેટ ભરવાને

તૈયાર છું તો ખચ્ચીતજ આ પ્યારથી દીવાની થયેલી બાઇ તુરતજ તેની સાથ જવા હા પાડતે.

પણ શીઆવક્ષતો ફકત તેણીના પૈસાપર લોભાયો હતો તે એવો કાંઇ પણ દીલાસાનો જવાબ દેવાને બદલે બોલ્યો "વહાલી તું પરણીને સુખી થા અને જેમ આપણે હમેશ મલીએ છઈએ તેમ મલીશું તું કહે તો એ તારા ભવીશના ભરથારને ફરીથી એકવાર તારા રસતાથી દુર—

"ચુપ શીઆવક્ષ" જર બોલી "મને લાગે છે જે આજે તારૂં મગજ ઠેકાણે નથી તું એમ સમજેછે કે એવા પાપી કામમાં તું ફાવશે અને નહી પકડાય પણ પછી જો તું પકડાગો તો વહાલા ખ્યાલ કર જે તારૂં શું થાય અને જે પરીણામ તે ઉપરથી નીપજે ત્યાર પુછી તારી એકવારની વહાલી જર તારા વગર આ દુનીઆમાં કેમ જીવી શકે."

શીઆવક્ષે જવાબ આપ્યો "હા વહાલી તું કહેછે તે સઘલું ખરૂંજ છે અને આપણે આ પ્રમાણે હરદમ મલીએ છઇએ તે મલવાનું પણ આખેર થઇ જાયે માટે હાલ તુરત તો મારી મરજી એવી છે જે તું તારો હાથ તારા બાપથી નેમાયલા તારા જહાંગીરને આપ પછીથી સૌ થઈ રહેશે. મારા જેવા ગરીબ પઇ વગરનાને તારો બાપ જમાઈ તરીકે કબુલ રાખે એ સ્વપનામાં પણ બનવાજોગ છેજ નહી પણ વહાલી જર મને તું તક મલવે મલવાને ચુકશે કે નહી. નહીતો તારા માતબર ભરથાર સાથની મોજ મજાહમાં મને વીસારી મેલશે."

જરે જવાબ દીધો "મારાં સદાના વહાલા અને પ્યારા શીઆવક્ષ તારા બોલો તીર સમાન મારી દુખી થયેલી છાતીમાં ખુંચે છે અરે જ્યારે હું વીચારૂં છું જે તને મલવાનો પ્રસંગ આવે તે વખત અગાઉનો ત્રાસ વગરનો એકાંતવાશ હું કેમ દેખી શકશ, મારી છાતી ભરાઈ આવે છે અરે મારી આંખોમાંથી નવધાર આંસુ વરસે છે."

શીઆવક્ષ બોલ્યો "વહાલી કાંઇ ફીકર નહી જ્યારે તારી મરજી મને વારંવાર મલવાનીજ હશે તો પછી તક મેલવતાં શું વાર લાગેછે."

તેઓને વાતચીતમાં આ પ્રમાણે એક કલાક થયો હતો ત્યાર પછી તેઓ એકમેકને ભેટી બીજી તક મલે ત્યાંસુધી થોભવાને કબુલ કરીને છુટાં પડયાં.

પણ જતી વખતે તેણી શીઆવક્ષને વીશ રૂપીઆની નોટનો એક કટકો આપી ગઈ જે તે લુચ્ચા બદમાશે કાંઈપણ આંચકી ખાધા વગર પોતાના ગજવામાં સેરવી દીધો.

અરે આ લુચ્ચાની સંગમાં તેણી વધારે બગડતી જતી હતી જો તેણીને એવો સંગ ન હતે તો કદાચ પરણ્યા પછી સુધરી જવાને કાંઇ પણ વીલંબ લાગતે નહી કારણ કે માણુસ જાતના દીલપર સારી તથા માઠી અસર એકસરખી થાય છે જો કદાચ એક માણુસ બદ ખસલતનો હોય અને તે જો કદાચ પોતાના ભુડાં લક્ષણોને દુર કરી સચ્ચાઇને માર્ગે જવાનો ઠરાવ કરે તો તે સોવસા બનવા જોગ છે.

આપણી જર દુખી જીગરે પોતાના મકાન તરફ ચાલી જ્યારે પેલા બદમાસ શીઆવક્ષને તો કાંઇ પણ દુખી અસર થવાને બદલે મનથી ખુશી થતો ચાલ્યો અને વીચાર કરવા લાગ્યો જે જ્યારે તેણીના લગન થશે ત્યારે મને તો કાંઇ નહી ને કાંઇપણ ભેટ તરીકે મલવાનુંજ. હા જો તે વખતે મેં એના ગલામાં ખંજર ભોંકી દીધું હતે તો આજે મને મોટો તરાકો પડી જતે પણ હું એકવાર ઠગાયો છું.

વાંચનાર આ છેલ્લા બોલો કાંઇ ભરમના હતા પણ તને તો સમજણ પડી હશે અને જો ન પડે તો આખરે માલમ પડશે.

પ્રકરણ નવમું.

“દીલાસો અને ધીરજ.”

“છુપી મસલત.”

આપણી વારતાના આગલા પ્રકરણોનો છેડો કેટલેક દુર મુકી આવ્યા છીયે ત્યાંથી આપણે પાછું શરૂ કરીશું.

જહાંગીર અને શેરાબશાહે આખ્ખી રાત તાણુતોર કરી ખેંચી કાડી. સહવારે ઉઠયા તોપણ તેઓનું એકમેકને મલવાનું જીગર થયું નહી ઉજાગરો તેઓની આંખોપરથી ઘણીજ સેહેલાઈથી માલમ પડતો હતો

ઉઠતાંવાર જહાંગીર પોતાનો નાસતો કરી ઘોડાપર બેસી ફરવાને બહાને બહાર ગયો.

આ જગોએ મારે કહેવું જોઈએ કે જે ઘોડાપરથી જહાંગીરને હીચકારા હોમલાથી પાડી નાખવામાં આવ્યો હતો તે ઘોડો પોતાની મેલે નાસી ગયો હોય અથવા પેલા બદમાસોએ પોતાની સાથે લઈ જઇ વેચી નાખ્યો એમાંનું કાંઇપણ આપણા બહાદુરને ખબર હતુંજ નહી.

પણ ત્યારે આપણે વીચારીશું જે તેના બાપે તેને ઘોડા વીશે કાંઇ પણ પુછ્યું હતુંજ નહી. ખરેખર સોરાબશાહને કાંઇપણ માલમ ન હતું જે જહાંગીર ઘોડા વગર ઘરમાં પાછો આવ્યો હતો પણ આ સહવારે જહાંગીર જ્યારે બીજા ઘોડાપર બેસી સવારી કરી જતો હતો તે વખતે તેવણુની નજર જેવણ અગાસી ઉપર ઉદાસ ચેહરે બેઠેલા હતા ત્યાં પડી પણ તેવણના મગજમાં તે વખતે શું વીચાર આવ્યો જે આ વખતે વીસતારવાની કાંઇપણ અગત નથી.

આપણે કહી ગયા તેમ જહાંગીર ધીમે ધીમે પોતાને જ્યાં જવાનું હતું ત્યાં તે તરફ ચાલ્યો પણ કદાચ કોઇએ તેની તે ક્યાં જાય છે તે જાણવા માટે પુઠ પકડી હોય તો તેને માટે તે આડો અવલો રસતો લેતો હતો એમ કેટલે દુર આડકતરો રસતો લઇ તેને હવે પોતાના ઘોડાની લગામ જે રસતે તેને જવું હતું તે રસતે ફેરવી.

તેને બીજે કોઈ ઠેકાણે જવા ધાર્યું હતું નહી પણ પોતાની વહાલી ખોરસેદના ઝુપડાં ભણી જતો હતો.

જેમ જેમ તે ઝુપડાંની નજદીકમાં જતો ગયો તેમ તેની છાતી ધાસતીથી ધ્રુજવા માંડી. ધાસતી કાંઈ તેને જેવી તેવી ન હતી કારણ કે જ્યારે ખોરસેદ તેના લગનની વાત સાંભલે તેજ વખતથી કદાચ તેને તજી દે એ બનવા જોગ હતું.

અરે જે રસતેથી માત્ર ચોવીસ કલાક અગાઉ તે પોતે પોતાના મોઢાપર ખુશીના રતાશ સહીત જતો હતો તેજ રસતેથી જતી વખતે તેને એવું ન ધાર્યું હતું જે આટલા થોડાજ વખતમાં તેને ગમગીની સાથ પાછું ફરવું પડશે.

ઝુંપડા આગલ આવતાંવાર ઘોડાપરથી ઘણીજ ઉતાવલથી ઉતરી પોતાના ઘોડાની લગામ એક સામેના ઝાડના થડ સાથ બાંધી તે દોડતો ઝુંપડાં ભણી ગયો પણ દોડતાં પગલાંથી થતા ખખડાતના સાદથી આપણી ખોરસેદ તેજ વખતે બહાર ધસી આવી હતી, એટલેકે તેઓ બારણામાંજ એકમેકને મલ્યાં અને મલતાં વારજ હરખથી વલગી પડયાં.

તુરતજ તેઓ અંદર દાખલ થયાં અને એક નાની ધોલકી જે હમેશ એકજ જગાપર પડી રહેતી હતી ત્યાં જઇ બંન્ને સાથે બેઠાં.

અંદર દાખલ થતાં જહાંગીરને માલમ પડયું જે જેમ તે ધારતો હતો તેમ ખુશરો પોતાના કામપર ગયો હતો અને આ તક તેના પોતાના કામમાં જાણે સારી વધાઇ દેતી હોય એવું લાગ્યું.

બેસતાં વારજ ખોરસેદે જહાંગીરનું માથું પસવારતાં પુછયું "કેમ વહાલા તમારો ધા નરમ છે કે નહી."

"હા વહાલી" જહાંગીરે ધીમે સહાદે જવાબ વાલ્યો "અને તમારા બાવાજીએ તમુને પુછયું હશેની" તેણીએ સવાલ કીધો જહાંગીરે જવાબ દીધો "હા, તેવણે પુછયું અને જે જવાબ તે વેલા વાજબી લાગો તે મેં આપ્યો."

"વહાલા જહાંગીર તમો આજે એટલા દલગીર કેમ થઇ ગયા છો હું ખાત્રીથી કહુંછું જે તમો તમારૂં દુઃખ મારાથી છુપાવોછો. તમારા દુખમાં ભાગ લેવાને તમો મને સામેલ નહી કરો તો પછી તમો કોણુને કરશો" તેણીએ જહાંગીરને પતાવીને પુછયું.

જહાંગીરે જવાબ દીધો "પણ મને દુખ થાય છે તે તુંને કેમ માલમ પડયું."

"તમારા બોલવાની ધપ, અને તમારા મોઢાંપર પંથરાયેલી ઉદાસી મને તુરત કહી આપે છે" ખોરસેદે જવાબ વાલ્યો.

જહાંગીર ગુંગલાતા સાદથી ધીમે બોલ્યો "વહાલી ખરેખર હું દુખી કમનસીબ છું."

ખોરસેદ તેના બરડાપર હાથ ફેરવતી ફેરવતી બોલી "વહાલા જહાંગીર તમો જે ભેદભર્યું બોલોછો તેની મને મુતલગ ખબર પડતી નથી."

જહાંગીરે જવાબ વાલ્યો "હું જનમથીજ મુવો હતે તો ભલું, કારણ કે તારી આગલ હું નીમકહરામ ઠર્યો છું."

આ જવાબથી આપણી ખોરસેદ જહાંગીર આગલથી જરા દુર ખસી બોલી "હા હવે હું બધા ભેદથી વાકેફ થઇ છું તમારા બાવા આગલ તમોએ મારે વીશે વાત છેડી હશે અને મને તેવણે એક ગરીબડી તરીકે જેમ મેં ધાર્યું હતું તેમ ધારી તમારી સાથ લગન કરવાને સાફ ના પાડી છે પણ તેમાં તમોને કાંઈપણ મનમાં લાવવું ન જોઈએ એ તો મારાજ કીસમતની વાત."

જહાંગીરે આગલ ખસી કરગરીને કહયું એમ મારાથી વેગલી પડી મારા દુખમાં ઉમેરો ના કર જે તું ધારે છે તેમ બન્યુંજ નથી હજુરતો હું તારે માટે મારા બાપ આગલ તારી સાથે મેં મારો હાથ કબુલ કીધો તે વીશે કહેવા જતો હતો તેટલાં અગાઉતો મને વાકેફ કીધો જે તેવણે મારા હાથની માગણી કોઇથી થયેલી જોઇ તુરતજ મને પુછયા વગર વચનથી બંધાઈ ગયા હતા.

પણ ત્યારે હજુર તમો મનમાં એમ સમજોછો જે કદાચ એવું બન્યું ન હતે અને તમોએ તમારા ભેદનો ખુલાસો તેવણ આગલ કીધો હતે તો શું મને તેવણ પોતાની વહુ તરીકે કબુલ રાખતે. અરે બચ્ચીતજ નહી માટે જે વચનથી તમો મારી સાથ બંધાયા છો તે વચનથી હું તમોને વધારે વાર દુઃખી ન કરતાં મોકલા કરૂં છું અને હવેથી જે બન્યું તે ન બન્યું સમજવું.

જહાંગીરે તેણીની આગલ જઈ તેણીનો હાથ પકડી રડતા સહાદે કહયું "મારી વહાલી ખોરસેદ તું ધીરજ ધર, તું શું મનમાં એમ સમજેછે જે તારી સાથ પરણવાથી મારા બાપના પૈસા ન મલવાને લીધે હું ખોટું બહાનું કહાડું છું અરે હું કોઇપણ જગાએ તને લઈ જઇ પુરતી મેહેનત કરૂંતો શું તારૂં પોતાનું એકલીનું પેટ ભરવાને હું અશકત છું નહી. વહાલી એવો ખ્યાલ તારા દીલમાંથી દુર કર પણ તેમ ન કર્યાથી મને જગતની હાંસીમાં આવવું પડે છે જેને મને પાલીપોસી મોટો કીધો, એવી ઉમદા

કેલવણી આપવા માટે કેટલા પૈસા ખરચ્યા તે બાપને હું નાફરમાન થાઉ અને લોકો મને મારા બાપની એવી બુધાપાના વખતમાં દીલની ઉસકેરની કરવા માટે જે ઠમકા આપે તે મારાથી કેમ ખમાય માટે મારી વહાલી ખોરસેદ એકવાર હું તને કહું છું જે તું જો ધીરજ ધરે તો સઘલુ સારૂંજ થાય.”

જહાંગીરના બોલોએ ખોરસેદના દીલમાં ઘણીજ સરસ લાગણી કીધી અને તેણી તેની પાસે જઈ બોલી “વહાલા જહાંગીર તમો જે કહો તે કરવા હું તૈયાર છું. તમારા નામને નાલેસી લાગે એ હું કદીપણ જોઈ શકું નહી માટે જે સારૂ થાય તે કરવાને હું રાજી છું.”

આથી જહાંગીરને સધીઆરો આવ્યો, અને ખુશ થઇ તેણીને કહયું જે મારા લગન થવા દેવા.

ત્યાર પછી જે વીચારો બજા લાવવાને તેને પોતાના મનમાં ઠેડાવ કીધો હતો તે વીચારો જહાંગીરે ખોરસેદના કાનપર પડી કહી સંભલાવ્યા.

અને એ વીચારોનો ઠેડાવ અમલમાં લાવતાં જે જે કાંઇ વીગણો વચ્ચે નડે તે ધીરજ અને સબુરી સહી અમલમાં લાવવાને તેઓએ હીમ્મત કીધી.

જહાંગીરે તેણીને કહયું મને આશા છે જે આ વાતનો ખુલાસો તારા બાપ આગલ મારી તરફથી માફ માગી કરશે અને તેમાં મદદ ચહાશે.

ત્યાર પછી જહાંગીર બીજી કાંઇ પ્યાર ભરી વાતો કરી જવા નીકલ્યો. જતી વખતે તેણીને રૂપ્યા ૧૦૦ની નોટનો કટકો આપવા કીધો જે જોતાંજ ખોરસેદ ચમકી દુર ખસી ગઇ અને કહયું જે જયાંસુધી આ-પણે આપણા કામમાં ફાવ્યે નહી ત્યાંસુધી હું કાંઈપણ તારી પાસેથી લેવશ નહી.

જહાંગીરે ઘણીબી હુજત કીધી પણ તેણીએ નાથી હા ન કીધું. અંતે થાકી પોતાની નોત પોતાના ગજવામાં પાછી મુકી અને પોતાના આંગલાંમાં પેહેડેલી એક હીરાની વીટી પ્યારની નીશાની તરીકે ખોરસેદને લેવાને ફરજ પાડી તે પણ તેણીએ ઘણીજ તાણતોરે કબુલ રાખી.—

ત્યારપછી તેઓએ એકમેકને પ્યાર ભરી ચુમ્મીઓ આપી ઘણોક વખત વીત્યા બાદ છુટાં પડયાં. છુટાં પડતી વખતે ખોરસેદ જહાંગીરને બારણાંવેર મુકવા ગઈ. તેઓને એકમેકથી છુટાં પડતાં ઘણુંજ દુ:ખ ઉતપન થયું કારણકે તેઓ ખરીજ રીતે એકમેકને ચાહતાં શીખ્યાં હતાં.

જહાંગીર ઘોડાપર બેઠો અને પાછું ફરી જોતાં તેને એક દીલાસાનો આવકાર તેણી તરફથી મલ્યો. જ્યાંસુધી જહાંગીર દેખાયો ત્યાંસુધી તેણીએ નજર તાંણીતાંણી જોયા કીધું અને જયારે વધુવાર ન દેખાયો ત્યારે તેણી ગમગીન ચેહેરે પાછી પોતાના ઝુપડાં ભણી ગઇ અને જ્યારે તેણીનો બાપ ખોસરો ઘર પાછો ફર્યો તે વખતે તેણીએ તેની આગલ સઘલી રીતનો બરોબર ખુલાસો કર્યો.

જ્યારે તેઓના વીચારોથી ખુશરો બરોબર વાકેફ થયો ત્યારે તેને પણ વખતના વેહેવા સાથ જે જે દુખ પડે તે ખમવા સબુરી પકડવાનો યત્ન કીધો.

પ્રકરણ દશમું.

જહાંગીરનો "હા" નો જવાબ.

જહાંગીરે જ્યાંસુધી ઝુંપડાંનો ચીતાર દુરથી દેખાતો હતો ત્યાંસુધી પાછું ફરી ફરી જોયા કીધું અને ઘોડાને પણ ધીમેથી હંકારતો હતો પણ જ્યારે તે ચીતાર રસતાની વધતી જતી લંબાઈ અને વચમાં આવતાં ઝાડોથી દુર થયો ત્યારે તેને ઘોડો જડપથી હંકારી ઘર તરફ જવા માડયું. ઘરમાં આવ્યા પછી બપોરનું ભોજણ લીધા બાદ તેને પોતાના બાપના ઓરડામાં જવાનો વીચાર કીધો અને તેવણે આપેલી ત્રણ દીવશની મુદતને બદલે તેનાથી અગાઉ તેવણનો જવાબ આપવાને દરૂસ્ત ધાર્યું જેથી તેવણના મનમાં કાંઈ પણ વેહેમ હોય તો તદનજ મતી જાય અને તેવણ વધારે વાર પોતાના દીલમાં ગુંગલાયા ન કરે.

પોતાના બાપના ઓરડામાં જયાં તેવણુ બેઠા હતા ત્યાં તે જઈ પાસે બેઠો પણ તે બેસે તેની અગાઉ શોરાબશાહ ચીરડાઇને મોહું ફેરવી નાખી બોલ્યા તુંને આપેલી મુદતની અંદર તારે મારી આગલ આવવું નહી પણ તે વખતની અંદર તું મને કાંઈ પણ કહેવા આવ્યો હશે તો "હા" અથવા "ના" ના બોલો સીવાયે બીજું કાંઇપણુ હું સાંભલવાનો નથી.

જહાંગીરે જવાબ આપ્યો "બાવાજી તમારો ગુસ્સો શાંત કરો, તમારો તાબેદાર છોકરો તમારા પુછેલા સવાલનો જવાબ મને અપાયેલી મુદતની અંદર કહેવા આવ્યો છું તો હવે તમો સાંભલો. ત્યારે બોલી દે જે હોય તે શોરાબશાહ બોલ્યા. બોલવાનું ફક્ત એટલુંજ જે જે કામને માટે તમો મારે વીશે વચનથી બંધાયા છો અને જેમાં તમો ખરાં દીલથી ખુશીછો તેજ કામ ઉપાડી લેવાને તમારો કમીનો નોકર તમારી આગલ હાજર છે" જહાંગીરે જવાબ દીધો.

એટલે મારે સમજવું જોઈએ કે તું તારા લગન જર સાથ કરવાને રાજી છે. શોરાબશાહ જહાંગીર તરફ ફરી જરા મગન થઇ બોલ્યા હા બાવાજી તેમજ તમારે સમજવું જહાંગીરે જવાબ વાલ્યો. શોરાબશાહ તુરતજ પોતાના છોકરાને પોતાની ગોડમાં દાબી તેની પેસાની પર ચુમ્મી લેતાં બોલ્યા. મારા વહાલા જહાંગીર આ વખતની તારી વરતણુંકથી હું એટલો તો ખુશી થયો છું જે બસ નહી. તારા જેવા તાબેદાર ફરજંદને જોઇ હું તે બારે હકતાલાનો હજારો હજાર હેશાનમંદ છું અને તારા જેવો એક અસીલ બેટો ધરાવતાં હું બાપ ખરેજ ભાગ્યસાલી છું પણ તેવણુને કાંઇપણુ ખબર ન હતી જે બીચારા જહાંગીરને તેમ કરવાથી કેટલું ખમવું પડશે. વારૂં જહાંગીર મને કહેજે જે વખતે એ વાત તારી આગલ કહી તે વખતે ના પાડવાનું કારણુ અને એકાએક એટલાં થોડાજ વખતમાં આવી હવે તું હા પાડે છે તેની મને મુતલગ સમજ પડતી નહી.

જહાંગીર વાત ઉડાવી બોલ્યો બાવાજી તે વખતે મારૂં ચીત ઠેકાણે ન હતું મારા માથાના ઘાથી થતાં દુખોને લીધે કદાચ એવો જવાબ અપાઇ ગયો હોય અને તમો મને જતી વખતે કહી ગયા તેથી મારૂં

ચીત ઠેકાણે આવતાં મેં શું કીધું હતું તેને માટે હું ઘણોજ પસતાવો ખાતો હતો માટે બાવાજી હું તેને માટે તમારી પાસ માફ માગુંછું અને તમુને દુઃખ દીધું તેથી હું ઘણોજ શરમીંદો છું જહાંગીર પોતાના બાપને પગે પડતો બોલ્યો.

શોરાબશાહ દીલાસો દેતાં બોલ્યા કાંઇ ફીકર નહી એ તો સઘલું ભુલમાં થઇ ગયું એમાં કોઈનો વાંક કાઢવા જેવું છે નહી પણ વારૂં આજે સહવારે તું બીજા ઘોડાપર કેમ ગયો.

હા બાવાજી હું કહેતાં તમુને તદનજ ભુલી ગયો જહાંગીરે જવાબ આપ્યો જે વખતે હું ઘોડાપરથી નીચે પડયો તેજ વખતે ઘોડો ચમકીને કેઠે નાઠો તે કયાં ગયો છે તેની મને મુતલગ ખબર નથી જો કદાચ હું ઘાયલ થયો નહતે તો ખચ્ચીતજ હું તેની પુઠે દોડી તેને પકડયા વીના રહેતે નહી પણ મને નીકલતાં લોહીથી મેં દોડવાનું દરૂસ્ત ધાર્યું નહી આપણે હવે ઘોડાને શોધી કહાડવાની તલાસ કરીશું.

શોરાબશાહે જવાબ દીધો કાંઇ ગરજ જેવું નહી એના જેવા સો ઘોડા જાય તો કાંઇ ફકર નહી પણ તું સલામત રહયો એટલાંજ માટે હું તે બારેહકતાલાનો શુક્ર કરૂંછું માટે ઘોડો પોતાની મેલે આવશે. આપણુને તેની સોધમાં જવાનો હાલ વખત નથી અને હવે આપણા મકાનને જેમ સારી અને સરસ ઘપે તુંને પસંદ પડે તેવી રીતે તું સણગારવામાં માણસો રોકી તેઓને ઘટતી સમજણ આપ અને તારા કોઈ પણ દોસ્ત આસનાવ તથા જેઓના કુટુંબ સહીત તને સંબંધ હોય તેઓ પર કાગજ લખી સઘલી તૈયારી કરી બોલાવ. ટુંકમાં તારા લગનની તને મનપસંદ તૈયારી કર પૈસા વીશે તુંને કાંઈ ફીકર કરવી નહી તુંને જે જોઇએ તે મારી તીજોરીની માહેથી લે એમ કહી તેવણે જહાંગીરને કુંચી આપી.

વારૂં બાવાજી જેમ તમારી મરજી તમો રાજીખુશી રહો તેમાં હું ખુશી અને મારો ખોદાબી ખુશી જે તમો કહોછો તે સઘલું હું કરીશ. એમ કહી બને બાપ દીકરા છુટા પડયા. શોરાબશાહ પોતે બેહદ ખુશી થયા હતા અને તેવણે આપણા જહાંગીરની વાત ખરી માની.

જહાંગીર એકગમથી પોતે જે જુઠી વાત કહી હતી તેને માટે તેનું અંતકરણ ધ્રુજતું હતું અને બીજીગમથી તે પોતાના હવે પછીના ઠેકાવમાં ફાવશે કે નહી તેને માટે તે દીલથી ઘણોજ મુન્જાતો હતો.

પણ તે બીચારો શું કરે પ્યાર અને ફરજે તે બન્ને તેને પોતાના કબજામાં ઘેરી લીધો હતો પણ છેલ્લાં જ્યારે તે વીચાર કરતો હતો જે જે કામ તેને આરંભ્યું હતું તેમાં તેની વહાલી ખોરસેદ સબુરી અખત્યાર કરવા બંધાઇ છે ત્યારે તે ખુશાલી તેના સઘલા દુખને દુર કરતી હતી.

એવી રીતે પોતાના મનને શાંત કરીને સઘલી તૈયારી કરવા માંડી અને પોતાના બાપના કહેવા મુજબ પોતાના દોસ્તોપર કાગજ લખવા બેઠો હતો.

પ્રકરણ અગીઆરમું.

લગનની ધામધુમ તથા લગનની ક્રીયા.

બેહેરામશાહ પોતાની પેહેડીપર જઇ સઘલી ગોઠવણ પોતાના મુનીમ દલપતરામને સોંપી જે કાંઇ જરૂર જેવું કામ હતું તે કરી પાછા પોતાને ઘર આવ્યા.

તેવણની પેહડી સુરતના મધ્ય ભાગમાં એક જાહેર બજારના રસ્તાપર આવેલી હતી અને તેઓનો ધંધો બહારગામથી માલ મંગાવવો અને તેને બદલે બીજો માલ બહારગામ વેપારીઓ પાસેથી લઈને મોકલી આપવો એવો હતો જે ધંધામાં તેઓ સુરત શેહેરમાં ખુબ મચી ગયા હતા, અને તેવણ તથા તેવણના ભાગ્યા શેરાબશાહ સુરત શેહેરમાં માતબરમાં માતબર શેઠીઆ ગણાતા હતા.

ઘરને સાફસુફ કરવાનું તથા તેને સણગારવાનું કામ પોતાની દુકાનના એક વીશવાશુ માણસને બેહેરામશાહે શોંપ્યું.

ઠેઉવેલે વખતે બાપ દીકરી મુંબઇ ગયાં અને ત્યાંથી ત્રણ ચાર દીવસમાં હીરા મોતીના મનપસંદ દાગીનાઓ અને રંગબેરંગી રેશમી કપડાં.

ખરીદી તેઓ પાછાં પોતાને ઘેર આવ્યાં પણ આ વખતે ઘેરને લગતું નવી ધપનું ફેનસી ફરનીચર લાવવાને બેહેરામશાહ ચુકયા નહી. તેવણ પોતે ઘરડા પણ થયા હતા અને હવે તેવણનું ખાનાર તેવણની એક છોકરી સીવાય કોણ હતું માટે તેવણે પોતાનું બખીલાઇપણું છોડવા માંડયું અને ઉડારપણે પૈસા ખરચવા માડયા. આવા ફેરફારથી જે તેવણને તેવણની બખીલાઈ માટે ધીકારતા હતા તેઓ હવે તેવણને ખરાં દીલથી ચાહવા લાગ્યા અને તેવણને ઘટતું માન પણ તેઓ તરફથી મલવા લાગ્યું.

તેવણે પોતાનો બંગલો ખુબ દમામથી સણગારીઓ હતો. એકવારના મરી ગયેલા ઝાડોમાં હુશીઆર માલીઓની હવેની જતનથી પાછો જીવ આવ્યો અને આસેપાસેના ઝાડના ફુલથી નીકલતો સુગંધ ખરેખર ઘણોજ સારો હતો.

ટુંકમાં પોતાના બંગલાનો દેખાવ દીલપસંદ કરવાને તેવણે કાંઈ પણ બાકી રાખ્યું ન હતું. જ્યાં એક જોઈએ ત્યાં તેને બદલે બે માણસો કામે લગાડી તેવણે બનતી જડપથી સઘલું તૈયાર કરાવ્યું. લગનનો દીવસ આવે તેની અગાઉ પોતાના દોસ્તદારોને અને પોતાના લગતા દરએક આસામીઓને ખાનીપીની આપવા માંડી.

જ્યારે આણીગમ શેઠ બેહેરામશાહ પોતાનો બંગલો સણગારવા રોકાયા હતા ત્યારે આપણા શેરાબશાહના બંગલામાં સઘલો સરસામાન આપણો જહાંગીર બહુજ ખંતથી અને સઘલી સફાઈથી ગોઠવવામાં કામે લાગો હતો. તેને આ સઘલું કરતાં બહુજ દુખ થતું હતું કારણકે તેને પોતાને કાંઈપણ ગમતું ન હતું એ તો સઘલું પોતાના બાપની મરજી રાખવા માટે તેને પણ પોતાના દોસ્તોને જેઓ તેને ગામેગામથી કાગજ લખી તેડાવ્યા હતા તેઓને મોજમજા આપવા લાગ્યો પણ આટલા બધા પોતાના દોસ્તોમાંથી તેને કોઈને પણ પોતાના ખરા ભેદથી વાકેફકીધો નહી.

આવી સઘલી બેઉ બાજુની તૈયારી વચે લગનનો દીવસ આવી પુગ્યો. સહવારથી લોકોની આવજાવથી બંગલો તથા બંગલાનો કમપાઉન્ડ ભરાઇ ગયો હતો અને સાંહજનાં મંડપમાં બેઠેલાં લોકોની સંખ્યા પુશકલ

હતી. ઢોલ તાસા અને રોશણીનો તો કાંઇ પારજ નહી તથા શોરાબશાહ તથા બેહેરામશાહને પેહેરામની મલી હતી તેનો તો કાંઇ સુમારજ હતો નહી.

આવા માતબર શેઠયાઓને ત્યાં લગન માટે ગરીબ અને તવંગર એ બંન્ને પંકતીના લોકોને નોતરવામાં આવ્યા હતા.

ટુંકમાં જહાંગીર અને જરના લગનની કીર્યા ચલાવવામાં આવી પણ બંન્ને જો એકમેકને ચાહતાં શીખે એટલે કે તેઓ વચ્ચે જો પ્યાર હતે તો એવાં લગન જવલેજ થયાં હોય એવી નોધ રહેતે પણ બંન્નેના દીલતો આપણે જાણી ગયા તેમ એકમેકથી દુર હતાં.

એક ગમથી જહાંગીર પૈસાની લાલચમાં નહી પણ પોતાના બાપથી ઉલતો ચાલી જે જગતની નાલેસીમાં આવી પડતે તેની ધાસ્તીથી જ્યારે બીજી ગમથી આપણી જર જો પોતાના બાપથી નાફરમાન થઈ ના પાડતે તો એક કંગાલ હાલતમાં આવી પડતે પણ આવી કંગાલ હાલતમાં આવ્યા બાદ તેણીનો શીઆવક્ષ જો સહાય થતે તો ખચ્ચીતજ તેણી જહાંગીર સાથ પરણવાને ના પાડતે એવી સઘલી ધાસ્તીઓ વચ્ચે તેઓ-એ પોતાના લગનની હા પાડી હતી.

જે વેલા લગનની ક્રીયા ચાલતી હતી તે વેલા કોઇ ઓરત ત્યાંથી પસાર થતી માલમ પડી.

આ કોઇજ નહી પણ આપણી વારતાની રૂપસુંદરી ખોરસેદ હતી. તેણી આ વેલા કોઇની પણ દરકાર કર્યા વગર અંદર દાખલ થઈ. અહીંઆંથી પસાર થઈ તેણીની પસાર થવાની મકસદ કાંઇજ નહી પણ જહાંગીર ખરેખર તેણીને ચાહતો હતો કે નહી તેની તપાસને અર્થે પણ તેણી પોતાની તપાસમાં ઠગાઇ નહી હતી જહાંગીર તદનજ ઉદાસી, ગમગીન અને જીવ વગરનો દેખાતો હતો.

જોકે ખોરસેદ પસાર થઇ તે વખતે બંન્નેની નજર એકઠી મલી. બીચારો જહાંગીર બધે ઠેકાણે ખાલી દોરા ફાડી જોયા કરતો હતો.

આવી લોકોની ખુશાલી અને પરણતાં જોડાંની ગમગીની વચ્ચે લગન તો થયાં.

ત્યારપછી ખાવા પીવાની સઘલી દોડાદોડ થવા લાગી. લોકોનો કાંઈ પાર ન હતો અને લોકોને જમી રહી પરવાડતાં રાત્રે અગીઆર કલાક થયા.

આખી રાત રમત ગમતમાં ગઈ અને જહાંગીર અને જરના લગન થયાં.

પ્રકરણ બારમું.

એક ભેદી ચીઠી.

આખરે જેમ આપણે કહી ગયા તેમ લગન લોકોની સઘલી ધામધુમ વચ્ચે પુરાં થયાં અને સઘલું વગેસગે જેમ હતું તેમ થઇ ગયું.

આપણા જહાંગીરને કે જેને આ લગનથી કાંઇ પણ રમુજ મલી ન હતી અને જેના મનમાં પોતાની વહાલી ખોરસેદની ચીતાર હરદમ રમી રહેલી હતી તેને થાકનું બહાનું કહાડી બે ચાર રોજ બહાર વટીક નીકલવાને નહી ગમ્યું.

ખરેખર તે બીચારો પોતાના દીલમાં હવે બહુજ કમકમતો હતો કારણકે જે વીચારો હવે પછી અમલમાં લાવવાને તેને કીધા હતા તેમાં તે એક મોટામાં મોટી અને કદીપણ નહી માફ કરી શકાય એવી ઠગાઇ સમજતો હતો પણ પોતાથી વહાલી ખોરસેદને તેમ કીધાથી હાથ લાવવાને તે પ્યારથી દેવાનો થયલો પોતે પોતાના અંતકરણથી ઠગારો બનવાને પણ ખુશી હતો.

તે બહારના દેખાવને માટે પોતાના સસરા બેહેરામશાહને ઘેર સરઅવસરે જતો હતો અને પોતાની પરણેતર બાયડી જર સાથ એક ભરથાર તરીકેનું રૂપ ધરાવી બાતેનથી કાંઇપણ સંબંધ ધરાવતો હોય એવું લાગતું હતું નહી તેમજ પેલી જર પણ બીજી તરફથી પોતાના ખાવીંદને ખાવીંદ તરીકે ગણતી હતી નહી પણ તેણીતો પોતાના આશક શીઆવક્ષ સાથ કાંઇ બીજીજ ગોઠવણો જે તેણીએ કીધી હતી તેના વીચારમાં હતી જે જો હાલ કહું તો વાંચનાર તું ખરેજ ગમગીન થાય.

તેણીને આ બાદશાહી મેહેલ જેવું ઘર કરડવા આવતું હતું અને તેણી પોતાના ઓરડામાંજ આખો દીવસ બેસી રેહેતી હતી.

આવી હાલતમાં આખો એક મહીનો નીકલી ગયો પણ તેઓએ કોઈપણ દીવસે એખલાં બેસી કાંઈપણ વાતચીત કીધી નહી અને એકાંતમાં વાતચીત કરવાને તેઓ જાણે કુદરતીજ સરજ્યાં ન હતાં પણ જ્યારે તેઓ પોતાના બાપની હાજરીમાં એકમેકના સંબંધમાં આવતાં હતાં ત્યારે તેઓ પોતાનો ભરમ છુપાવવાને ખાતર ઘણાજ એખલાસથી વાતચીત કરતાં હતાં. એમ મહીનો આસરે એક વીતવા બાદ હેઠલો જાણવાજોગ બનાવ બન્યો.

એક દીવસે જહાંગીર પોતાના બાપના ઓરડામાંથી નીકલતો હતો તે વેલા શોરાબશાહે કહયું જરા જરને મારી પાસે મોકલાવ. તુરત વેલાતો આ તાબેદાર છોકરાએ બાવાને હા કહયું પણ જ્યારે તે જરના ઓરડા આગલ જઈ બારણું ઉઘાડતો હતો ત્યારે પોતાના બાપનું જરને તેડાવવાનું કેહેણ તેણીને કહેતાં આ બીચારાને બહુજ દુખ ઉપજ્યું પણ શું કરે તેમ કરવાને પોતાને ફરજ પડી કારણકે તે જો કોઇ ચાકરને બોલાવી જરના ઓરડામાં મોકલે અને કદાચ શોરાબશાહ પુછે તો પછી જહાંગીરને ટુપકો તેવણ તરફથી સમજવો પડે.

આવા વીચારમાં તેને જરના ઓરડાનું બારણું ઉઘાડયું જે બારણું વગર ખખડાતે પોતાના મીજાગરાંપર સરી જઇ લગભગ અરધું ઉઘડી ગયું પણ જેટલા વખતમાં બારણું અરધું ઉઘડયું તેટલાજ વખતમાં જહાંગીરને પોતાની જર એક ટેબલ આગલ બેસી ચીઠી વાંચતી હતી તે જોવાની ઠીક તક મલી પણ તેણી ન જાણે અને પોતે કાંઇ પણ જોયું ન હોય તેમ અંદર જઇ પોતાની પીઠ ફેરવી બારણું ધાંકતો બોલ્યો, જરબાઈ તમોને મારા બાવાજી જેવણ આગલા હોલમાં બેઠેલા છે તેવણ તમુને બોલાવે છે.

જર જેણી પોતાના ઓરડામાં જહાંગીરને અચબુચ આવવાથી તદનજ ગભરાઈ ગઈ હતી તેણીને જ્યારે જહાંગીર બારણું બંધ કરતો હતો તે

વખતે એવું લાગ્યું જે તેને ચીઠી જોઇ ન હોય અને તુરતજ ચીઠી ટેબલ પછવાડે ફેંકી દેઈ તેણી "વારૂંજીના" ટુંકા જવાબ સહીત બાહેર ગઈ.

તેણી ઓરડામાંથી બહાર ગઈ તેની થોડી પલ પછી જહાંગીરે ઓરડાનું બારણું અંદરથી બંધ કીધું અને તેને આરકતરી રીતે જરને ચીઠી નાખતાં પણ જોઈ હતી તેથી તુરતજ ટેબલ આગલ જઈ હેઠલ જોતાં તેને એક ચીઠીજ માલમ પડી. આ ચીઠી જે ઉઘાડીજ હતી તે તેને ઊચકીને વાંચી.

" મારી વહાલી જર,

તારાં લગન થયાને આજ મહીનો ઉપર થયો છે અને તોપણ અને મલવાને તુંને તક તો મલતીજ ન હોય હા ખરેખર જેમ મેં એક વાર કહયું હતું તેમજ થયું. તારા ભરથાર સાથની મોજ મજાહમાં મને તદનજ ભુલી ગઈ માટે પણ યાદ રાખજે જે એમ મને ઠગવામાં તું મોટી ભુલ ખાયે છે માટે હવે આએ ચીઠી વાંચવા પછી આંઠ દીવસમાં નહી મલશે તો તારા શીઆવક્ષને તું તે જેવો હતો તેવો કદીપણ જોવા પામશે નહી.

લા. દુવાગીર તારો શાઆવક્ષ."

આ ચીઠી વાંચતાં જહાંગીરનું ચીત ફરવા લાગ્યું પણ તુરતજ ધીરજ રાખી જાણે કાંઈપણ તે જાણતો ન હોય તેમ ચીઠીને ત્યાંજ પડેલી હાલતમાં રાખી પોતે પોતાના ઓરડામાં ગયો અને બોલવા લાગ્યો જે આ શીઆવક્ષ કોણ હશે કાંઇ ફીકર નહી એ કોઈપણ હોય તો મારે એની દરકાર નથી કદાચ એમાંથી મારી ધારેલી ધારણામાં હું ઘણોજ જલદીથી ફાવશ અને સબર પકડીશ તો હજી બી વધારે કાંઈ મલી આવશે.

યા ખુદરત તારી કરામત ન્યારીજ છે એક ગમથી જેમ ખોરસેદના પ્યારમાં હું પડયો છું તેમજ બીજી ગમથી મારી પરણેતર ઓરત પણ કદાચ તેવાં યા કોઈ પણ જાતના પ્યારમાં ગીરફતાર છે એવું પેલી ચીઠી પરથી સ્વસ્ત માલમ પડે છે અને મને ધણી તરીકે તેણીએ કોઇ પણ દીવસે ગણ્યો નહીં તેનું ખરૂં કારણ તો આજ છે હું તો સમજતો હતો જે એ બીચારી શરમાલ છે.

જહાંગીર જરના ઓરડામાંથી ચીઠી વાંચી નીકલ્યો ને થોડીજ વારમાં જર પોતાના ઓરડામાં શોરાબશાહની દગલીનો કશ તાંકવાનું એક નજીવું કામ પુરૂં કરી દાખલ થઇ. દાખલ થતાં પોતાની તેબલ આગલ જઇ પેલી ચીઠી છે કે નહી તે જોવા પડી. જોતાં તુરતજ માલમ પડયું જે તે ત્યાંજ પડેલી હતી તેણીએ ઉચકી લઈ પાછી પોતાની દેસ્કમાં મુકી દીધી અને વીચારવા લાગી જે કદાચ એ ચીઠી જહાંગીરના હાથમાં આવતે તો પછી મારૂં શું થતે માટે હવે મારે સાવધપણે દરએક કામ કરવું જોઈએ ને નહી તો એક પણ વખત પકડાઈ જઈશ તો સઘલી મેહનત ફોકત જશે.

આપણને ચીઠી ઉપરથી માલમ પડયું તેમ જરને અતીઆર સુધી પોતાના શીઆવક્ષ સાથ મલવાની તક મલી ન હતી પણ આપણો જહાંગીરતો બે ત્રણ દીવશે પોતાની વહાલી ખોરસેદને જઈ દીલાસો આપતો હતો અને જે કાંઇ બનતું હતું તેનો પુરતો ખોલાસો પોતાની વહાલી ખોરસેદ આગલ કરવાને ચુકતો નહીં.

પ્રકરણ તેરમું.

"અકસમાત" અને "ભેદનો વધારે પુલતો ભરમ."

આવી હાલતમાં બીજા બે મહીના વહી ગયા તોપણ કાંઈ જાણવા જોગ બન્યું નહી પણ તે અરસામાં જરને એકવાર પોતાના શીઆવક્ષને મલવાની તક મલી હતી. તે તક મેલવવા ખાતર તેણીએ ઘેર જવાનું બહાનું કહાડયું હતું અને જે મેલાપ શીઆવક્ષે ચીઠીમાં જણાવેલી મુદતમાં થયો હતો. આવું જુઠું ઘર જવાના બહાનાનું ખરૂં કારણ તો આપણા જહાંગીરશાહને સારી રીતે રોશન હતું પણ તેને કાંઈપણ વાંધો લીધો નહી.

જર સાથ આએ લાંબી મુલાકાતથી શીઆવક્ષને સારો તડાકો પડયો હતો. એટલેકે જરે આએ મેલાપ વખતે તે બદમાસને રૂપીઆ સો સોની બે નોટો અને પોતાના પૈસામાંથી લીધેલી એક હીરાની વીટી ભેટ આપી હતી.

એ સીવાય બીજું કાંઇ બન્યું ન હતું પણ વખત વીતવા બાદ અકસમાત એવો બન્યો જે એક દીવસ બેહેરામશાહ પોતે રાતે પોતાની ગાડીમાં બેસી પેહડી ઉપરથી ઘર આગલ આવતા હતા અને તે વખતે ઘોડાના ચમકવાથી ગાડી ઉંધી વલી ગઇ અને બેહેરામશાહ ગભરાતમાં બારણું ઉઘાડી બહાર કુદી પડવાથી અદફતમાં આવી જવાથી સખત ઘાયલ થયા હતા જેવણુને રસતેના આવતાં જતાં લોકોમાંથી કોઇએ ઓલખી કાહડી તુરતવેલા ભાડેની ગાડીમાં નાખી તેવણુના મકાને પુગાડવામાં આવ્યા હતા.

તુરતજ તેવણુની છોકરી જર કે જેણી તે વખતે પોતાના સાસરાં ઘરમાં હતી ત્યાંથી તેડી મંગાવવામાં આવી હતી તથા શોરાબશાહ અને જહાંગીરને ખબર આપવામાં આવી હતી. શોરાબશાહ ખબર મલતાંજ પોતે પોતાની વહુ જર સાથ બેહેરામશાહને બંગલે જઇ પુગી દાકતરને બોલાવી ઘટતી સાહારવારમાં બહુજ ખંતીલી મેહનતે ગુતાઇ પાછા પોતાને મકાને ગયા.

આ વખતે તેવણુનો છોકરો જહાંગીર ઘરમાં ન હતો પણ તે તો સહાંજનો ફરવા ગયો હતો અને રાતે બહુજ મોડો આવ્યો હતો. આવતાં વાર તેવણુના બાપ શોરાબશાહ જેવણુ તુરતનાજ જરને મેલી પાછા ફર્યા હતા તેવણુથી ખબર મલી. રાત થઇ જવાથી જહાંગીરે સહવારમાં જવાનું દરૂસ્ત ધાર્યું.

બાજે દીવસે તે પોતાના સસરા બેહેરામશાહને બંગલે ગયો અને ત્યાં જતાં તેને માલમ પડયું જે પોતાના બાપે કહેલી બીમારી હતી તેટલી બીમારીમાં બેહેરામશાહ હાલ ન હતા.

જહાંગીર બેહેરામશાહ આગલ ગયો તેવોજ તેને તેવણુથી માન ભર્યો આવકાર મલ્યો અને તેમ કરતાં તેવણે પુછયું જહાંગીરશાહ તમો રાત્રે બાવાજી સાથે કેમ નહી આવ્યા ?

જહાંગીરે વલતા જવાબમાં જણાવ્યું મેહેરબાન બાવાજી (જહાંગીર તેવણુને બાવાજીના એલકાબથીજ બોલાવતો હતો) મારૂં રાત્રે નહી આવવાનું કારણુ એટલુંજ જે હું તે દીવશે આસરે ચાર વાગે બહાર ગયો

હતો અને ત્યાંથી પાછા ફરતાં બહુજ વાર લાગી તેથી હું હાલમાં તમો આગલ આવ્યો છું. મારી ધીલને માટે મને માફ કરજો બાવાજી જે આવી તમારી હાલત વખતે બરોબર આવવા નહી બન્યું.

તું આવ્યો છે તો ભલે મારી આંખ ઉપર આ ધરખી તારુંજ છે તું બહાર ગયો તે વખતે તને કાંઈ પણ ખબર ન હતી જે મને એવું નુકસાન થશે માટે મારી પાસે માફ માગવા જેવું છેંજ નહી ઉલતો મારે તમો બાપ બેટાઓનો મારી આવા વખતની માંદગીમાં ભાગ લીધો તેને માટે હું ઉપકારી છું. તુંજ મારો દીકરો અને મારી એવી ઘરડી ઉમરમાં તું સંભાલ નહી કરે તો બીજું કોણ કરે? તારી ઉપર મારો પુરતો વીશવાશ અને મારો પોતાનો દીકરો હતે તો તેને હું એટલા પ્યારથી ચહાતે નહીં પણ તુંને જોતાંજ મારૂં લોહી ઉસકેરાઇ આવે છે અને ખુદરતીજ મારી આંખોમાં તાધક પડે છે. વાંચનાર! બેહેરામશાહ જહાંગીરને પોતાના ખરાં દીલથીજ ચાહતા હતા અને પોતાના છોકરા પેઠે ગણતા હતા. પોતાને લગતી કાંઈ પણ જોઇતી ચીજ મંગાવવી મુકવી હોય તેમાં પેહેલો પોતાનાં જહાંગીરને સામેલ કરતા હતા.

એમ કરી પછી તેવણે કહયું. જાઓ જરબાઇ પોતાના હોલમાં હશે કારણકે તમોને હરદમ સાથે જોવાથી મારૂં જીગર ઘણુંજ ખુશી રહે છે.

જહાંગીર થોડોવાર બેસી પછી પોતે જરના ઓરડામાં ગયો. ઓરડાનું બારણું ઉગડતાને વારમાં જહાંગીરને જોવાથી જર પોતાના ઓરડામાં જહાંગીરને બેસાડી ચાલી ગઇ પણ તેણી જહાંગીરને ઘટતો આવકાર આપતાં ચુકી ન હતી.

જહાંગીર ઓરડામાં આમથી તેમ ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તેની નજર એક દેસ્ક ઉપર પડી. દેસ્કની કુંચી અંદરજ કાંઇક ભુલથી રહી ગયાથી જહાંગીરને લાગ્યું જે આ દેસ્ક એમ હમેશાં ઉઘાડીજ રહેતી હોવી જોઇએ એવા વીચારમાં આવતાંજ દેસ્ક આગલ એક ખુરસી પડેલી હતી ત્યાં બેસી દેસ્ક ઉઘાડી એવા વીચારથી જે કાંઇ ચોપાન્યા હોય તો વાંચી વખત કહાડે.

દેસ્ક ઉઘાડતાંજ તેને એક ખુણામાં બાઇ જરબાઇ એવા નામની એક ચીઠી પડેલી જોઈ. ચીઠી વાંચી અંદર શું લખેલું હતું તેથી વાકેફ

થયો. વાંચનાર, આ ચીઠી શીઆવક્ષે મોકલેલા તેડાંની હતી અને તે દશ વાગે હમેશની જગાપર મલવાને માટે હતી જે આપણે એકવાર વાંચી ગયા.

પણ આથી જહાંગીરને કાંઇ નવું લાગ્યું નહી અને એનીગમ પેલીગમ સઘલું ઉપડતા તેને એક બીજી ચીઠી માલમ પડી જેની વીગત હેઠે મુજબ જહાંગીરે ધડકતા જીગર સહીત વાંચી અને જે ચીઠીપર "છુપી," એવો બોલ લખેલો હતો.

જરબાઇ,

જેમ આપણે ગોઠવણુ કીધી હતી તેમ પેલા તારા બાપના ભાગ્યા શેરાબશાહ શેઠના છોકરા જહાંગીરને બનતી કોશશથી સોધી કહાડી તેને ગઇ રાતનો પુરો કીધોછે. તેને મારવાની હમો બીજી ગોઠવણમાં હતા પણ સંજોગ એવો બન્યો જે હું મારાં સાથી સાથે એક જગોપર હતો. તે વેલા તેજ સામેથી આવ્યો અને પછી મારા હાથમાં શીકાર આવેલો જોઈ મારી બીજી ગોઠવણોને કચડી નાંખી તેજ પ્રસંગે મારૂં કામ કરી લીધું છે. હવે તારે કાંઇ પણ ધાસતી રાખવી નહી કારણકે એક બલા તો આપણા માર્ગમાંથી દુર થઇ છે.

આ ચીઠીમાં લખનારે પોતાનું નામ જણાવેલું ન હતું પણ આ ચંચલ જહાંગીરને તુરતજ માલમ પડયું જે એ લખનાર કોણ હતો આ ચીઠીના અક્ષરો બરોબર તેને બે વાર બીજી જુદી જુદી ચીઠી વાંચેલી તેને મલતી આવતી હતી. આ છુપો ભેદ એકદમ તેને મલવાથી તે ઘણોજ ખુશી થયો અને તેની ઉપર થયેલો ખુની હુમલો કરનાર ધણી કોણ હતો તેની સાબેતી પુરતી મલી પણ તેવું બુરૂ કરમ કરનારનો ચેહેરો જોવાને તે હજુર સામર્થવાન થયો ન હતો. તેને દેસ્ક પાછી જેમ હતી તેમ રેહેવા દઈ બારી આગલ જઈ જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ બહારનો દેખાવ જોતો ઉભો રહયો અને મનમાં તે દાદગર દાવરનું નામ યાદ કરતો હતો જે તુંજ બારે હકતાલાએ મને એ મારા લગતા બે છુપા ભેદોથી વાકેફ કીધો અને મારા પોતાના અનુભવ ઉપરથી મને ચોકસ માલમ પડે છે જે આ શીઆવક્ષ ખરેજ બદમાસ હોવો જોઇએ અને એ નાપાકના

પોતાના સપાતામાં કોઈપણ હમારામાંનું નીરદોષ આવી જશે તો રેંસી નાખવાને ચુકશે નહી કારણ કે એના લખ્યા મુજબ બીજી કાંઇ અડચણ વચમાં પડેલી સાફ એને માલમ પડે છે.

ત્યારપછી તે ઓરડામાંથી બહાર નીકલી એમતેમ ફરવા લાગ્યો. એવી હાલતમાં લગભગ બપોરના ખાનાનો વખત થયો અને તેને ત્યાંજ ખાનું લેવાની ફરજ પડી. ખાઈ રહી બેહેરામશાહને મલી પાછો પોતાને ઘેર ગયો અને જે બન્યું હતું અને જે જે નજરેનજર ખાતરી કીધી હતી તેપર દરયાફ્ત કરવા લાગ્યો અને બોલવા લાગ્યો જે તે માહા દયાલુ બાપે જેને મને બે ભેદોથી વાકેફ કીધો છે તેજ મને આ લુચ્ચા શીઆ. વક્ષને નજરેનજર કોઈ દીવસે દેખાડવાને પણ ચુકશે નહી. કદાચ મેં તેને જોયો પણ હોય અને તેના નામથી હું બીનવાકેફ હોઉં ખેર મારે એની વધુ ફીકર કરવી નહી એ લોકો જો પોતાના પાપી કામમાં એકવાર પકડાશે તો પછી મને વધારે ધાસ્તી રેહેવા ઉપરાંત સામી કમી થશે પણ મારે હવે વધુ સાવધ રેહેવાની ગરજ છે.

પ્રકરણ ચૌદમું.

"છેલ્લી મુલાકાત" અને "રજા".

બેહેરામશાહ થોડો વખત બીમારી ભોગવી સાજા થયા પણ તેવણ ઘણાજ નાતવાન થઇ ગયા હતા પણ ચાલુ ખોરાકીના મારામાં બે મહીના લાગે તે બીમારી અને નાતવાની એકજ મહીનામાં પુરી થઇ આખરે તતાર થઇ પોતાના ધંધામાં પાછા ગુતાયા અને સઘલું સમાધાનીપર. ચાલવા લાગ્યું પણ જહાંગીર હવે પોતાના કરેલા વીચારો અમલમાં લાવવા પર મંડયો.

જે વખતે આ નીચલા બનાવો બનતા હતા તે વખતે જહાંગીર અને જરના લગનને વરસ લગભગ વહી ગયું હતું.

એક દીવશે તે સાંજના પોતાની વહાલી ખોરસેદ સહીત ઘણીજ ગંભીર વારતામાં મસગુલ હતો.

વાહાલી ખોરસેદ જહાંગીર બોલ્યો તુંને વધુ વાર હવે વેહેમમાં રાખવા મને ગમતુંજ નથી અને મને એવી હાલતમાં જીવવું એટલુંતો ભારી પડેછે જે એના કરતાં હું જીવતો મુવેલો બેહેતર. આ દુનીઆ મને તદનજ અકારી પડેછે.

એક મરદ યા ઓરતને ગમે એટલા પૈસા છતાં ઓરત યા મરદના પ્યારનું સુખ હોય તો પૈસા તેઓના મનથી પથરા બરોબર છે અને મારો હાલ તેવોજ થયોછે જેમાંથી છુટા થવા તે ખોદા મને મદદ કરે.

મારા જીગરના હાર અને મારા સુખ દુખના સાથી જહાંગીર તું એમ ના બોલ જે સઘલું દુખ તું ખમવા માથે લેએ છે તે મારેજ માટે છે એવીજ મારી ખાત્રીછે તારા દીદાર જોવા વગર મારી આંખને કેમ તાધક વલશે અને જે જે દીલાસાના બોલો તુંજ તરફથી સાંભલી મારા જીવને કરાર વલેછે તે બોલો હવે પછી સમજવા કયારે હું નસીબવાન થવશ. જહાંગીરૂ મારા વહાલા જહાંગીર, તારી જીંદગીમાં ખરેજ હું બેનસીબ તુંને દુખી કરવા સરજી છું, વહાલા જહાંગીર તેણી (તેના ગલામાં હાથ નાખી વધારે કરગરીને બોલી) એમ હીમ્મત છોડી દેવી નહી, જે બનશે તે ખરૂં હવે તુને ધીરજ સહન કરવી જોઈએ તું એમ સમજે છે જે તારા વગર સુખ તથા આરામ એ બેમાંનું એક જરા પણ મને છે? આપણા બંન્ને તરફના પાક અને પવીત્ર પ્યારને ખાતરજ તે ખુદા આપણુને હજારો દુખોમાંથી નીવારણ કરી આખરે મેલાપ કરાવશે માટે બસ હવે તું જા અને ખોદા તારી મદદ હરદમ કરી તુંને બચાવે એવી મુજ ગરીબની અંતકરણની છેલ્લી અરજ છે.

એમ બોલવું પુરૂં કરતાં તેણીએ જહાંગીરને એક હલકી કીમતની વીતી તેના આંગલાંમાં સેરવી દીધી જે જહાંગીરે જોતાંજ એક ચુમી લઇ આંખમાં દાબી પોતાનાં આંગલાંમાંજ રહેવા દીધી જે તેને મનથી એક દીલાસોજ હતો.

ત્યાર પછી તેઓ એકમેકને પુરતી રીતે ભેટી છુતાં પડયાં. આ વખતે નામદાર ખોસરો ઘરમાંજ હતો અને તેની તરફથી પણ આપણા બહાદુર જંગી જહાંગીરને ઘણોજ રૂડો દીલાસો મલ્યો.

પોતાના કરેલા વીચારોને માટે હવે એક રાત અને તેનો બીજો દીવશ બાકી હતો અને આ દીવશે તે રાતના વખતે પોતાની વહાલી ખોરસેદને મલી ઘણીજ દલગીરી ભરી હાલતે આવતો હતો એટલે કે જ્યાંસુધી તે પોતાની ઇચ્છામાં પાર પડે ત્યાંસુધી તેને તેણીથી વેગલું રહેવું હતું અને આ બહાદુર કે જેને એક દીવશની જુદાઈ પહાડજેવી લાગતી હતી તે હવે ન ધરાઈ શકાય એવી લાંબી જુદાઈ કેમ ખમી શંકે?

એવી હાલતમાં ગમખાર બની તે ઘર પુગો અને પોતે પોતાના ઓરડામાં સુઇ ગયો અને આવતા દીવશની રાહા જોતો બેઠો.

આખરે દીવશ ઉગ્યો અને રોજના ચાલુ ફેરફારો સહીત વહેતો ગયો. આખો દીવશ જહાંગીર આતુરતામાં ગયો હતો અને રાત્રે પોતે આસરે કલાક દશને અમલે જ્યારે સઘલું શાંત અને ચુપ થઇ ગયું હતું તે વખતે તે પોતાના ઓરડામાંથી ધડકતી છાતી સહીત એક મોટો ઓવરકોત તોપી અને સ્લીપર પેહેડી બહાર નીકલ્યો. બહાર નીકલતાં તેને પોતાની આંખમાં આંસું લાવી પોતાના ઓરડાને છેલ્લી સલામ કીધી. આવા સુંદર મકાન-માંથી નીકલતાં તેને બહુજ ખેદ ઉપજ્યો પણ પ્યાર આગલ તે તદનજ દીવાનો બન્યો હતો અને તેમ કરવાની તે તેને ફરજ પાડતો હતો.

આવાં સુંદર મકાન કરતાં તેના મગજમાં કાંઇ બીજી ચીજ હતી અને તે ચીજ બધાંથી ઉમદા તે ગણતો હતો જે ચીજ તેની વહાલી ખોરસેદ હતી.

તે ધીમે ધીમે દાદર પરથી હેઠળ ઉતરયો પણ તેમ કરવા અગાઉ પોતાનાં બાપના ઓરડાનું બારણું જે હમેશ તેવણ અલગું રાખી સુતા હતા તે ઉઘાડી તેવણને જાણે નમન કરતો હોય તેમ કરવા ચુકયો નહી.

એણીગમ પેલીગમ કોઈ હોય અને તેની નજર ન પડે તેની ભારે સંભાલ રાખી તે ઘરમાંથી પાછલે રસતે બહાર પડયો. બહાર નીકલતાં તેને વીચાર આવ્યો જે જ્યારે તેના ગુમ થયાની ખબર તેના બાપને થશે ત્યારે તે બીચારો બુઘાપાના વખતમાં કેટલો ગમખાર તથા ગાફેલ બનશે એથી એકવાર જહાંગીરે પાછું પોતાના ઓરડામાં જવાનું મન કીધું પણ બીજીજ પલે તેના મગજમાં મકમ થયેલી પેલી તેની

ખુબસુરત ખોરસેદની ચીતારે તેને એટલોતો દીવાનો કીધો હતો જે તેને તેમ કરવાથી પાછો ફેરવ્યો.

વાંચનાર તે શું કરતો હતો અને કયાં જતો હતો તે સઘલું પડતું નાંખી જરા આપણે જર અને શીઆવક્ષ શું કરતાં હતાં તેઓ તરફ નેગાહ કરીએ જેમ કરવાથી આપણને બરોબર આપણી વારતા સમજણ પડે.

પ્રકરણ પંદરમું.

એક "નીચ ધારણા" અને તેમાં થયેલી નીશફલતા.

આ દીવસો પર જર પોતાના બાપના મકાનમાંજ હતી અને ત્યાં તેણીને પોતાના આશક શીઆવક્ષ સાથે વાત કરવાની ઠીક તક મલતી હતી. તેણીનો ઓરડો જેમ આપણે આગલ કહી ગયા તેમ પછવાડે નાકાંપર હતો અને તેથી પેલા બદમાસ શીઆવક્ષ સાથે તેણીને કોઈપણ વખતે સાંહાંજ પછી તેણીના લગન પછીની ઠીક તકો મલતી હતી.

જે દીવસે આપણો જહાંગીર ખોરસેદની રજા લઇ છેલ્લો આવ્યો તેજ દીવસે જર અને શીઆવક્ષ જુદોજ વીચાર કરતાં હતાં.

"વહાલી જર" બદમાસ શીઆવક્ષ બોલ્યો "બોલ હવે હું શું કરૂં મારાથી વધુ વખત વધારે ખમી શકાતું નથી પણ જે કરવું હોય તે વધારે પ્રસંગ ખોવા બાદ કરી નાખવું જોઇએ. આજ કાલ કરતાં એક વરસ પણ વહી ગયું. આપણે એકવાર કીધેલી ગોઠવણ બસ કાલે રાતેજ પુરી કરવી જોઇએ અને તેથી મારા જણાવ્યા મુજબ તારે અહીઆં કાલે રાતે બરોબર નવ વાગે હાજર રહેવું જોઇએ હું કોઇની પણ સંગાત વગર તુંને આવી મલીશ."

જરે ધ્રુજતા સાહાદે જવાબ વાલ્યો હા બરોબર નવ વાગે. શીઆવક્ષે જરને ધમકાવી કહયું જ્યારે હજુર તે કામ કરવાનો વખત આવ્યો નથી અને તે આગમચ તું આટલી બધી ગભરાએ છે તો પછી તે કામ બનશેજ કેમ માટે હીમ્મત ધર.

હા વહાલા હું હીમ્મત રાખુંછું તેણીએ જવાબ દીધો પણ મારૂં આંગ આજે બધું ધ્રુજેજ કેમ ? તેણી થોડાવારમાં તેના વહાલા શીઆ-વક્ષના હાથમાં શાંત થવા થઇ બોલી બસ હું તુંને હવે હીમ્મતથીજ કહું છું જે તારે કાલે આ જગાપર બરોબર નવ વાગે હાજર રહેવું તેઓ એમ એકમેકને કોલકરાર આપી છુતાં પડયાં.

આખરે તેઓની ધારણા મુજબ દીવશ ઉગ્યો. આખો દીવશ તેઓને ખુદરતીજ રીતે તદનજ ગંભીર દેખાવા લાગ્યો પણ તેની કાંઇ પણ અ-સર આ માહા અધમ પાપીઓ ઉપર થઇ નહી.

આખરે રાત પડી અને જર પોતાના ઓરડામાં માથું દુખે છે એવું બહાનું કહાડી સકારે સુઇ જવાને મસે ગઇ.

અંતે તેણીએ સઘલી સુપકીદી વચ્ચે ઘડીઆલનો નવમાં પાંચ મીનીત અગાઉનો ખખડાત સમજયો અને તુરતજ સાવધ થઈ પોતાના ઓરડાની બારી કુદાવી તેણી બહાર પડી. બારી કાંઇ ઉંચી નહતી કારણકે આપણે જાણી ગયા તેમ બંગલો બેઠોજ હતો.

આ અબલા જાતને ન છાજતી હીમતથી ખરેજ આપણે ઘણાજ દલગીર છઇએ અને હવે પછી તેણી શું નીચ કપત કરવામાં સામેલ થાયછે તે જોવાથી આપણુને ભારે દુખ ઉપજશે. તેણી બારી કુદાવી જ્યાં જગા નેમેલી હતી ત્યાં ઝાડના ઓથા આગલથી ચાલી જઇને શીઆવક્ષને મલી.

રાત પણ ઘણીજ અંધારી હતી અને તેને માટે આ પાપીઓ પોતાના કામમાં ઘણાજ સેહેલાઇથી ફાવશે એવી આશામાં ઘણાજ ખુશી થવા લાગ્યાં. જેવા તેઓ એકમેકને ઠેડવેલા વખતે મલ્યાં તેવાંજ તેઓ પછવાડેને રસતે વાર કુદાવી બંગલામાંથી બહાર પડયા.

વહાલી જર ઉતાવલથી ચાલ આપણે પાછું અગીઆર વાગામાં આવીને વગેસગે થઈ જવું જોઇએ અને ત્યાં જવાનો રસતો એક માઇલ કરતાં ઉપર છે એટલે લગભગ એક કલાક થશે.

તેઓ અંધારામાં એકમેકને વલગી ઉતાવલથી ચાલતાં હતાં. તેઓએ બહારનોજ રસતો લીધો હતો અને આવા શેહેરમાં જ્યાં ચોરોની ધાસતી

રહેછે ત્યાં તો આ વખતે સઘલું શાંત થઈ જતું હતું. તેઓની આવી ઝડપથી બરોબર દશ વાગે શોરાબશાહ શેઠના બંગલાના પાછલા દરવાજા ભણી આવી પુગાં.

વાંચનાર જેમ આપણે જાણી ગયા તેમ જહાંગીર પોતાના ઘરના પાછલા દરવાજામાંથી બહાર નીકલ્યો તેવોજ તેને સામેથી કોઈ બે જણા આવતાં હોય અને તે પણ ઘણીજ ઉતાવળથી એવું દેખાયું. અંધારૂં ઘણુંજ હતું અને પોતે કાલો દગલો ઓઘેલો હોવાથી એક મોટું ઝાડ જે બારણાથી થોડે દુર હતું તેના ઓથામાં ભરાઈ ગયો અને પેલા બેઉ જણ આગલ વધી જાય પછી બહાર જવાનો ઠેડાવ કીધો.

જેમ ધારતો હતો તેમ તેઓ સીધા જવાને બદલે તેના બંગલાનો પાછલો વાડનો ઝાંપો જે કામરાનો બનાવવામાં આવ્યો હતો તે તરફજ આવ્યાં અમે તે ઉઘાડી અંદર પેઠાં. અંદર પેસતાં જહાંગીરને મરદનો ચેહરો બરોબર દેખાગો પણ તેણી સાથે કોણ હતું તેની તેને તે વખતે ખબર પડી નહી.

આ કોણ હતાં અને આવી મોડી રાતે તેઓ તેના બંગલામાં શું કરવા આવ્યાં હતાં તેની કાંઇ સમજણ આપણા બહાદુર જહાંગીરને પડી નહી પણ સંજોગ એવો બન્યો જે તેઓ પેલાંજ ઝાડની એક બાજુએ આવી વાતચીત કરતાં સભલાયાં.

શીઆવક્ષ તું અહીઆંજ થોભ અને સંભાલજે તારા હથીઆર બરોબર છે કે નહી નહીતો સઘલી મેહેનત ફોકત. જહાંગીરને એકલા હાથે મારવો કાંઇ રમતનું કામ નથી કારણ તે ઘણોજ મજબુત અને જોરાવર છે.

આ તો જ્યાં છે ત્યાં મારી જર છે અને જે મર્દ સાથે છે તે પેલો બદમાશ શીઆવક્ષ પોતેછે એમ જહાંગીર મનસે વીચારતો હતો.

વહાલી તારે કાંઈ પણ ફીકર રાખવી નહી તું મને બસ જહાંગીરના ઓરડાની નીસાન બતલાવ અને પછી તું બેફીકર રહે. આ મારૂં ઝેરી પાની પાયેલું હથીઆર (ખંજર) એક હાથી જેવા બલવંત માણસને વગર ચીચીઆરી પડાવવે આ જહાનથી નાબુદ કરવાને બસ છે માટે ચાલ તું આગલ અને મને રસતો દેખાડ.

જહાંગીર આ સાંભલી બહુજ દુખી તથા ખુશી થવા લાગ્યો અને બોલ્યો આજે મને નવી જીંદગી મલી છે.

દુખી એટલા માટે જે તેની પરણેતર બાયડી એવાં બુરાં કરમમાં ગોતાં ખાતી હતી અને પોતાના બીજા સાથના પ્યારને ખાતર પોતાના ખાવીંદનું ખુન વતીક કરાવવાને તૈયાર થઇ આજે પોતાની ઘાતકી અને બદ ધારણા પુરી પાડવા આવી હતી; અને ખુશી એટલા માટે થતો હતો જે તે દાદગર દાવરે પોતાની રહેમ નજરથી બચાવ્યો હતો.

અરે જો હું મારા કામપર આજ રાતે મંડયો ન હતે તો આ વખતની માત્ર થોડીજ પલ પછી હું મારી ઉગતી હાલતમાં મારી વહાલી ખોરસેદને આ જહાનમાં ડોલતી રાખી પેલી જહાનમાં પુગી ગયો હતે અને અંતની ઘડીએ પણ આ લુચ્છા બદમાસ શીઆવક્ષને પણ હું જોવા નશીબવાન થયો છું.

જો મારી તલવાર આ વખતે હું લાવ્યો હતે તો આ બદમાસોને કાંઇપણ જણાવ્યા વગર એકદમ બહાર આવી આએજ ઘડી એઓના માંથા ઉડારી મેલ્યાં હતે પણ મારે એ લોકોને કાંઈ પણ ન કરતાં અહીઆંથી ચાલી જવું જોઈએ કારણકે સહવાર પડતાં આ શેહેરથી મારે ઘણે લંબાણ નીકલી જવું જોઈએ. એ લોકો અંતે પોતાના પાપમાં સપડાઇ મરશે અને મને હવે સહવાર પડતાં મુવેલો સમજી તેઓ મારો પીછો છોડશે.

એમ વીચારી જેવાં તે લોકો બંગલાના પાછલા દરવાજા ભણી ગયાં તેવોજ જહાંગીર બહુજ જડપથી અને ઘણીજ સંભાલ ભરી રીતે બહાર નીકલી ચાલ્યો.

જર અને શીઆવક્ષ બારણા આગલ જઈ વીચારમાં પડયાં જે બારણું ઘણુંજ સપાઇથી ઉઘાડવું જોઈએ એવા વીચારથી શીઆવક્ષે બારણાને ધીમો હડસેલો મારી તપાસ્યું પણ તે આચકાંથી બારણું જે અલગું હતું (કારણ કે આપણો જહાંગીર હમણાંજ બહાર નીકલ્યો હતો) તે ઉઘડી ગયું.

બારણું આવા આંચકાથી ઉઘડી ગયું અને અંદર સાંકલ ન મારેલી હતી તેથી પેલા બે ખુનીઓ ઘણાજ ખુશી થયા અને મનમાં વીચા-

રવા લાગ્યા જે આપણા કામનું અરધું કામતો આથી જલદીથી આસાનાં થયું છે. ખરેખર આપણને ન ધારેલી છુપી મદદ મલતીજ જાયેછે અને કોઇના ભુલી જવાથી આ બારણું વગર સાંકલ દેવે ચપતાવવામાં આવ્યું છે.

પણ કદાચ બારણું બંધ હતે તો પણ તે બદમાસો પાસે ઉઘાડવાના હથીઆરો હતાં.

તેઓ તરતજ અંદર દાખલ થઈ આગલ ચાલ્યાં. અંદર સઘલુ અંધારૂં હતું પણ જરને સઘલો રસતો પગે હતો એટલે તેણી આગલ ચાલી પાછલ પોતાના શીઆવક્ષને હાથ આપી ચલાવતી હતી તેઓ એમ ધીમે ધીમે ઉપર ગયા અને જહાંગીરના ઓરડા આગલ જઇ બારણું ઉઘાડયું.

જરને ખબર હતી જે જહાંગીર ઉઘાડાંજ બારને સુવેછે. તેઓ અંદર દાખલ થયાં અને તેના ધોલીઆ ભણી બેઉ જણ જઇ કુરતની ઉંચકી જોયું તો કોઇ મલે નહી. તેઓ થોડોવાર ઓરડાના ખુનામાં ભરાઈ ગયા અને દીવો બુજાવી નાખ્યો હતો જે કદાચ જહાંગીર જે બહાર ગયેલો હશે તે આવશે ને તુરતજ તેને મારી નાંખે એવી ચુપકીદી હાલતમાં લગભગ અગીઆર વાગી ગયા પણ કોઈ આવ્યું નહી. આખરે તેઓ પોતાની નીરાશી વચ્ચે જેટલી સંભાલ રાખી આવ્યાં હતાં તેના કરતાં બેવડી સંભાલ રાખી પાછા બાગ તરફ નીકલ્યાં અને એકમેક સાથ વાત કરવા પડયા જે જહાંગીર ખરેખર નશીબવાન છે હજુર તેને જીવવાના એકાદ બે દીવસ વધુ હશે અને તેઓ એમ વીચારી પોત પોતાની અસલ જગા ઉપર આજનું કામ કાલપર મુલતવી રાખીને ગયાં.

આખરે જેમ આપણે જોઈ ગયા તેમ આ ઘાતકી કરપીનો પોતાની ધારણામાં નીશફલ થયા ખરા.

ઓ ખોદા અજબ તારી કરામત ગુનેહગારોને મારનાર અને નીરદોષોને તાલનાર તુંજ સાહેબ છે.

એક આંખના પલકારા સમેત બનાવ જે બનવાનો હતો તેનાથી કહેલું ઉલતું થયું એટલેકે જેમ જહાંગીરની નજરે આ બદમાસો પડયા તેવીજ રીતે જો તેઓની આંખે આપણો જહાંગીર પડતે તો પછી મોત અને જીંદગીની એક મોટી લડાઇ ચાલતે પણ આખરે જહાંગીર બચ્યો.

શુક્ર ખોદાના હજારોહજાર જે બી ગુનેહગારો બચવાંજ જોઇએ અને ગુનાહગારો તેઓના પાપની ફેજે પુગવા સજાનાર છે.

પ્રકરણ સોલમું.

"જહાંગીરનું મરણ રૂપ" અને બેહેરામશાહનું ખુન.

સીહા રાત જે લુચ્છા બદમાસો, ચોરો તથા કરપીનો દીવસ બરોબર ગણેછે તે આખરે પોતાની સીહાઈ વચ્ચે પુરી થઇ. મરઘાં તથા કાગડાનો અવાજ નીકલવા લાગ્યો. ગરીબ મજુરો અને કામદાર માણુસની દોડાદોડના ભારે પગલાં સંભલાવા લાગ્યાં. સુરજ આસતે આસતે અંધારૂ ધાંકી નાંખતો અને સર્વ ચીજોને ઉજાસ આપતો પોતાના તપતપતા કીરણો સહીત બહાર નીકલતો હતો. તેની પોતાની દીવશની એકવારની મુશાફરીમાં હજારો હજાર બનાવો બનતા. કોઈને ત્યાં મરણ તો બીજે ઠેકાંણે લગનની ધામધુમ, કોઇને ત્યાં કંગાલ્યત તો બીજે ઠેકાણે રોશણી એવી હાલત વચ્ચે સઘલું શેહેર હલીમલી રહયું હતું.

આ ઉપલામાંનો એક બનાવ બનતો હતો અને તે પણ આપણા માતબર સખી શોરાબશાહના પોતાના મકાનમાંજ બનતો હતો.

શોરાબશાહ પોતાના ઓરડામાં ભણુવા બેઠા હતા અને તેવણને પોતાની બંદગી પુરી થતાં આપણા જહાંગીરનું કામ પડયું તેથી ચાકરને મોકલ્યો જે જહાંગીરશા બીજા ઓરડામાં હોય તો તેડી લાવે.

પણ ચાકરે તેવણુના સવાલનો તુરત જવાબ વાલ્યો. મેહેરબાન શેઠજી મારા ધારવા પ્રમાણે જહાંગીરશા આજે નદીમાં જેમ હમેશ જાયછે તેમ તરવા ગયા હશે, કારણકે તેવણ જો બીજે ઠેકાણે જાયે તો પછી તેવણનું બદીઆન અને પાગડી ખીલાપર ન હોવા જોઈએ. બીજું પાછલું બારણું પણ આજે સહવારે ઉઠયો તે વખતે ઉઘડેલું હતું.

તરવાનું નામ સાંભલ્યું કે શોરાબશાહના દીલમાં કાંઇ એજગેબી ધ્રુજરી છુટવા લાગી અને પોતે બરબડવા લાગ્યા જે એ પોતાની એવી ધારતી ભરેલી રમતમાં પોતાનો જીવ ખોહી દેશે એને શું એવા ઘેલાં લાગાંછે.

એટલું વીચારી તેવણ પોતાના ઓરડામાંજ બેસી રહયા. આસરે કલાક દોઢ બીજો નીકલી ગયો પણ જહાંગીર મલે નહી. હવેજ તેવણને

ધાસ્તી લાગી કારણકે જહાંગીર બામદાદમાં પાંચ વાગે જતો હતો તે ઘણોજ અવારે આવતો તો આઠ વાગે આવતો, પણ આજે ઘણુંજ મોડું થયું હતું તે તરી રેહેવા બાદ ઘરમાં આવ્યા વગર કેઠે જતો હતો નહી.

તેવણુને હવે ધાસ્તી લાગવા માંડી અને માણુસોને નદીપર દોડાવ્યાં. માણુસો આવે ત્યાંસુધી શોરાબશાહનું દીલ રહયું નહી અને ફીકર અને ધાસ્તી વચ્ચે તેવણુ એમ તેમ ફરવા લાગ્યા.

માણુસો થોડા વખતમાં પાછા આવ્યાં અને કહયું જે ત્યાંતો કોઈ નથી પણુ શોરાબશાહ બીજીગમ ખોલ કહાડવા જાય તેની અગાઉ તો તેવણુનો બીજો નોકર દોડતો દોડતો હાથમાં કોઇનાં કપડાં લઇ આવ્યો અને બોલ્યો સાહેબ નદીપર કોઇ છેજ નહી પણુ આ કપડા એક પથરાપર મુકેલાં મને માલમ પડયાં જે હું તમારી આગલ લાવ્યો છું.

કપડાં તપાસતાં સઘલા પર "જ" બોલ હતો તોપી પણુ તેનીજ. શોરાબશાહ બુમ પાડી બોલ્યા, ઓ ખુદા આએ હું શું જોઉં છું આએ તો સઘલું મારા જહાંગીરનુંજ, અરેરે! જેમ મેં ધાસ્તી રાખી હતી તેમ આજે મારૂં વહાલું અને એકજપુરૂં ફરજંદ ગુમ થયું છે.

મારા વહાલા જહાંગીર શોરાબશાહ ફોકેફોક મુકી રડતાં બોલ્યા તારા વગર હું કેમ જીવશ; હું બાપને જેને તારા દીદાર જોયાથીજ તાઘક અને ધીરજ હતી તે સઘલી હવે મને કોણુ આપશે?

શોરાબશાહ એમ બોલતાં અને પોતાનું માથું પટકતાં બેભાન થઇ ગયા. તેવણુની બીમારીની અને જહાંગીરનાં દુબી મરવાની ખબર આખા સુરત શેહેરમાં વીજલીના ચમકારા માફક પંથરાઈ ગઇ. લોકો આ ખબર સાંભલી બહુજ દલગીર થવા લાગ્યાં કારણકે આ ભલા જહાંગીરે કે જે બધા ઉપર માયાલુ હતો તેને વધારે ચાહતા હતા. બેહેરામશાહને ખબર મલતાંજ તેવણુ અર્ધ ઘેલા બની હાફતા હુફતા શોરાબશાહને ઘેર આવ્યા. આવી પુગતાંજ શોરાબશાહ જેવણુને તુરતનાંજ હુશીઆર કરવામાં આવ્યા હતા તેવણુની પાસે બેસી સઘલી હકીકત પુછી.

શોરાબશાહે જે બન્યું હતું તે સઘલું દસકલાં ખાઇ ખાઈને કહ્યું. સઘલું સાંભલી લેતાં બેહેરામશાહે માણુસો મોકલાવ્યાં કે નદી આગલ જઇ

નાના મછવાઓમાં બેસી કાંઇપણ તરતું દુબતું નજરે પડે તેને કાઢી લાવે પણ માણસો શોધ કરી પાછાં આવ્યાં કારણકે ત્યાં હોયશું જે તેઓ લાવે.

જર પણ પોતાના બાપ સહીત આવી અને તેને ખરા જીગરથી રૂદન કરતી હોય તેમ બાલો અને મોઢું માથું અફાલજીક કરવા મંડી ગઇ. લોકોથી તેણીને તથા પેલા દુખી થયેલા ઘરડા બાપને બહુજ દીલાસો દેવામાં આવ્યો પણ આ દીલાસાની અસર શોરાબશાહપર કાંઇ થઇ નહી.

જર બહારથી રડવાના જુઠા ધોંગ લઈ બેઠી હતી જ્યારે તેણી ભીત્તરથી વીચાર કરતી હતી જે શું જહાંગીરે તેણીને શીઆવક્ષ સાથે દીઠી હશે અથવા કાંઇપણ તેને મક્કમ પાયે કોઈથી સમજી પોતાના નામને દાઘ લાગે નહી કરીને પોતાનો આપઘાત કીધો હશે એમબીતો ઠીકજ થયું. ખરેખર રાતનાં બારણાં ઉઘાડાં હતાં તેનું કારણ મને ઠીક યાદ આપે છે જે જહાંગીરે આપઘાતજ કીધો છે તે માટે તેની કાંઇપણ ચીંતા નહી.

અરે આ નીચ દદાનાં દીલમાં કાંઇપણ દયાથી કંપારી છુટી નહી. જહાંગીરને ખાતર નહીતો નહી પણ તેનો બુઢો બાપ શોરાબશાહ જેવણની હાલત ખરેખર દયાલુ હતી તેવણને ખાતર પણ આ કરપીનને રેહેમ આવી નહી.

બચ્ચીતજ નહી. તેણીતો મનથી મગનજ થતી હતી અને પોતે ખુન કરી સદાની પાપમાં રહેતે તેનાં કરતાં તો આ ઠીકજ થયું જે જહાંગીર પોતાના હાથે મારા માર્ગમાંથી દુર થયો.

આવા ન ધારેલા બનાવની ખબર જ્યારે પેલા લુચ્ચા, કરપીન, પાપી શીઆવક્ષને થઇ ત્યારે તો બસ તેના હરખનો પારજ નહી. આજે રાતે તે પાછો જહાંગીરના બંગલામાં જઈ તેનું ખુન કરવાની વેતરણમાં હતો પણ તેમ કરવાની હવે ગરજ રહી નહી પણ તેના માર્ગમાં જે હજુર એક મોટી બલા જોતો હતો તે બલાને દુર કરતાં બસ એને થોડોજ વીચાર કરવો પડયો જે હવે પછી આપણને માલમ પડશે.

શોરાબશાહને મનથી તો દુનીઆજ જાણે ઉંધી વલી હતી એટલે ખાવું પીવું શું તે કાંઈ ગમ્યું નહી. જહાંગીરના આવા ધારેલા મરણને

લગભગ બે મહીના જતા રહયા પણ આએ ઘરડો બાપ જ્યારે ત્યારે એખલો બેસી હરદમ પોતાના બેટાને યાદ કરતો હતો અને દુવા ચાહતો હતો જે ઓ દાવર મને પણ તારી મીનોઇ જહાંનમાં બોલાવ હું વહાલાં વગરનો આ જેહાંનમાં ડોલતો રહી ગયો છું મેં એવો શું ગુનાહ કીધો જેથી તે મને બુઢાપાના વખતમાં વગર ફરજંદનો કરી મેલ્યો.

બેહેરામશાહને પણ થોડાક મહીના ગમ લાગ્યો અને તેવણે પણ જહાંગીરને એકદમ વીસારી મેલ્યો ન હતો. કોઇ એકાંત જગામાં અને કોઇની વગર સંગાતે બેસતાં તેવણને જહાંગીરની ચીતાર યાદ આવતી હતી ત્યારે તેવણનું હૈયું ભરાઇ આવતું હતું.

પણ પેલી બદમાસ નીચ ઓરતને તો કાંઇપણ પેહેલાંથીજ લાગતું હતું નહી અને ઉલતી તેણીતો હવે બીજાંજ કામમાં ગોતાં ખાતી હતી.

એમ લગભગ જહાંગીરના ધારણ કીધેલા મરણને છ માસ વીતી ગયા અને તે વખતમાં કાંઈ જાણવા જોગ બન્યું નહી પણ તે અવસર વીત્યા બાદ બેહેરામશાહનો બંગલો ખુનખાર બનવા લાગ્યો.

∴ ∴ ∴

લોકોનાં તોલાં આતુરતાથી બંગલામાં જતાં અને રડતે ચેહેરે પાછાં ફરતાં હતાં. એનીગમ પેલીગમ પોલીશ અમલદારો પોતાની તપાસમાં રોકાયલા માલમ પડતા જ્યારે સીપાઇઓ લોકોની વધતી જતી ગીરદીને ધક્કા મારી દુર કરતા હતા પણ શેહેરના લોકોનાં ટોલાં આગલ પાંચ પંદર માણસોનું શું ચાલે ?

' વાંચનાર અજબ થશે જે વલી આ શાની ગરબડ બેહેરામશાહના ઘરમાં ચાલી હતી તે ગરબડતો આપણા બેહેરામશાહના ખુનની તપાસની હતી.

ખુન ! અને તેપણ બેહેરામશાહનું, ખરેખર બેહેરામશાહનુંજ થયું હતું અને તે ઘણીજ કંગાલ હાલતમાં કરવામાં આવ્યું હતું એટલેકે તેવણનું ગલું સરથી તદનજ જુદું પાડવામાં આવ્યું હતું. અરેરે! તેવણ પોતાની માંદગીમાંજ મરણ પામતે તો! લોકોમાં આટલું દુખ નહી ઉપજતે "ત્યારે આઅ ખુન કરનાર ઘણી કોણ ?"

"કોણુ વલી, પેલો બદમાસ શીઆવક્ષ અને તેના કપટમાં સામેલ થનાર તેની બદમાસ જર."

આએ દગલબાજ ઓરતે પોતાના લોભને માટે અને પોતાના પ્યારના જુસ્સાથી તદનજ દેવાની થઇ જઇ તેણીએ શીઆવક્ષ સાથ મલી પોતાના બાપનું ખુન કરાવ્યું હતું. ખુન એવા પકા પાયાપર કીધું હતું જે તેના ગુનાહગારોને પકડવા પોલીશને ભારે ગુચવાડો પડયો.

શોરાબશાહ એક ભાગ્યા તરીકે નહી પણુ પોતાના હમજાતીનુંજ એવું ઘાતકી રીતે ખુન કરવામાં આવ્યું તેની પુરતી તપાસને માટે તેવણે પોલીશ અમલદારોની મદદથી સઘલે ઠેકાણે માણસો દોડાવ્યાં પણુ માણશો લાવે કોણુને? ખુની તો પાસેજ હતો. ખુન (નહી પકડાય) કાંઈ બારમાં થયેલું છે એવું સાબેત નહી થાય માટે ઘરમાં કબટ પેટી સૌ ભાગેલી હાલતમાં નાખ્યાં હતાં અને થોડો ઘણો માલ પણુ ઉંચો સંતાડયો હતો.

શોરાબશાહ ચોકસ તપાસ કરવામાં માણસો રોકી પોતે જર પાસે જઇ તેણીને આએ એક વરસમાં ખુદરતી બે ફતકા માટે તેણીને દીલાસો આપતા હતા અને પાછા પોતાના જહાંગીરને યાદ કરતાં ફોકેફોક રડવા લાગ્યા.

પાપી જરે પોતાનું પાપ છુપાવવાની કોશેશમાં ફાવવા માટે ધોંગ કરવામાં બાકી રાખ્યું નહી અને અંતે તેણી ફાવી. માથેમાથાં જીકી લોકોની રેહેમ પોતાની ઉપર ખેંચી.

બેહેરામશાહને જોઇતી માન ભરી ક્રિયા કરવા બાદ એક મોટી પાયેદસ્ત સહીત અવલમંજલ પહોંચાડવામાં આવ્યા.

પોલીશ ખુનીને શોધી કહાડવામાં રોકાઇ. એમ લગભગ બે મહીના વહી ગયા પણુ ખુની પકડાયો નહી અને ખુનરેજીની વાત પણુ લોકોમાંથી વીસરાતી ચાલી.

શોરાબશાહે દયાનતદાર રીતે પોતાની પેહેડીનો બીજા મોટા માણસો પાસે હીસાબ કરાવી સર્વને ખાતરી કરી આપી બે ભાગ કરી એક હીસ્સો પોતે રાખી બાકીનો બીજો હીસ્સો જે લગભગ સાડતીસલાખ રૂપીઆનો નીકલ્યો તે જરને આપ્યો અને પોતાના ભાગમાંથી બીજા ત્રણુલાખ આપી બરોબર ચાલીશ લાખની એક ગંજાવર મીલકત જરને સ્વાધીન કરી આપી.

ખતપત્ર અને સહીસાખો અને વકીલો સહીત શેરાબશાહ તેણીને ઘેર ગયા અને સઘલાંની સાખ સુધાં રૂપીઆ તથા માલ મીલકત બધું તેણીને આપ્યું.

જરે પોતાની તરફથી જેટલાં મક્કર થયાં તેટલાં કરી આખરે આના-કાનીએ સહી કરી આપી અને સઘલું ચુકતે થયું.

શેરાબશાહ પાછા એકલા હાથે કામ ચલાવવા લાગ્યા અને ગરીબ લોકોને ધરમ કરવા પાછલ પુશકલ નાણું ઉદાર હાથે ખરચવા લાગા. તેવણના નફાનો તો કાંઈ પારજ ન હતો.

તેવણે જહાંગીરનું નામ કાયેમ રહે માટે સુરતમાંજ લોકોને જોઈતી જગાએ કુવા તથા તાંકાઓ બનાવી અપાવ્યાં અને એવી એવી ગરીબ લોકોને બરની જોઇતી ઘણીક ચીજોની તાણ આ ભલા શેઠીઆએ તાલી.

જરે પોતાના બાપના મરણ બાદ લોકોને દેખડાવવા ખાતર એક નાની રકમ પોતાની બદ લુચ્છાઇથી મેલવેલી દોલતમાંથી આપી અને તેણી ત્યાર બાદ અમનચમનમાં પોતાના લુચ્છા આશક શીઆવક્ષ સાથે દીવસો ગુજારવા લાગી અને આએ હરામખોર વઘેડો શીઆવક્ષ તો હવે તેણીને ઘણોજ ચાહતો હતો.

પણ બેહેરામશાહનું ખુન તેણીએ કરાવ્યું હતું તે માટે તેણીને ભયંકાર સ્વપના આવતા હતા અને હરદમ તેણીની છાતીપર ધાસ્તીનો છાપ પંથરાયલો રહયો.

પોતાના વર જહાંગીરને એક વરસ વીતવાબાદ પાપી જર પોતાના શીઆવક્ષ સાથે પરણવાને કુદી રડી હતી અને તેણીના હાથમાં જ્યારે આવી ગંજાવર રકમ આવી ત્યારે તો તેણી શીઆવક્ષને પુશકલ પૈસા આપતી હતી જે પૈસાથી પેલો બદમાશ ન ધારેલી રીતે પુશકલ એસકાઇમાં ફરતો હતો અને પોતે જાણે ખરેખરો પોતાનાજ પૈસા વાપરતો હોય એવું દેખાડતો હતો.

તેઓને આનીગમ પડતાં નાખી આપણને હવે આપણા બહાદુર જહાંગીરને શું થયું અને તે ક્યાં ગુમ થઈ ગયો તે સોધી કાહડવા પાછલ જવું જોઈએ.

પ્રકરણ સતરમું.

"અમદાવાદ શેહેર કાવુશ અને પેશતનજી કાવુશપર પડતી જપ્રા."

વાંચનાર આપણે હવે સુરત શેહેરમાં જે બનાવો બન્યા તે હરે ત્યાંજ પડતા નાખી તે શેહેરથી ઘણા કોશ દુર આવેલું અને આબાદ શેહેર નામે અમદાવાદમાં કાંઈક નોંધવાજોગ અને આપણી વારતાને લગતુંજ બનતું હતું તે તરફ આપણે નીગાહ કરીશું.

સુરજ પુર જોશમાં માથાની ઉપર તપતો હતો એટલે કે જે વખતે આપણે અહી નજર કીધી તે વખત મધ્યાનનો હતો. ગાડી ઘોડાની તથા લોકોની આવજાવથી થતી ગરડી પણ થીક હતી. દુકાનો બજારની બેઉ બાજુએ લંબાયેલી હતી. આ સઘલું નેહાલતો એક સખશ બજારની એક બાજુએથી ચાલ્યો આવતો હતો.

આ શખસ ચીઠડેહાલ નજર આવતો હતો એટલુંજ નહી પણ તેના પગમાં સ્લીપર હતાં તે પણ ફાતી જઈ માંહેથી આંગલાં દેખાતાં હતાં. પોતાના માથાપર તડકો લાગતો હતો તેથી તેને પોતાની પાગડી જે ઘણીજ પેહેડવાથી તદનજ જુની થઇ ગયેલી હતી તેપર એક ફાતેલો જુનો રૂમાલ નાંખી ચાલતો હતો. તેને બીચારાએ આજ બે દીવસ થયાં મોંપર અનનો દાણો નાખ્યો હોય એવું લાગતું હતું નહી. તે સારી લાગણી તથા ગોરાં મોહોડાંનો હતો તેના પગ તથા હાથપર ધુલ હોવાથી એવું અનુમાન થતું હતું જે બીચારો ખુબ રખડતો હોવો જોઈએ.

ભુખમરાથી તે એટલો તો નાતવાન થયો હતો જે બીચારાને પો- તાના પગનું વજન ઉચકવાને પણ મહા મુશીબત પડતી હતી. જો કદાચ તે કોઈ પાસે હાથ જોડી કાંઇ ખાવાનું માંગતે તો તુરતજ આએ શેહેરના ઉદાર લોકોથી તે નામુરાદ ન થતે પણ તેમ કરવા કરતાં પોતે મરે તો બેહેતર એવું વીચારતો હતો. તેનું નામ કાવુશ હતું અને તેને સારો અભી- આસ કીધો હતો.

આએ શેહેરમાં તે તદનજ નવો માલમ પડતો હતો, અને તે શેહેરમાં આવ્યાને તેને લગભગ બે અઠવાડીઆં ઉપર થયાં હતાં. તેને શેહેરમાં આવતાં વાર કાંઇ ચાકરી મેળવવાની તજવીજ કીધી પણ બીચારો અત્યારસુધી તેમાંની એક પણ મેળવવાને બેનસીબ હતો અને પોતાની પાસે જે બી કાંઈ ટુંક રકમ હતી તેમાંથી બીચારાએ કરકસરે ચણા મમરા જેવું ફાકી લોકોને ઓટલે આંગણે વગર બીછાણાએ પથરાપર સુઇ આટલા દીવસ કહાડયા હતા.

ભુખમરાથી તે એટલો તો દેવાનો બન્યો હતો જે પોતે જે કેળવણી લીધી હતી તેને છાજતી જગા ન મળવાને લીધે બીચારાએ મજુર તરીકે કોઇ પારસીના ઘરમાં રહેવાનો વીચાર કીધો.

એવી હાલતમાં ચાલતાં એક પારસીની દુકાન આવ્યાથી ત્યાં તેને પીવાનું પાણી માગ્યું અને આપેલું પાણી પી તેને તે દુકાનના શેઠને પુછયું ભાઈ તમારે ત્યાં મુજ ગરીબને લગતી કાંઇ ચાકરી છે પેલા પારસી દુકાનદારે ઘણીજ નરમાસથી આપણા કાવુશની હાલત જોઇ જવાબ આપ્યો ભાઈ મારે ત્યાં એક મજુર સીવાયે મને કોઇની ગરજ નથી અને તે આ સામે બેઠો છે તેજ છે.

અહીંથી પણ તદનજ નામોરાદ થઇ તે આગળ વધ્યો. પાણીથી તેના સુકાઇ ગયેલા ગલાને પુશકળ કરાર વલ્યો. તે ધીમે ધીમે ચાલતો બજારનો રસતો છોડી લોકોના ઘર હતાં તે રસતાપરથી ચાલતો ચાલતો બે ચાર ગલી મહા મુશકેલીએ વીતાવી મોટી હવેલીવાલા ઘર આગળના રસતા ઉપર આવી લાગ્યો. અહીઆ આવી પુગતાં હવે વધુ તાકાત તેનામાં રહી નહી અને તેથી બીચારો આસાએસ લેવા એક મોટા ઘરના ઓટલાપર બેઠો.

તેના બેસવાની થોડીજ વાર ગઇ કે તેજ બારણા આગલ બે ઘોડાની ગાડી આવી પુગી અને તેમાથી આસરે પચાસ વરસની ઉમ્મરનો એક પારસી બહાર આવતાં વાર આએ બીચારા કંગાલ કાવુશને પુછવા લાગ્યો. એ પારસીનું નામ પેસતનજી હતું અને તેવણ અહીના વેપારી હતા. તેવણ ઘણાજ માયાળુ સ્વભાવના તેવણના મોઢાં પરથીજ લાગતા હતા અને આપણે કહી ગયા તેમ તેવણે દયાથી કાવુશને પુછયું કેમ ભાઇ તમો કોણ છેઓ અને તમો અહીઆં શું કામે આવ્યા છેઓ તેનો કાંઈ જવાબ દેશો?

કાવુશ જે બીચારો પોતાનું માથું નાંખી વીચાર કરતો હતો તેને પોતાની ડોક ઘણીજ ધીમે ઉંચે કરી જોયું. પણ જોતાંજવાર પોતાના પુછેલા જવાબનો સવાલ આપવાને બદલે બીચારો પાછી પોતાની ડોકી નીચે નાંખી રડવા લાગ્યો પણ રડવા જેટલી પણ શકતી તેનામાં હજી રહી ન હતી.

પોતાના હમજાતીને રડતાં જોઇ બીચારાપર કાંઇ ઘણુંજ મોટું દુખ હશે એવું ધારી પેસતનજી તેને પતાવી સમજાવી ઘરની અંદર લઈ ગયા.

ઘરમાં લઈ જઈ આ ગરીબ શખશનો હેવાલ પુછ્યો અને તે હેવાલ જાણતાં બીચારાપર પેસતનજીને ઘણીજ દયા ઉપજી. તેને પોતાના ઘરનું સઘલું સાફસુફ તથા ચીઠીપતરી લઇ જવાના કામપર રાખવાને કહ્યું.

ભુખ અને તંગાશી જે આ ગરીબ કાવુશની સામે તગરતગર જોતી હતી તેઓથી તે એટલો તો કંગાલ બન્યો હતો જે તે બીચારાએ કાંઇપણ આંચકી વગર ચાકરનું કામ કરવાપરબી હીમત બાંધી.

પેસતનજી તેને બીજા ચાકરોને સોંપી કહી ગયા જે એને ખાવાનું આપી નાહી ધોવારીને મારા કપડાની એક જોર પેહેરવા આપવી. બીચારા કાવુશને આખરે પોતાના પેટનો ખારો પુરવાનું સાંધન તો મલ્યું પણ બીચારાના જીવપર આવતું હતું.

વહાલા વાંચનાર, આએ કાવુશ એક માતબર શેઠીઆનો અસીલ છોકરો હતો પણ પોતાના હાથે આએ હાલતે પુગો હતો અને તેને એક વાર બાદશાહી મોજમજાહ મારી હતી અને તોપણ હમણાં આએ હાલતમાં આવતાં તેને કાંઈ પણ લાગતું હતું નહીં.

એ કાવુશ કોઈજ નહી પણ આપણો બહાદુર જહાંગીર અને શોરાબશાહનો એકલો હકદાર વારસ જેને સુરતમાં તેના ખેશીઓ તથા થોડોકવાર આપણે પણ મુવેલોજ સમજતા હતા તે પોતે હતો.

પણ ત્યારે તે અહીંઆ કયારે આવ્યો હતો? જે રાત્રે તેને વાડીમાં જર અને શીઆવક્ષને તેઓના ઘાતકી કામપર મંડેલા દીઠાં હતાં તેજ રાતે આપણે કહી ગયા તેમ તે નદીપર જઇ પોતાના ઓવરકોતમાં છુપાવેલા પોતાના હમેશના તરવા જતી વખતે પેહેરવાના કપડાં નદીના

ફીનારા આગલ મુકી સુરતનાં સ્તેશનપર જઇ મુંબઇથી જતી મેલ ત્રેનમાં એસી તે અહીઆ આવ્યો હતો અને અહી આવ્યા પછી કોઇ પાછલથી તેને ઓલખે નહી તેને માટે પોતાનું નામ બદલી નાખ્યું હતું. પોતા પાછલ કાંઈ પણ શક રહે નહી માટે તેને પોતાની સાથે પોતાના બાપે આપેલા નાણામાંથી ઘણોકવાર ચાલે એટલું નાણું લઈ જતે. કુંચીતો તેની પાસેજ હતી એટલે તેને કાંઈ પણ અડચણ ન પડતે પણ બસ તેની પાસ વીશ રૂપીઆની એક નોટ હતી તેજ લઇ પોતાનું ઘર છોડયું હતું. અમદાવાદમાં આવ્યા બાદ જેમ તે ધારતો હતો જે સારી ચાકરી મલશે તેમ આપણે જોયું તેમ તેથી ઉલતુંજ થયું. એવી હાલતમાં આવ્યા કરતાં તેને મરવું વધારે પસંદ હતું પણ જીવવાનો હરખ એટલોજ જે તેને પોતાની વહાલી દીલબર ખોરસેદને આખરે મલવા ઇછતો હતો અને તેજ તેને મનથી પુરતો કરાર હતો.

એવો ખોલાસો કરતાંજ મારે પાછું કેહેવું જોઇએ જે આપણા બહાદુર જહાંગીરને આપણે કાવુશનાજ નામે હવેથી જ્યાંસુધી આપણને જરૂર પડે ત્યાંસુધી ઓલખવુંજ જોઈશે.

પોતાને એવી હલકી ચાકરીપર રહયાને નવ માસ વહી ગયા અને તો પણ તે બીચારો પોતાનું કામ ઘણીજ આતુરતાથી બજાવતો હતો. પોતે "બી. એ." થયેલો હતો એવું તેને કોઈને પણ આજ નવ માસસુધી જણાવ્યું ન હતું. એટલુંજ નહી પણ સદંતર કાંઇ જાણતોજ ન હોય એવું હરદમ દેખડાવી આપતો હતો અને તે અરસામાં પોતાના શેઠ પેસતનજીને ત્યાં આવતાં ન્યુસપેપરમાં સદા જાહેર ખબર છુપી રીતે જોતો હતો. તેને કોઈપણ દીવશે દીલાસાની સારી ચાકરીની જાહેર ખબર મલીજ ન હતી.

તેને અહીઆં અમદાવાદમાં પોતાના સસરા બેહેરામશાહના ખુનની વાતની ખબરપત્રથી મલી હતી પણ આએ ચતુર જવાન તો તુરત ચેતી ગયો જે પેલા બદમાસ શીઆવક્ષે જરની મદદે બેહેરામશાહને ઠાર કીધોછે કારણકે તેના કાગજોમાં બીજી અડચણ તે જોતો હતો એવું લખતો હતો અને તે બીજી અડચણના ભોગતો બીચારા બેહેરામશાહ થઈ પડયા જેમ કરવાથી આ ખુની શીઆવક્ષને બેહેરામશાહના કુટુંબનું કોઈપણ બાકી ન રહેવાથી પરણવાની તક મલે.

કાવુશ જોકે પોતે પોતાની જીંદગી એવી હલકી ચાકરીમાં હાલ તુરત તો ગુજારતો હતો તોપણ પોતાની હમણાની સ્તીથીપર લગાર આસુદે નજર આવતો હતો.

પ્રકરણ અઢારમું.

"નવાજનું તરકત."

ખરેખર બીચારા કાવુશને આવી હલકી ચાકરીમાં જપ મલી નહી એટલેકે બીચારાના કીસમતમાં હજુર કાંઇ બાકી રહેલું હતું તે પુરૂં જ થવા તલપ્યા કરતું હતું.

પેસતનજીનું કુટુંબ ઘણુંજ નાહનું તેમજ મોટું ન હતું. તેવણુને એક છોકરો તથા બે છોકરીઓ હતી. છોકરાનું નામ દારાબ તથા તેની બેઉ બેહેનોના નામ ગુલબાનું તથા સુનામાય હતાં.

ગુલબાનું પેસતનજીની વડી છોકરી હતી અને તેવણ પરણેલાં હતાં. જેવણુનો ખાવીંદ પણ પેસતનજીની સાથેજ રેહતો હતો. દારાબ મુંબઈ જઈ પોતાની મેતરીકની પરીક્ષા પસાર કરી આવ્યો હતો, અને તે સૌને ઘણોજ ચાહતો હતો. સુનાબાઈની ઉમ્મર આસરે પંદર વરસની હતી અને તેણી પોતાના ભાઈ દારાબ કરતાં બે વરસ નાઘલી હતી. તેણી ઘણીજ અસીલ, ખુબસુરત અને રાંક હતી. બેઉ ભાઈ બેહનો એકમેકને ઘણોજ પ્યારથી ચાહતાં હતાં. દારાબના મગજમાં કાંઈપણ તુંડાઈ તથા મગરૂબી તથા એસકાઇનો અંશ હતોજ નહી અને તે પોતે આપણા કાવુશનો વારં-વાર ચેહરો જોઈ ઘણોજ દલગીરી બતાવતો હતો અને તેની ઉપર બહુજ માયા રાખતો હતો. તેના પોતા ઉપર કાંઇ ભરમ છે એવું સાફ આપણા દારાબને કાવુશના ચેહરા પરથી જણાતું હતું.

એ સીવાય ઘરમાં બીજાં કામકાજ ઉપર રાખેલા માણસો ઘણાં હતાં જેઓ પણ ગરીબ કાવુશપર દયા રાખતાં હતાં.

ચાકરોની ઉપરી એક બાઈ હતી જેણીની ઉમ્મર લગભગ ત્રીશ વરસની હતી જેણીનો દેખાવ કાંઈક સારો હતો અને તેણી વીધવા હતી.

તેણી ઘરનો સઘલો કારભાર કરતી હતી અને તેના બદલામાં તેણીને રૂપીઆ વીશનો પગાર મલતો હતો, તેણીનું નામ નવાજ હતું. તેણી ઘણીજ ચીબાવલી તથા તરકતી હતી અને ચાકરો સઘલા તેણીથી દુર રહેવા ઈછતા હતા અને તેઓ તેણીને ઘણાજ ધીક્કારતા હતા.

આપણો દારાબ તથા સુનામાય તેણીની તરફ ઘણાંજ કેહેરથી જોતાં હતાં.

પેસતનજીનું ઘર મોટું હતું અને પછવાડે ખુલ્લી જગાપર મોટો બાગ બનાવ્યો હતો. આ બાગમાંના એક નાકેના છેડાપર આવેલા બાંકપર આપણો કાવુશ પોતાનું કામકાજ પુરૂં કરી એક દીવસે સાંહાંજના પોતાની વહાલી ખોરસેદને યાદ કરતો હતો. વીચારમાં ને વીચારમાંજ તે કાંઇ બોલતો હતો "હા મારી વહાલી તું મને કેટલી ચાહાતી હશે."

જે વખતે તે ત્યાં બેસી વીચાર કરતો હતો તે વખતે પેલી ઘરની કારભારણ નવાજ ત્યાં જઈ લાગી તેની પછવાડે ઉભી રહી તે શું કરતો હતો તે સઘલું પાસેના ઝાડમાં છુપાઈ રહી જોતી હતી. જ્યારે તેણી એમ થોડોવાર છુપાઇ રહી હતી ત્યારે તેણીએ ઉપલા કાવુશના બોલો સમજ્યા. સમજતાંને વારમાં બહાર નીકલી આવી કાવુશના પાસામાં જઈ તેના ખભાંપર હાથ મુકી બોલી હા વહાલાં કાવુશ હું તુંને ખરેખર ઘણીજ ચાહું છું.

કાવુશને જોતાંજ આ અઘોર નવાજને કાંઈ બીજીજ રીતનો જુસ્સો ચઢયો હતો એટલે કે તેણી કાવુશને પોતાના ખરાં જીગરથી ચાહતી હતી.

કાવુશે પોતાના ખભાંપર કોઈનો હાથ મેલાયલો સમજી ફરીને જોયું તો તેના શેઠના ઘરની કારભારણ નવાજે તેના ગલામાં હાથ નાખ્યો હતો. તેણીને જોતાંજ આંચકા સમેત હાથ હઠાવી નાખી પોતે ઉઠી ઉભો થયો અને બોલ્યો બાઈ નવાજબાઈ તમો મારાં બેહેન સમાન થઈ મારા જેવા એક ગરીબ ભાઇપર એવી બેઅદબની વરતણુંક ચલાવો એ તમારી ઉમરને છાજતું નથી. તમારા પોતાના હાલ ઉપરથી એમ કરતાં તમોને શરમાવું જોઇએ.

કાવુશના તાણાભર્યા બોલોથી તેણી ગુસ્સે થઈ બોલી ત્યારે તું હમણા શું બોલતો હતો તે ભુલી તો ન ગયો હોય પણ તુરતજ ગુસ્સો દાબી નાખી તેણી ઉઠીને કાવુશ આગળ જઈ તેનો હાથ પકડી બોલી "ત્યારે શું તું મને ચાહતો નથી."

હું શું બોલતો હતો તેની તમુને કાંઈ દરકાર નહી. કાવુશ તેણીનો હાથ છટકાવી નાખી જરા દમથી બોલ્યો બાઇ હું ગરીબને તમો શું કામ નાહકનો સતાવો છો અને તમે શું એમ ધારોછો જે તમે તમારા નીચ હવસમાં ફાવશો? અરે તેમ કદી પણ બનશે નહીં.

નાપાક નીચ કુત્રા એક ઘડી પણ તું પાછો ફર અને પછી જોકે આજથી માત્ર એકજ દીવશના અરસામાં તને કેટલું સેહેવવું પડે છે પણ તેની અગાઉ હું તને છેલ્લો એક સવાલ ફરીથી પુછુંછું તેણી બોલી અને તે એજ કે તું મને ચાહેછે કે નહી? તેનો હા અથવા ના નો જવાબ આપ.

કાવુશે તીરસકારથી કહયું નાપાક જા અહીથી ના અથવા હા એ બેમાંનો એકબી બોલ સમજવાને તું લાયક નથી મારો જાન જાયે તોપણ તારી ધારેલી નેમમાં હું તને કદી પણ ફાવવા દેવશ નહી; હું ધીક્કાર સહીત તારી નીચ અરજને ના પાડું છું.

આએ જવાબ સાંભલતાં નવાજ ગુસ્સા ભરી રીતે જતી જતી બોલી નાપાક એનું વેર લીધા વગર હું કદીપણ પાછી હતીશ નહી અને થોડાજ વખતમાં તું મારી પાસે માફ માંગવા આવશે.

આવા ન ધારી રાખેલા નવાજના વીચારોથી કાવુશને ખરેખર અચંબો લાગ્યો. હું નહી ધારતો હતો જે નવાજ આટલી બધી નીચ અને બેમુરવત છે એમ વીચારી તે પણ સાંહાંજ પડવાથી દીવાબતી કરવા ઘરમાં ગયો. ઘરમાં જતી વખતે તેને પાસેના ઝાડોમાંથી કાંઇ ખખડાત સમજાયો પણ પવન ઘણોજ તે વખતે ફુંકતો હતો, અને તેનાથીજ ઝાડપાન હીલી ખખડાત થયો હશે એવું ધારી ચાલી ગયો.

રાતે પેસતનજીએ કાવુશને પોતાના કોઇ દોસ્તપર ચીઠી આપી મોકલાવ્યો. કાવુશને પાછા ફરતાં ઘણીજ વાર લાગી અને તે વખતમાં ઠીક દાવ સમાયલો જોઈ નાપાક નવાજ કાવુશના એક નાધલી

ઓરડીમાંના બીછાના આગલ જઈ રૂપાના છરી કાતાં ચમચા આસરે દજ-નેકને શુમારે પાતીના કાવામાં ખોસી આવી પણ જેવી તેણી બહાર નીકલી કે સામેથી દારાબ આવતો જણાયો.

દારાબને કાવુશના ઓરડામાંથી નવાજને નીકલતાં જોઈ ઘણીજ અ-ચરતી લાગી કારણકે કાવુશના ઓરડામાં જવાનું તેણીને કાંઇ પણ કામ ન હતું, પણ તેને કાંઇ પણ દરકાર કીધી નહી.

સુમારે અગીઆર કલાકે કાવુશ ચીઠી આપી પાછો આવ્યો અને ખાધા વગરજ પોતાના ઓરડામાં જઈ સુઈ ગયો. તે બીચારો પોતાની ઉંઘમાં પડયો પણ તેને થોડીજ ખબર હતી જે તેનાપર એક કાવતરૂં રચાયલું હતું.

સહવારે ચાહે પાની કરવા વાસ્તે ચાકરોએ ચમચા ગુમ ગયેલા જોઇ શેઠ પેસતનજીને જઈને તેઓએ કહ્યું. ચમચાકાતા ચોરાયા છે તેની ખબર પડતાંજ નવાજ કે જેના હાથમાં બધો અખત્યાર હતો તેણીએ તપાસ કરવા માંડી. પેહેલાં તેણીએ સઘલા બીજા ચાકરોના જાડા તપાસ્યા અને પછી કાવુશના ઓરડામાં ગઇ.

કાવુશને તો કાંઈ ધાસ્તી હતીજ નહી એટલે તેના ઓરડામાં તપાસ કરવા ગયા તેને માટે તે કાંઇ ગભરાયોજ નહી.

નવાજે પેહેલાં એનીગમ પેલીગમ તપાસ કરતાંજ તેનું ગોદરૂં બીજા માણસો પાસે ઉચકાવ્યું. ગોદરૂં ઉચકતાંજ સઘલો ભરમ ખોલ્લો થયો.

કાવુશ તો દઘાઇજ ગયો અને ચાકરો અચંબામા પડયા કારણકે તેઓએ કદી પણ ધાર્યું ન હતું જે કાવુશ એવો હશે.

ચોરી પકડતાંજ નવાજે સીપાઇને બોલાવી મંગાવ્યો અને કાવુશને તેને સ્વાધીન કીધો. ઘરમાંના સઘલાં ત્યાં દોડી ગયાં પણ પેસતનજીએ તેઓને પોતાના ઓરડામાંજ બોલાવ્યા.

નવાજ થોડોક વાર તેણીના કાવતરામાં ફાવી તેને માટે મનથી મઘન થતી હતી. નવાજની સઘલી વાત સમજી લેતાં પેસતનજી જેવણ ઘણાજ દીનદાર હતા તેવણે કહયું કાવુશ મને તારી ઉપર દયા તેમજ ગુસ્સો એ બન્ને છુટે છે. દયા એટલા માટે જે તારા જેવા મોઢાંપરથી નીરદોષ દેખા-

નાર માણસનું હૈયું એવું દગલબાજીમાં પુર હોય અને ગુસ્સો આવે છે તેનું કારણ એ જે મારી ભોલાઇનો તેં વધારે લાભ લઇ મને ઠગ્યો છે અને તે પણ મારાજ ઘરની ચોરી કરીને.

મેહેરબાન મુરબી તમો જે ઠપકો મને સમજાવો છો તેને હું બીલકુલ લાયેક નથી પણ તમોએ મારી ગરીબ હાલતમાં મને આસરો આપ્યો તેને માટે હું તમારા કરજમાં જનમસુધી રહયો છું. મારી ઉપર એવી નીચ ઠગાઈ તથા કાવતરૂં રચનારને ખુદા જાણે શું લાભ થવાનો હશે. આટલું બોલી તે તદનજ નીરાસીમાં બોલ્યો "યા ખોદા તારા સીવાય મને કોણ બચાવશે મારી નીરદોષી સાબેત કરનારૂ કોણ હશે?"

પેશતનજી ઘણાજ ગુસ્સાથી બોલ્યા નાપાક એક ગુનાહ કરી તે છુપાવવાના ધોંગ કરી કદી પણ નહી માફ થઇ શકાયે એવું બીજું મોટું પાપ કરે છે બસ એને લઈ જાઓ. તેવણે સીપાઈ તરફ ફરીને કહયું.

સીપાઇ જે ત્યાં હાજર હતો તે કાવુશનો હાથ પકડે તેની અગાઉ પેસતનજીનો છોકરો દારાબ બુમ પાડી ઉઠયો. ખબરદાર રાવજી (સીપાઇનું નામ) કાવુશને પકડવો નહી એ તદનજ નીરઅપરાધી છે. ત્યાર પછી પોતાના બાપ આગલ ફરીને બોલ્યો બાવાજી વગર ચોકસાઇ કરવે આ નીરદોષ કાવુશને પેલી નીચ નવાજની જુબાનીથી અપરાધી ઠેરાવવો એ આપણને ઘણુંજ હલકું લાગે છે.

કેમ નાપાક દદા, દારાબ પોતે નેણ ચઢાવી નવાજ તરફ જોઈ બોલ્યો તારૂં પાપ કબુલ કરેછે કે નહી. નવાજે ભવાં ચઢાવી જવાબ આપ્યો મેહેરબાન પેસતનજી તમારા છોકરા દારાબનો એવું તુંડાઇથી બોલવાનો અટકાવ કરો એવું બેહુંદું હું કદીપણ ખમી શકવાની નથી.

દારાબ બોલ્યો મારા વહાલા બાવાજી જ્યારે નવાજ પોતાની ફરજેતી પુરી કરવા માગે છે ત્યારે તો એ દદાનું કાવતરૂં સંભલાવવાને હું કોઈપણ રીતે આંચકી ખાતો નથી.

ત્યાર પછી દારાએ પોતાની બેહેન સુનાબાઇ સાથે જે વાતચીત વાડીમાં સાંભલી હતી તે સઘલી કહીસંભલાવી પણ તે સાથે રાતે નવાજને કાવુશના ઓરડામાંથી આસરે સાડાદશને સુમારે જ્યારે કાવુશ

પેસતનજીને કામે ગયો હતો તે વખતે નીકલતાં તેણીને જોઇ હતી તે કેહેવાને પણ ચુકયો નહી.

બાવાજી જો તેજ વખતે હું કાવુશના ઓરડામાં ગયો હતે અને તપાસ કીધી હતે તો આજે ભલો કાવુશ આટલો બધો દુખી ન થતે.

નવાજ આ સઘલા પુરાવાથી તદનજ ફીક્કી પડી ગઈ અને પેસતનજી તથા કાવુશના પગ આગલ માથું નાખી મારી ચાહવા લાગી.

નાપાક નવાજને કોરતમાં ચઢાવવાનો પેસતનજીએ હોકમ કીધો પણ ભલા અને ભોલા કાવુશના વચ્ચે પડયાથી પેસતનજીએ તેણીને કાંઇ પણ કર્યા વગર ઘરમાંથી બહાર કાઢી મુકી, અને તેજ દીવશથી કાવુશને તેણીની જગા આપી.

આ બોહોતાનમાંથી છુટો થતાંજ કાવુશ પોતાની ઓરડીમાં જઇ પોતાના પેદા કરનારની બંદગીમાં મસગુલ થયો.

પ્રકરણ ઓગનીસમું.

કાવુશની નવી ચાકરી.

કાવુશની કારભારી તરીકેની જગાપર બે ત્રણ માસ વધુ વહી ગયા અને એક દીવશે જ્યારે તે ન્યુશપેપર વાંચતો હતો ત્યારે તેની નજર એક જગાપર પડી અને નીચે મુજબ તેને વાચ્યું.

"શીઆવક્ષા કુવરજી નાણાવતી તેવણના લગન જરબાઇ બેહેરામશાહ સુરતી સાથે." વાંચી રહી બોલ્યો અરે આખરે મને મુવેલોજ સમજી આજે કરપીનો એકબીજા સાથ પરણ્યાં ખરાં પણ તેની કાંઇ ચીંતા નહી. ત્યાર પછી તેને એક બીજી જાહેર ખબર વાંચી (જોઇએ છે એક જુવાન પારસી ગ્રેડયુએટ ઓફીસના કામ માટે મલો કેખસરૂ બેહેરામજી મોદી.)

આ જાહેર ખબર વાંચતાંજ ખુશી થઇ એક એપલીકેશન તુરત બનાવી તે તથા ન્યુસપેપર સાથે લઈ શેઠ પેસતનજીની આગલ ગયો., અને ત્યાં જઈ તેવણનાં પગને ચુંબન કરી પોતાની જે ખાહેશ હતી તે તેવણને કહી સંભલાવી.

પેસતનજીને પેહેલાં એવું લાગ્યું જે કાવુશ દેવાનો થયોછે પણ કાવુશે જ્યારે પોતાના ગજવામાંથી ઉમેદવારી પત્ર કાઢી તેવણના હાથમાં આપ્યું જે ઉખેડતાંજ તેમાંની લખવાની ઢપ અને અક્ષર જોઇ પેસતનજી છક થઈ ગયા અને બોલ્યા, ભલા કાવુશ આટલું બધું છુપું રાખી એટલોવાર એવી દરદેશરીમાં રહેવાની કાંઇ મતલબ જો મને અગાઉથીજ ખબર હતે તો આજ બે મહીના અગાઉ મારી પોતાનીજ આફીસમાં એક માણસની જરૂર હોવાથી મેં છેક મુંબઇથી મોટા પગારે તેને બોલાવ્યો તો તેના કરતાં હું મોટી ખુશીથી તુંને તે જગા આપતે. પણ ઠીકછે આએ ધણી સાથે પણ મને ઓલખ છે, માટે જા મારા દારાબ પાસે જઈ તેની પાસે સારાં બુતમોજાં તથા તેના દગલામાંનો એક સારો દગલો પેહેરી તૈયાર થા.

કાવુશ ખુશ ચેહેરે દારાબના ઓરડામાં જઈ સઘલી વાતથી તેને વાકેફ કીધો. દારાબે હેવાલ સાંભલી કાંઇ પણ અદેખાઈ કીધી નહી પણ ઉલતો તેને વધારે ચાહવા લાગ્યો અને પોતાના કપડાંની એક ઉંચી જોડ પોતાના હાથે કાઢી આપી.

પોતાની ઉપર થયેલી નવાજેશમાં તૈયાર થઈ તે પેસતનજી પાસે ગયો અને થોડીજ વાર પછી પેસતનજી પોતાની ગાડીમાં બેસાડી તેને જે ઓફીસની જાહેર ખબર બહાર પડી હતી ત્યાં લઇ ગયા.

ઓફીસમાં પેહેલે માલે જતાંજ શેઠ કેખશરૂનો રૂમ માલમ પડયો અને ત્યાં જતાંજ શેઠ પેસતનજીને તથા કાવુશને માનભર્યો આવકાર તેવણથી મલ્યો. અરસપરસ વાત કરતાં પેસતનજીએ કાવુશનું એપલીકેશન કાઢી કેખસરૂના હાથમાં મુક્યું.

કેખસરૂએ એપલીકેશન લીધું અને તુરતજ ઉઘાડી વાંચી ગયા. આએ ઉમેદવારીનો ખરડો એવોતો સરસ રીતે ઘડેલો હતો જે તેવણને પોતાની ઓફીસનો ભારે અનુભવ છતાં ઘણોજ તાજુબીભરેલો થઇ પડયો.

સઘલું વાંચી રહી તેવણ તુરત ચેતી ગયા અને ઘણીજ સફાઈથી ઇંગ્રેજીમાં પુછવા લાગ્યા જે મારા ધારવા પ્રમાણે કાવુશ તમો પોતે છો. તેનો જવાબ તેવણને ઘણીજ સરસ રીતે મલ્યો. ટુંકમાં કાવુશ તેવણને જોઈતાં માણસની સંપુરણતામાં માલમ પડયો અને ત્યારથી તેને રૂપીઆ પોનોસોનો પગાર કરી પોતાની ઓફીશમાં જગા આપી.

કાવુશ તો અતીઅંત ખુશી થઈ ગયો હતો અને પોતે જોકે ઓફીશના કામમાં પડયો ન હતો પણ પોતાને અપાતું કામ ઘણીજ ચતુરાઇ તથા ચપલતાથી બજાવતો હતો. વખત વીતવા બાદ તે કેખસરૂનો એટલો માનીતો તથા વહાલો થઇ પડયો અને લખાણ પણ એવી સરસ ઢપમાં કરવા લાગ્યો જે વરસ બેના અરસામાં તેને ઓફીશના વડાની જગા મેલવી.

કેખસરૂ તેને ઘણાજ ચહાતા હતા અને આએ ઓફીસ પણ તેવણની પોતાનીજ હતી. તેવણ આડતનું કામ કરતા હતા તે ઉપરાંત તેવણની એક રૂની મીલ હતી જેને લગતું કામ પણ એજ ઓફીશમાં થતું હતું.

કાવુશને આએ ચાકરીપર લગભગ બે વરસ વહી ગયાં અને ત્યારે શું તે પોતાની વહાલી ખોરસેદને વીસરી ગયો હતો અને તેણીની ખબર અંતર કાગલથી પણ નહી કરાવતો હતો ?

ના, તેમ નહી હતું તેણીની સુરત તો તેની નજર સામેજ ભમ્યા કરતી હતી અને કાગજ નહી લખવાનું વચન આપણી ખોરસેદે પેહેલાંથીજ લીધું હતું જે લેતાં તેણીએ જણાવ્યું હતું જે જો તું મને સાચ્ચા પ્યારથી ચાહતો હોય તો મારી ઉપર કાગલ પણ મોકલવું નહી.

કાવુશ આએ નવી ચાકરીપર રહયાથી કાંઇ પોતાના એકવારના શેઠ પેસતનજીને ભુલી ગયો ન હતો પણ તે તેઓને ત્યાં બે ચાર દીવસનાં આંતરે જતો હતો અને તેવણના ઘરમાં એટલો તો પલોતાઈ ગયો હતો જે એકવાર તેને પેસતનજી તરફથી તેવણની છોકરી સુનાબાઈના હાથ વાસતે પણ માગની થઇ હતી કે જે માગણી તેને ઘણાજ માન સાથે ના પાડી હતી.

એમ સુખચેનમાં કાવુશ જોકે દીવશ ગુજારતો હતો પણ બીચારો દીલથી તો ઘણોજ બલતો હતો અને પોતાને મલતા પગારમાંથી તે પોતાનું સારી રીતે ગુજરાણ કરી પુશકલ નાણું આજ બે વરસમાં બચાવી પોતા પાસ જાલવી રાખ્યું હતું.

તે વારંવાર કેખસરૂને ઘેર પણ જતો હતો અને તેવણના ઘરમાં કોઇપણ ન હોવાથી કાવુશે વીચારયું જે આવા ભલા કેખસરૂનો કોઇ પણ બાલગોપાલ ન હતો અને ખચ્ચીતજ તેમ હતું. આપણે હવે હાલ તુરત કેખસરૂને લગતું વધુ ન જાણતાં કાવુશે વાંચેલી જર અને શીઆવક્ષના લગનની જાહેર ખબર પાછલ જઇએ.

પ્રકરણ વીસમું.

જર અને શીઆવક્ષના લગન અને તેઓના કંગાલ્હયત મરણ.

આખરે પોતાના બાપનું ખુન કરાવી નાપાક જર તેવણુને છ માસ ગુજરવા બાદ શીઆવક્ષ સાથ બીજું ઘર કરી ગઇ. આએ લગન સુરતના લોકોને ઘણાજ વાંધાભર્યાં લાગ્યાં પણ માતબર જરના પૈસા આગલ સઘલું ધંકાઇ ગયું. જરની એવી ચાલથી લોકોમાં પણ તેણીને માટે તેજ વખતથી બુરૂં મત બેઠું. તેણી પરણી તો કાંઇ અડચણ નહી મોડે વહેલે સૌ થવાનુંજ હતું પણ તે પણ પેલા બદમાશ શીઆવક્ષ સાથે જેની ચાલચલણની વાત બધા લોકો જાણતાં હતાં અને જે કુવારોજ હતો. શીઆવક્ષ સાથે પરણ્યાથી જરને ખરાબ લાગુ એટલુંજ નહી પણ તેઓને માટે લોકોમાં શક પેઠો.

પોતાના છોકરાના મરણુને માત્ર એકજ વરસ વીતાવ્યા બાદ જર બીજા સાથે પરણી જશે એવું શોરાબશાહને કોઈ પણ દીવશે લાગ્યું હતુંજ નહી. પણ તેમ નહી થવાથી પોતાનો છોકરો કાંઇ પાછો મલનાર છે એવું વીચારી તેવણ બીચારા પોતાના નશીબપરજ સંતોશ પકડી બેઠા.

લગન થયા પછી જર અને શીઆવક્ષને પૈસા ઉડારવાની કાંઇ ધીલ રહીજ નહી. તેઓ પોતાના પ્યારના બુરા હવસમાં ભોલવાઈને નાપાક નીચ શીઆવક્ષને સઘલું સ્વાધીન કરી દીધું, અને ન ધારેલા પૈસા એક શીઆવક્ષ જેવા બદમાસના હાથમાં આવ્યાથી સઘલા નાપાકી રસતા ઉઘાડા પડેછે તેમજ થયું એટલે કે આ આંધલો શીઆવક્ષ પાછલની કાંઇ પણ દરકાર કરવા વગર પોતાની મરજી માફક પૈસા ઉડારવા લાગ્યો અને ખરાબ વ્યશનોમાં તે વગર વીચારે સામેલ થયો.

તે પોતે અને જર માથેરાન તથા માહાબલેશર ત્યાંથી પુના તથા મુંબઇ વખતેવખત ફરી સઘલી જાતની મોજમજાહમાં પોતાના દીવશો ગુજારતાં હતાં અને પૈસા વેરવાનો કાંઈ સુમારજ ન હતો. એકને બદલે ચાર. કોણુના બાપની દીવાલી અને એવી ઉડાઉ

હાલતમાં એક વરસમાં દોલતનો મોટો ભાગ ખપી જાય એમાં કાંઈ નવાઇ જેવું છેજ નહી.

નાપાક શીઆવક્ષના તેનાજ જેવા મતલબી ખુશામત્યા અને નીચ દોસ્તો પોતાના ઢોંગ સોંગથી તથા તાજીમ તવાજોથી એ મુજીને હાથથી તર થઇ ગયા અને જો કોઇ સારી સલાહ આપવા જતું તો તે બીચારૂં હાડમારી દેખ્યા વીના પાછું જતું ન હતું.

જરના શીઆવક્ષ સાથના લગન પછી એક વરસે જર માતાની પદવી પર આવી એટલેકે તેણીએ એક ખુબસુરત બેટાનો જનમ આપ્યો. "આ નીરદોષ વાચા વગરના બાલકના ચેહેરાઉપરથીજ કોઇને પણ દયા આવે જે એવા પાપીઓને ત્યાં કાંય જનમ્યું કારણકે બીચારૂં દુખ ભોગવીને તુરત થોડા વખતે મરણ પામશે."

છોકરાના જનમ ઉપર કાંઈ ધામધુમનો તો કાંઈ પારજ નહી. નાચ અને રંગ અને દોસ્તદારોને પારટીઓ તો ચાલુજ રહી હતી.

તોપણ આવા લખલુત સુમાર વગરના ખરચને માટે આએ આંધલી જરે શીઆવક્ષનો અટકાવ કીધો નહી. દોલત બાકી કેટલી હતી તેનો હીસાબ તથા અડસતો તો કોઇ દીવશે કાઢયોજ ન હતો.

શીઆવક્ષને દારૂ મોજમજાહ કછંડી એટલોજ લખ હતો નહી પણ એક સઉથી મોટો લખ અને તે લખ "જુગાર."

"જુગાર" આએ ત્રણ શબ્દ એક અખુટ દોલત ધરાવનારને એક પલમાં લાચાર અને ભીખારી કરવાને બસ છે તેમજ તેજ બુરો દેવ એક ગરીબને તેટલાજ વખતમાં તવંગર કરવાને બસ છે પણ પેહેલો દાખલો તો આજને કાલ આપણે જોઇએ છઇએ.

તે જુગારમાં પુશકલ નાણું મુકી આવતો હતો. તેના દોસ્તો તેને એક દીવસે પાંચ દશ હજારની લાલચ દેખડાવી તેને બીજેજ દીવસે એકદમ તેને પચાસ સાઠ હજારના ખાડામાં નાખી સામો તેને ફરીથી નશીબ અજમાવા ઉસકેરી મેલતા હતા તેની તો આ બુબખને ભાંનજ કયાં હતી.

ટુકમાં શીઆવક્ષે પોતાને મલેલી આઈતી ગંજાવર રકમ બે વરસના અરસામાં ખોહી દીધી હતી એટલુંજ નહી પણ તે ઉપરાંત બીજું કરજ

પણ કીધું હતું. કરજમાં નાણા ભરવા માટે હવે પોતાના વાડી વજીફા ગરણે મુકવા પડયા અને જુગારના બુરા લોભની ભામ ભરવા માટે તે પણ સઘલું વેચાઇ સતાઈ ગયું.

ખરેખર એક વારની માતબર જરને હવેજ ખ્યાલ આવ્યો—હવેજ તેણીની આંખ પરથી સીહાઈનો પરડો ખુલ્લો થયો.

તેણીની દોલતનો અંત આવ્યો. બંગલા વાડી વજીફા સઘલા પાણીના મુલે વેચાઇ ગયા અને તેણીને હવે હલકા ભાડાનું કંગાલ મકાન સોધવું પડયું. પોતાના દુધમલ બાલકને બબે ધવાડનારી આયાઓને બદલે એક પઇનું દુધ પણ ન મલવા લાગ્યું.

તેણી બીચારી સીવી સાંધી પઈ પૈસો મેલવી પોતાનું ઘણીજ કંગાલ રીતે ગુજરાણ કરવા લાગી. પૈસા જતા રેહતાં તેણીના દીલપર જે કાલો દાઘ પોતાના બાપના ખુનમાં સામેલ હતી તેનો દાઘ હવે ખુલ્લો માલમ પડવાથી તેણી ધ્રુજવા લાગી.

શીયાવક્ષે પૈસા મેલવવા ખાતર તેણીને હવે કાયર કરવા લાગ્યો અને સેવટે મારવા પણ ચુક્યો નહી. જ્યારેજ જરને માલમ પડયું જે શીઆ-વક્ષનો પ્યાર તેણીપર ખોટો હતો અને જેથી તેણી વધારે દુખી થવા લાગી.

એવી કંગાલ હાલતમાં આવતાં શીઆવક્ષે હવે ચોરી પણ કરવા માંડી. તે એ લખમાં પણ બે ચાર વાર ફાવ્યો પણ છેલ્લે ચોરીમાં તેને પકડવાનું આબાદ ચોકઠું બેઠેલું જોઈ અને બેહેરામશાહના લોહીથી પોતાના હાથો ખરડાયલા હતા તેથી પણ તેને બહુજ ધાસ્તી લાગવા માંડી.

પોતે કદાચ પોતાના પાપમાં પકડાય અને તેની વધુ ખોલ કરતાં તેને ખુન પણ કીધું છે એવું જાહેર થઇ જે સજા થાયે તેનાથી દુર રહેતાં આએ પાપીએ પોતાની જીંદગીનો છેડો આણવા ખાતર કાંઈ પીધું અને થોડોવાર પછી તે બેભાન હાલતમાં રસતે પડેલો નજરે આવ્યો. નજર પડતાંજ પોલીસના માણસો તેને ઇસ્પીતાલમાં લઇ ગયા જ્યાં દાકતરોની મેહેનત હેઠલ તે સુધીમાં આવ્યો. આએ સુધી કાંઈ ખરેખરી ન હતી પણ તેને ગુંગલાતા સહાદે પોતાના પાપનો એકરાર કર્યો જેનો છેલ્લો બોલ બોલતાં તેના દીવશો ભરાઈ ગયા.

હવેજ બીચારી જરનો તોર તદનજ તુટી ગયો. ગરીબાઈ તથા કંગાલ્યતપણામાં આવ્યા છતાં પણ તેણી શીઆવક્ષને ઘણીજ ચહાતી હતી પણ હવે તે કોણુની સાથે પ્યાર કરે. જે નીચની અંદર પોતાનું સઘલું સુખ સમાયલું સમજતી હતી તે તો પોતાના પાપનો એકરાર કરી તેનો હીસાબ આપવા તે દાદગરની દરગાહમાં પુગી ગયો.

ખોદા તેના પાપને માફ કરે. પાપનો રસતો માણુસ જાતને આસાન લાગેછે પણ ખચ્ચીતજ તેમ નથી. પાક અને નેક રાહપર ચાલો અને અંતે સુખી થશો.

બદીનો રસતો કાદવ કીચલ અને કાંતાની ઝાડીઓથી લંબાયલો છે જ્યારે નેક રાહ સુગંધી ફુલો અને સુંદર કયારાઓ વચેથી ફાટે છે.

બદીનો રસતો આપણી બદ ધારણામાં પાર પાડવા માટે ટુંકો હોય તો તે છોડી દેતાં લાંબો અને આખરે સુખ મલે તે નેક રાહનો રસ્તો લેવો નેક રાહે ચાલતાં માણુસને ગમે એવું દુખ ખમવું પડે ગમે એવું સેતાન્યત માણસોથી કાવતરૂં રચવામાં આવે પણ તે ફકત તે માણુસની ખોદાઇ તપાસ છે જે સઘલું દુખ સહન કરી તે સચાઇનોજ માર્ગ પકડી રહે તો તે આકેબત સુખી છે.

બીચારી જર કે જેને માટે હવે આપણુને ઘણીજ દલગીરી ઉપજે છે. તેણીને ભુખમરો ઘણોજ પડવા લાગો. બે ત્રણ દીવશ વેર તેણીના નાના બાલકને અણુનો દાનો પણ ખાવા મલતો ન હતો.

તેણીએ પોતાના બાલક સહીત શોરાબશાહને ઘર જવા ધાર્યું અને તેમ તેણી ઘેર ગઇ પણ શોરાબશાહે આએ નીચ ઓરતને વધુ ઉતેજન ન આપતાં દયાને ખાતર વીશ રૂપીઆની નોટ આપી કહાડી.

ખરેખરાં નસીબને બદલે પોતાના પાપથી કંગાલ અવસ્થામા આવતાં માણુસને શોરાબશાહ અસલથીજ ધીકારતા હતા. રૂપીઆ હતા ત્યાંસુધી બાલકનું પોષણ કીધું પણ અંતે બીચારૂં દુખી થઈ પોતાને માર્ગે લાગ્યું એટલે કે તે મરણ પામ્યું.

આ બાલકના મરણના કફન માટે જોઇતા પુરતા પૈસા પણ જર પાસ ન હોવાથી આસેપાસેના લોકોએ નાની રકમ ઉઘરાવી તેને અવલમંજલ પહોંચાડયું.

આએ બીજા નવા ફતકાથી તેણીનું જીગર ફાતી ગયું અને તેણી પોતાનો આપઘાટ ન કરતાં ભુખમરા અને તંગીથી એક નહી જોવાઇ શકાયે એવી ખરાબ હાલતમા જીવી આખરે પારકે પૈસે મારગ લાગી.

આએ પ્રમાણે આવા માતબર ખાનદાનનો બદ બ્યસનોથી અંત આવ્યો અને ત્યારથી દુનીઆમાંથી તેઓનું નામ વખતના વીતવા બાદ ગુમ થઇ ગયું.

શીઆવક્ષ પોતે ખુની હતો એ વાત લોકોમાં પંઠરાઈ ગઇ અને ત્યારે સર્વને માલમ પડયું જે ધાતકી જરે પોતાની ધારણામાં પાર પડવા સારૂં મદદ આપી હતી કારણકે તેણી જાણુતીજ હતી જે બેહેરામશાહ કદીપણ તેમ કરવા પરવાનગી આપશેજ નહી.

પ્રકરણ એકવીશમું.

કાવુશપર વીશવાસ "અને કેખસરૂ ભેદનો ખુલાસો."

ઉપલાં પ્રકરણનો સઘલો હેવાલ કાવુશને ન્યુશ પેપરથીજ મલ્યો હતો. તેને થોડા થોડા દીવશોના અંતરે શીઆવક્ષ તથા જરના મરણની ખબર વાંચી હતી તથા જે અટકલ તેને કીધી હતી તે પણ ખરીજ પડેલી દીઠી એટલે કે જેમ ધર્યું હતું તેમ શીઆવક્ષેજ બેહેરામશાહનું ખુન કર્યું હતું.

શીઆવક્ષનું મરણ સમજતાં તેને કાંઇ પણ દલગીરી લાગી નહી કારણ કે તે બદમાસે તેના જીવપર બે વાર તરાપ મારી અંતે હાર્યો હતો પણ પોતાની એક વારની પરણેતર બઈરી જરને બઈરી સમાન કોઈ દીવસ ચાહાતો હતોજ નહી પણ તેણીને બેહેન તરીકેનું પોતાના દીલથી માન આપતો. તેણી જો આવા બદમાસના પ્યારમાં દેવાની નહી થતે તો એવા કેજે કદાચજ પુગતે પણ કીસમતમાં લખ્યું કદી મીતવાનું નથી.

હવેજ તેને પાછા પોતાના બાપના મકાનમાં જવાનો ઠેરાવ કીધો પણ તુરતજ તેને ખ્યાલ આવ્યો જે હમણા એકદમ જવું ઘણુંજ શંકા ઉપજાવનારૂં થઇ પડશે માટે હજી મારે એક બે વરસ વધુની ધીલ સેહેવી જોઇએ.

પોતાનો વખત પોતાની વહાલી ખોરસેદને મલવાનો નજદીક તથા ખુલ્લો થતો જાયે છે તેના હરખથી તે કાંઈ પોતાનું કામ બરોબર કરતો ન હતો એવું કદી બન્યુંજ નહી પણ ઉલતો પોતે ઘણીજ મેહેનત લેતો હતો.

તે કેખસરૂના મકાને જતો હતો પણ ફક્ત કામના કારણસરજ તેને જવું પડતું હતું પણ કેખસરૂનું દીલ કાવુશપર ખુદરતીજ રીતે દોડતું હતું અને તેવણ હવે તેને એખલાસથી ચાહાતાં કલાકોવેર પોતાની પાસે બેસાડી વાતચીત કરતા હતા. જેમ જેમ તેઓ એકમેકના સંબંધમાં આવતા ગયા તેમ તેમ તેઓ પોતાના દીલથી પણ છુટા થયા અને વધારે બારીકીથી જોતાં એકમેકને માલમ પડયું જે બન્નેને લગતા કાંઇ છુપા ભેદોનો પ્રકાશ તેઓના મગજોપર પડી રહે છે.

કેખસરૂનો બંગલો બહુજ મોટો હતો. તેવણને દરેક જાતનો શોખ હતો. ઘરમાં જાતજાતનું ફરનીચર અને દરેક જાતની સગવડતા હતી એ સીવાયે તેવણને ચીત્રનો સંગ્રહ કરવાનો પણ પુરતો શોખ હતો. તરેહવાર જાતના ચીત્રોનો એક જુદોજ રૂમ બનાવ્યો હતો જેમાં જુદાં જુદાં શેહેરોના સરસમાં સરસ ચીતારો હતાં.

એક દીવશે એવું બન્યું જે બન્ને જે વખતે ગામગપાટા લગાવતા હતા તે વખતે કાવુશે એકદમ બીજીગમ ઉતરવાનું દરૂસ્ત ધારી તેવણને કહયું—મારા મેહેરબાન કેખસરૂ—આટલી બધી તમારી મોજ મજાહ છતાં તમારા મોઢાંપર ગમગીનીનો પરદો સાફ પંથરાયલો મને જણાયેછે.

કેખસરૂએ ગંભીર ચેહેરે જવાબ વાલ્યો ભાઇ કાવુશ તારૂં બોલવું રાસ્ત છે. આજે વરસો થયા મારી ગમગીનીના કારણો માટે કોઇ પણ આગલ મારો ભરમ ખોલવાનું મન કીધું પણ મારૂં હૈયું કોઇને તેનાથી વાકેફ કરવા પાછલ ચાલ્યું નહી. પણ જ્યારથી તુંને જોયોછે ત્યારથી તુંને મારા વીસવાસમાં લેવા હું જરા પણ આંચકી ખાતો નથી. તારી ચપલ આંખે તુંને તે દેખરાવી આપ્યું છે. અને જોકે તે હેવાલ નાહનો છે. પણ તે કેહતાં મને ભારે દુખ થાયેછે. આટલું બોલતાં તેવણનું હૈયું ભરાઇ આવ્યું અને તેવણની આંખોમાંથી આંસુ તપકવા લાગ્યાં.

મેહેરબાન શેઠ કેખસરૂ મારાથી એવી વાતપર આવ્યાથી તમુને દુખી થતા જોઈ મને પણ ભારે શરમ તથા દુખ ઉતપન થાય છે કાવુશે જણાવ્યું.

કેખશરૂએ આંસુ લુછી નાખતાં જવાબ આપ્યો ના, તેમ નથી એટલો મારા જીગરનો ભાર તેમ કીધાથી આજે ઓછો થશે અને મારા ધારવા પ્રમાણે તે ભેદ તારા ભીતરમાંજ સમાઇ રેહેશે જેનો મને પુરતો ભરોસો આજ દીન સુધી છે.

એમ કહી તેવણે પોતાની કબત આગલ જઇ ધ્રુજતા હાથે કુંચી લગાડી એક સોભઇની રૂપ્યાની ઇસકોતરી ઉઘાડી તેમાંથી કાગજમાં વીંતાલેલું કાંઇ કાઢી કાવુશના હાથમાં આપતાં બોલ્યા, ભાઇ કાવુશ આ લેઓ અને જયારે મારી જીંદગીનો ટુંક હેવાલ તમોને કહી સંભલાવું ત્યાર પછી તમો ઉખેડીને જોજો.

કેખશરૂ દમ ખાઇ ખુરસીપર બરોબર ગોઠવાઈ બેસતાં બોલ્યા, ભાઇ કાવુશ મારી ઉમર હાલ આસરે પીસતાલીસ વરસની છે અને જે બનાવનો વીગતવાર હેવાલ હમણા તારી આગલ કરી બતલાઉં છું તે બનાવ બનવાને આજે આસરે છવીશ યા સતાવીસ વરસ થયાં છે, એટલે કે તે વખતે મારી ઉમર અધાર અથવા ઓગનીસ વરસની હતી.

મારા બાપ કાપડના મોટા વેપારી હતા અને તેવણનું હું એકજ-પુરૂ ફરજંદ હતું એટલે તેવણનો સઘલો જીવ મારામાંજ હતો અને તેવણના ધણીઆણી મારાં માતાજીના મરણ બાદ તો તેવણ મને જરા પણ વીલો મુકતા ન હતા. તેવણનો એક ભાઇ હતો જેવણનું નામ બરજોરજી હતું અને તેવણને પેટે કાંઇ ફરજંદ ન હતાં તો પણ તેવણ અસલથીજ જરા લોભી હતા. તેવણ પાસે માયાપુંજી પણ સારી હતી, અને મારા બાપનો ભરોસો તેવણ ઉપર પુરતો હતો.

મારા અભીઆસની વલણ પુરી કરવા મારા બાપે મને મદરાસમાં મોકલાવ્યો હતો અને ત્યાં અધાર વરસની વયની અંદર મેં ઠીક અભીઆસ કરી લીધો હતો, જેવામાં મારા અભીયાસમાં આગલ વધતાં મને

મારા બાપનો એક કાગલ મલ્યો જેમાં તેવણુની ધાસતી ભરેલી માંદગી જણાવવામાં આવી હતી. હું તુરતજ મારો સઘલો અસબાબ ઉઠાવી મારા બાપની આગલ આવ્યો. તેવણનું દુખ મોટું હોવાથી સાજા થતાં તેવણને ઘણાજ દીવસો લાગ્યા પણ ત્યાર પછી તેવણની હાલત લહડતી ચાલી.

હું મારે વતન આવ્યા પછી એમ તેમ દરરોજ ફરવા લાગ્યો કારણકે મારા વતનની રચના લગભગ છ વરસ સુધી મેં જોઇ ન હતી એટલેકે મને મારી બાર વરસની ઉમરમાં મારા બાપે મને પોતાના દોસ્તને સ્વાધીન કરી મદરાસ મોકલાવ્યો હતો અને જેવણ મદરાસનાજ રેહેવાસી હતા.

એમ દરરોજ ફરતાં ફરતાં શેહેરની બહાર દુર જગાએ આવેલાં ગરીબ પારસી લોકોના ઘર આગલથી પસાર થતાં એક જુવાન ઓરત આસરે સોલ વરસની વયની મારા દીઠામાં આવી. તેણીને જોતાંજ મારૂં હૈયુ ઉછલ્યું, અને મને તેણીને મેલવવા ખાતર મારા જુવાન હૈયામાં ઉમેદ થઈ આવી.

હું પાણી માંગવાના બહાના સહીત તેણીના બારણા આગલ ગયો, અને તેણીએ મને પોતાના ઘરમાં આવકાર દઈ બોલાવી મને પીવાનું ઠંડું પાણી આપ્યું. તેણીની મર્યાદા જોઈ મારૂં લોહી તો હવે ઘણુંજ જોશ કરવા લાગ્યું, અને ત્યાંથી ઉઠવા પણ નહી ગમ્યું, તેથી મારી બેસી રેહેવાની મતલબ ન સમજતાં તે બાઈએ મને પુછ્યું, મેહેરબાન કાંઈ બીજી ફરમાસ હોય તો તમારી તાબેદાર તે કરવાને તૈયાર છે, આએ ગરીબનું ઘર તમારૂં પોતાનુંજ સમજવું.

મેં તેણીના જવાબમાં કાંઈ પણ કેહેવાને બદલે તેણીનું નામ પુછ્યું, અને જેના જવાબમાં બાઆબરૂથી તેણીએ પોતાનું નામ મને જણાવ્યું. તેણીનું નામ ગુલબાનુ હતું. ગુલબાનુનો ખુબસુરત ચેહરો જોઇ હું પહેલાંથીજ દેવાનો થઇ ગયો હતો, અને જ્યારે તેણીનું એવું નામ સાંભલ્યું ત્યારે તો મારી હોશનો પાર રહયોજ નહી. ગુલબાનુથી વધુ પરપુછ કરતાં મને માલમ પડયું જે તેણીની મા મરણ પામી હતી, અને તેણીનો બાપ

સુતારનું કામ કરતો હતો. તે વેલા બીજું કાંઇ પણ પુછવા વગર હું ચાલી ગયો અને બીજે દીને પણ હું તેજ વખતે ત્યાં જઇ બેઠો. અને એવી મારી વારંવારની મુલાકાતથી તેણી મને હવે ચાહતાં શીખી હતી અને અંતે ગુલબાનુને મેં મારા પ્યારથી વાકેફ કીધી હતી,

ટુંકમાં હમો તે દીવશેથી પ્યારથી જોડાયાં એટલુંજ નહી પણ મારા બાપ પાસ થોડા દીવશ બહારગામ જવાને બહાને રજા લઇ હું પુણે જઇ મારી ગુલબાનુ સાથ પરણ્યો.

મારી પોતાની હાલત અને હું કોણનો છોકરો હતો તેથી મેં મારી ગુલને જાણીતી કીધી હતી. મારા બાપને મારા પરણવાની વાત કહેતે તો પછી બાકી શું રહેતે, મને ઘરમાંથી કહાડી મેલતે અને મને એક પઇ-માંથી પણ બાતેલ કરતે અને તેવણનો સ્વભાવ જાણી રહેલો એટલે તેવણ આગલ લગન થવાની વાત નહી કરતાં મારા કાકા બરજોરજીને મારા ભોલાં દીલથી મેં વાકેફ કીધા. મારો સઘલો ભેદ જાણી લેતાં મને તેવણે તુરત વેલા ધીરજ આપી અને મારા બાપથી બીલકુલ વાત છુપી રાખવાને તેવણે મને સુચના કીધી.

તેવણપર મારી જીંદગીનો એતબાર રાખી જે વાત મેં કીધી હતી તે માટે આજે હું ખચ્ચીતજ પસતાઉં છું.

એતેફાક એવો બન્યો જે બાવા પાછા માંદા પડયા અને ટુંક માંદગી ભોગવી આખરે બીચારા મરણ પામ્યા. મરણ અગાઉ તેવણે પોતાની સઘલી દોલતના તરસતી મારા કાકાને નેમ્યા કારણકે હું હજી નાહની ઉમરનો હતો.

પ્રકરણ બાવીસમું.

કેખસરૂના ભેદની વધારે ખુલાસાની શરૂઆત.

મારા બાપ સીક પડયા ત્યારથી તે છેક તેવણના મરણને લગભગ દશ દીવસ થઈ ગયા ત્યાંસુધી હું મારી ગુલને મલ્યો ન હતો. તે દીવશો વીતવા બાદ મારા ઓરડામાં મારા કાકા એકાએક એક કાગજ લઈ આવ્યા

અને મને કહ્યું "મારા અગત્યના કામ માટે તુંને મદરાસ જવું પડશે, અને તે પણ હમણાનીજ મેલમાં. ત્યાં જઈ આ સીલ કીધેલું કાગજ તારે એ ધણીને હાથોહાથ આપી વલતી મેલમાં પાછું ફરવું.

મને મારી ગુલસાથ મેલાપ થવાનો વખત મલ્યોજ નહી કારણકે મારા કાકા મને સ્તેશન વેર સાથે મુકવા આવ્યા હતા. જે વખતે હું મદરાસ ગયો તે વખતે મારી ગુલ માતાની હાલતે પુગતી મને જણાઇ હતી, અને અચીતજ તેમ હતું. હું તો મારી ભોલાઇપર મદરાસ ગયો અને ત્યાં પુગતાં જે ધણીને કાગજ આપવાનું હતું તેને સોધી કહાડી મેં આપ્યું. તે ધણી કાગજ વાંચી રહી મને એક ઓરડામાં લઈ ગયો જ્યાં ચાકર તુરતજ ખુમચામાં સારૂ પકવાન લાવ્યો હતો.

ગાડીની હાકથી મને બહુજ ભુખ લાગી હતી માટે મેં ઘણાજ સ્વાદથી ખાધું. ત્યાર પછી ઉપલોજ ધણી મને પોતાના મકાનની પાછલી બાજુએ લઈ ગયો. પાછલી બાજુનો ભાગ જોવાલાયક હતો ત્યાં તરેહ-વાર જાતના પક્ષીઓને પાંજરાંમાં રાખવામાં આવ્યાં હતાં ત્યાર પછી મને છેક પાછલા ભાગમાં આવેલા એક ઘર જેવા મકાનમાં લઇ ગયો. મકા-નમાં દાખલ થતાં બે ત્રણ ઓરડા વીતાવ્યા બાદ મને એક ઓરડામાં ચોભાવી તે બહાર ચાલી ગયો. ઓરડામાંથી બહાર નીકલતાં તેના બંધ કરવા વગર બારણું એકદમ બંધ થઈ ગયું. હું થોડોવાર ચોભ્યો લગભગ એક કલાક તે એકાંતવાસમાં નીકલી ગયો. ઓરડો કાંઈ સર સામાન વગ-રનો ખાલી ન હતો પણ ત્યાં કોઇ આવ્યું નહી એમ કલાકોપર કલાકો નીકલવા લાગ્યા અને અંતે રાત પડી.

આખરે રાતે આઠ વાગે બે માણસોએ આવી મારૂં બારણું ઉગાડયું જેમાંના એકના હાથમાં દીવો તથા બીજાના હાથમાં ભોજનનો ખુમચો હતો, એક પછી એક અંદર આવી તેબલપર પોતાની સાથે લાવેલી વસ-તુઓ મુકી એક બોલ પણ બોલવા વગર બારણું પાછું બંધ કરી ચાલી ગયા.

મને એ પ્રમાણે અહીંઆ રોકી રાખવાની તેઓની શી મરજી હતી તેની મને કાંઇ પણ સમજ પડી નહી.

એવી હાલતમાં લગભગ છ માસ નીકલી ગયા, અને મારો છુટકો કરવામાં આવ્યો નહી. મારી ગુલબાનુ મારે વીશે શું વીચારતી હશે અને તેણીને ન મલવાથી તેણી પોતાના મનમાં મને નીમકહરામ ગણતી ત્યારથીજ મને સમજણ પડી જે મારો કાકો મારી સાથે દગો રમ્યો હતો. મારી સઘલી દોલત લેતાં મને છોડવામાં આવ્યો હતે તો મેં મારી દોલતની દરકાર કીધી ન હતે. એવી જગાપર મને રાખવામાં આવ્યો હતો જે પછવાડે સઘલું ખુલ્લું મને નજર આવતું હતું અને હું બુમ પાડી કોઇની મદદ માંગું તે પણ ખોટું હતું. રોજની નીરાસી વચ્ચે હું લેવાતો ગયો અને ખાવું પીવું તો મને ગમતુંજ ન હતું.

આખરે જે ધણીએ મને આટલા મહીના કેદ કીધો હતો તેજ ધણી મારી સામે આવી ઉભો. તેનું મોહું પણ મને જોવા ગમ્યું નહી, પણ તેને મારો હાથ પકડી મને સમજાવ્યું મેહેરબાન કેખસરૂ, મુજ ગરીબનો એમાં બીલકુલ વાંક નથી હું તો તમારા કાકાનો ગુલામ જેવો એટલે મેં તો દીલમાં ગમગીની રાખી તમોને આટલા દીવસ ખોટી રાખ્યા.

ખરેખર તેમાં તે બીચારાનો વાંક હતોજ નહીં. હું છુટતાં વાર ધારાના પગલાં ભરતે તો ખચીતજ તેને તથા મારા કાકાને ઘણીજ મોટી સજા થતે. મારા કાકાના લખ્યા પ્રમાણે તેને પોતાની ફરજ અદા કીધી હતી.

પણ મારૂં છુટાપણું હાથ આવેલું જોઇ મારૂં એકવારનું તુટી ગયલું જીગર લોહીથી જોશભર થયું, અને તેવી હાલતમાં આવતાં પાછું એકવાર મારી ગુલને મલવાનું મારૂં દીલ તપી રહયું. મને તેજ રાતે ત્રેનમાં બેસાડવામાં આવ્યો.

અંતે મારા ઘરમાં હું આવી પુગો પણ હું જો મારી કેદી અવસ્થામાં મરી ગયો હતે તો સારૂં થતે કારણકે જેટલી ઉમેદીમાં હું પાછો આવ્યો હતો તેથી બેવડી નાઉમેદી મને મલી એટલેકે મને ભુંડા સમાચાર મલ્યા જે હું નીચે મુજબ કહુંછું.

મારા કાકા લખવાના રોગની બીમારીમાં હતા અને તેવણને જીવવાની સઘલી નાઉમેદી ડાકટરોથી મલી હતી. તેવણે મને પોતાની પાસે

બોલાવી કહયું મારા વહાલા ભત્રીજા કેખસરૂ, ખરેખર તને સતાવવામાં આજે હું પસતાઉંછું હું તારો નહી માફ થઇ શકે એવો ગુનાહગાર થયો છું અને મારા ગુનાહ માટે હું તે દાદગર આગલ જાઉં તેની અગાઉ તારી માફી ચાહવા આએ જહાનમાં હું ડોલતો રહયોછું.

મેં તુરતજ માફી બખશી અને પુછયું કાકાજી બોલો જલદીથી જે મારી વહાલી ગુલનું શું થયું. શું તેણીએ મારી શોધ કીધીજ નહી અ-થવા તેણી તરફનું કાંઇ પત્રબી આવ્યું કે નહી.

કેખસરૂ, મારા કાકાએ જવાબ આપ્યો, તેણીનું તારા જવા પછી બીજે દીને કાગલ આવ્યું જેના જવાબમાં મેં તારે નામે લખી જણાવ્યું "જે મારો બાપ મરણ પામ્યો છે અને તેવણની મોટી દોલત જયારે મારા હાથમાં આવીછે ત્યારે તું જેવી એક હલકી ઓરતને મારા ઘરમાં લાવતાં મારૂં જીગર કમકમે છે." અરેરે, ભલા કાવુશ વીચાર કર કે આવા તરકતી કાગજથી બીચારી ગુલનું જીગર કેવું વીંધાઈ ગયું હશે અને મારે માટે કેવું મત તેણીએ બાંધ્યું હશે. તેણીના સઘલાં કાગજો મારે સ્વાધીન કરેવામાં આવ્યાં જેમાં મારાં વચનોની પાછી યાદ આપવામાં આવી હતી એટલું જ નહી પણ હું કેવો બેવફા થયો હતો તેને માટે તેણીએ મને તાણા મારયા હતા.

અહીઆં કેખસરૂ પાછા એક બચ્ચાંની માફક રડવા પડયા અને રડવું થોડાવારમાં શાંત કરી પાછું સરૂં કીધું.

ત્યાર પછી મારા કાકા મરણ પામ્યા. તેવણની તથા મારા બાપની દોલતનો હું એકંદર વારેસ થયો. દોલત મને શા ખપની. અત્યાર સુધી મેં તેણીને માટે સઘલી ખોલ કીધી પણ આખરે એકજ વીચારપર આવતાં હું નીરાસી સાથ બેઠોછું અને તે વીચાર એજ કે બાપના નામ વગરનું ફરજંદ જાહેર કરવાને તેણીને શરમ લાગી હશે અને પોતાના ગરીબ પણ આબરૂદાર નાંઘલાં કુટુંબને ખરાબ ન લાગે તે માટે તેણીએ પોતાનો આપઘાત કીધો હશે.

ત્યાર પછી પોતાની સઘલી વાત પુરી થયલી જણાવી પેલું આ-પેલું પેકેત કાવુશને ઉંઘાડી જોવા કહયું.

ઉઘાડતાજ તેમાં એક તસવીર માલમ પડી. આએ તસ્વીરપરથી કાવુશને કાંઈ ઘણું તાજ્જુબ લાગ્યું નહી.

તે તસ્વીર દેખડાવ્યા બાદ કેખશરૂ કાવુશનો હાથ પકડી બીજા ઓ-રડામાં લઈ ગયા કે જે ઓરડો તેલના તથા પાણીના રંગથી બનાવેલા ચીતરોથી સનગારેલો હતો. ચીત્રો ઘણાંજ જોવા લાયક હતાં.

ત્યાંના સઘલાં ચીતારો જોયા પછી કેખસરૂ કાવુશને તે ઓરડાની પાસે આવેલા એક ઓરડામાં લઈ ગયા. આ ઓરડો નાહનો હતો અને તે ઓરડાની આસપાસ ખુલ્લી જગા હોવાથી ત્યાં ઉજાસ સારો હતો. ઓરડાની એક બાજુએ પથ્થરની તેબલ ભીતની આગલ મુકેલી હતી, અને જેની ઉપરની બાજુપર કપડાંથી ઘોયલી એક મોટી સોનેરી તખતામાં જડેલી આરસી તાંગવામાં આવી હતી.

આરસી આગલ લઇ જઇ એક છેડેથી કેખસરૂએ દોરી ખેંચી. દોરી ખેચતાંજ કપડું સરી ગયું અને આરસી ખુલ્લી થઇ ગઇ. આરસી ખુલ્લી થતાંજ કાવુશ જોઇને તમર ખાવા લાગ્યો, કારણકે તે આરસીમાં જડેલું પીકચર પોતાની વહાલી ખોરસેદનું સમજવા લાગ્યો પણ સાવધ થતાં તેને સઘલો ભરમ માલમ પડયો. આએ ફેરફારથી કેખસરૂ અચરત થયા અને કાવુશને પુછવા લાગ્યા, કેમ બીરાદર કાઉશ, તસબીર જોઈ આટલો બધો ચમકેચ કેમ? શું ત્યારે તુંને એને વીશે કાંઈપણ ખબર છે અરે તેવું હોય તો બોલ તુરત, અને વધારે વાર મને વેહેમમાં ના રાખ.

મેહેરબાન કેખસરૂ, કાવુશે જવાબ દીધો, તમો ધીરા થાવો હું કાંઇ એ વીશે જાણુતોજ નથી. પણ એ છબી ચીતારાએ એવી તો સરસ રીતે ચીતારી છે જે એક જીવતીજ બાઈ મારી સામે ઉભેલી મને લાગી તેથી એટલો ફેરફાર મારામાં તમોએ જોયો. ત્યાર પછી તેવણે સબી પાછી ઘાંકી દઇ બહાર ચાલતા થયા અને પોતે પોતાના કામપર ગયા.

કેખસરૂનો હાલ ખરેખર દલગીરી ભરેલો હતો તેવણુ બીચારા ઘણાજ ગમખાર બનતા હતા.

પ્રકરણ તેવીસમું.

"ખોરસેદની તપાસ" અને સઘલો ખુલાસો.

કાવુશના દુશમનના મરણને પણ બે વરસ વીતી ગયાં હતાં, અને હવે વધારે ધીરજ ન રાખતાં પોતાનો રસતો ખુલ્લો થએલો જોઈ પોતાના બાપ પાસે જવા મરજી બતાવી.

તેને પોતાના શેઠ આગલ જઇ છ માસની રજા માંગી જે કેખસરૂએ ઘણીજ દલગીરી બતાવી આપી કારણકે તેવણ કાવુશ સાથે એટલા પલોતાઇ ગયા હતા જે તેવણને એક ઘડી પણ તેનાથી છુટવા ગમતું હતું નહી.

કાવુશને પોતાનું વતન છોડયાને આજ પાંચ વરસ થઈ ગયાં હતાં અને તેટલા અરસામાં કાવુશ ઘણોજ લેવાઇ ગયો હતો, એટલેકે તેને લગતાં વલગતાં માણસો એકદમ ઓલખે એવું ન હતું.

જ્યારે તે પોતાના ઘર આગલથી નીકલ્યો હતો તે વખતે તેને દાઢી તથા મુછની વધ ઘણી ન હતી પણ પાંચ વરસના અરસામાં તેઓની જડ નીકલેલી હતી જેથી તેનો ચેહરો વધારે બીરાજતો હતો.

તે અમદાવાદથી સુરતમાં આવતાં પેહેલાં પોતાના બાપને ત્યાં જવાને બદલે પોતાની ખોરસેદ આગલ ગયો. પણ ત્યાં જતાં તેને પોતાની ખોરસેદના પ્યારની પરીક્ષા કરવાનો વીચાર આવ્યો. ઝુપડાં આગલ પુગા પછી તેને અંદર દાખલ થઈ તેણીની પાસે પાણી માગ્યું. પાણી પીધા બાદ તે બેસી રહયો.

ખોરસેદ તેને પારકો માણુસ જાણી બોલી કેમ મેહેરબાન તમારે બીજી કાંઇ ફરમાસ હોયતો કેહવો. મારે બીજું કામ કરવુંછે. જહાંગીર હાથે કરી બેઅંદબીની ચાલ ચલાવા લાગ્યો જેથી ખોરસેદ ગુસ્સે થઈ બોલી, મેહેરબાન તમો માતબર માણસના ફરજંદ થઈ ગરીબ તરફ વધારે આબરૂથી વરતવું જોઈએ.

હમારા જેવા ગરીબ માણસની ઝુપડીમાં આવી જુઠું બહાનું કહાડી તમારી આવી ચાલથી તમારે શરમાવું જોઈએ.

જહાંગીરને એથી હસવું આવ્યું અને તેને ખોરસેદની પવીત્રતાઈ તુરત પારખી કહાડી.

હસતાં હસતાંજ જહાંગીરે બોલવું શરૂ કીધું અને બોલ્યો, વહાલી ખોરસેદ શું ત્યારે તું મને નથી પીછાનતી? તેણીએ પોતાનું નામ એક પારકા માણસના મોઢામાં કેમ આવ્યું હશે એમ વીચાર કરી જવાબ આપ્યો. ના હું નથી પીછાનતી ત્યારે શું તારા એકવારના જહાંગીરને ભુલી ગઇ. જહાંગીરે લગાર મોટે સાહાદે કહયું.

જહાંગીરનું નામ સાંભલતાંજ તેણી ચોંકી અને તગર તગર જોઇ બોલી. પણ તેની નીસાની શું?

તુરતજ જહાંગીરે પોતાનાં ~~આંગલાંમાંથી વીત્તી કહાડી~~ આપી.

બારીકીથી જોતાં ખોરશેદને ઓલખાણ તો થઇ હતી પણ પોતાની આપેલી વીટી જોઇ ત્યારે તો હરખની ચીચીઆરી સહીત બેભાન થઈ જે વખતે જહાંગીર સાવધ નહી રહેતે તો તેણી ભોંયપર પડી જતે પણ જહાંગીરે જીલી લીધી.

તેણીને પાણી છાંતી હુશીઆર કરી અરસપરસની સઘલી દુખ સુખની વાત ટુંકમાં કહી આપી. જહાંગીરની વાત સાંભલી લેતાં તેણી તેને ગલે વલગી પોતાને માટે જે દુખ ખમ્યું હતું તેને માટે માફી ચાહવા લાગી.

ત્યારપછી તેણીને થોડા વખતમાં મલવા કહી તે પોતાના બાપના ઘરમાં ગયો.

બાપના મકાને પોહોચતાં તે એકદમ ઉપર ચાલી ગયો અને તેવણુના ઓરડામાં ગયો. સારાં ભાગ્યે તેવણુ ઘરમાંજ હતા.

શોરાબશાહે પોતાના ઓરડામાં પારકા મરદને આવેલો જોઇ દરખાસ્ત કીધી "કેમ મેહેરબાન તમો કોણ છેઓ અને મારાથી શું ખાહેશ ધરાવોછો."

જહાંગીરે ડોકું નમાવી માનથી જવાબ આપ્યો. મારે કાંઈ તમોને ખાનગી વાતથી વાકેફ કરવા છે, અને તે ખાનગી વાત શોરાબશાહે

પુછયું તે તમારા પોતાના છોકરા જહાંગીરને લગતી છે, જહાંગીરે જવાબ આપ્યો. જહાંગીરનો અવાજ સાંભળી શેરાબશાહ પેહેલાંથીજ ચોંકયા હતા પણ તેવણ જાણુતા હતા જે જહાંગીર તો મરણુજ પામ્યો છે એટલે પોતાના મનમાં ધારેલું ખોટું સમજી તેવણે સવાલ કીધો ભલા આદમી તે તો આજ વરસો થયા મરણુ પામ્યો છે અને તે પણુ ડુબી મુવોછે.

નહી મેહેરબાન તમો ધારોછો તેમ જહાંગીર મુવેલો નથી પણુ જીવતોજ છે આટલી બધી વાતથી શેરાબશાહ સમજી નહી શકયા જે જહાંગીર તેવણુની પાસેજ બેઠો હતો.

હું કદી પણુ માનુ નહી. શેરાબશાહ બોલ્યા.

પણુ વારૂં જો જહાંગીર તમો આગલ જીવતો આવે તો તમો કબુલાત આપોછો જે તેનો સઘલો ગુનાહ માફ કરવો. જહાંગીરે સવાલ કીધો.

અરે ભલા શખ્સ મારા જહાંગીરે કાંઈ પણુ ગુનાહ કીધો નથી. શેરાબશાહે જવાબ આપ્યો. વારૂ ચાલો તમો કહોછો તેમ હું કબુલ થાઉંછું.

આજ બોલોપર જહાંગીરે શેરાબશાહના પગપર માથુ મુકી કહયું મેહેરબાન બાવાજી તમારો એકવારનો મરણુ પામેલો કમનશીબ બેટો હુંજ છું.

બાપ બેટા હૈયાં હરખથી ભેટી પડયા. ભેટતાંજ શેરાબશાહે પુછયું ત્યારે આજ વેર છુપ્યો રહેવાનું કાંઈ કારણુ.

જહાંગીરે જવાબ આપ્યો, બાવાજી તેનો ખુલાસો મોટો છે, પણુ મારે તમુને જણાવવો જોઈએ.

તેને પોતાના ઉપર શીકારથી પાછા ફરતાં જે કાવતરૂં રચાયું હતું અને તે કરનાર ધણી કોણુ હતો—અને જે વીશે તેને પોતાના બાપને જુઠી સમજાવતથી સમજાવ્યા હતા—અને પોતાનો ખોરસેદ સાથનો પ્યાર અને તેણીને આપેલું વચન—પણ ત્યારબાદ પોતાના બાપને રાજી રાખવા આપેલો લગનનો કોલ અને લગન થવા બાદ જે જે જર તથા શીઆવક્ષની વાતચીત તથા તેઓના જહાંગીરને મારી નાખવાનાં કાવતરાંનો ખુલાસો, ત્યાર પછી પોતે મરણુ ધારણુ કરી

અમદાવાદ જઇને જે જે દુખ તથા સુખ ખમ્યું હતું તે સઘલી વાતથી પોતાના બાપને વાકેફ કીધો.

સઘલો ખુલાસો માલમ પડતાં સોરાબશાહ જહાંગીરને પોતાની ગોદમાં લઇ બોલ્યા મારા પ્યારા જહાંગીર ખરેજ તેં ઘણુંજ સંકટ સેહવ્યું છે. જે વખતે મેં તુંને જરના લગન સાથની વાત કહી હતી અને ત્યાર પછીના તારા દીલમાં થતા ફેરફારપર ધ્યાન રાખી તુંને પતાવી પુછ્યું હતે તો હુંજ તુંને આ બલામાં નાખતે નહી એ સઘલું મારાં આંધલાપણાથી થયું છે.

જહાંગીરે ધીરજથી જવાબ વાલ્યો એમ જીવને કદુવા માંગવાનો હવે વખત નથી જે મારા કીસમતમાં લખ્યું હતું તે બનયું અને હજી પણ કાંઇ હશે તે બન્યા વગર રહેવાનું નથી, માટે ગઈગુજરી વીસરી જઈ બસ હું એકજ અરજ કરૂંછું અને તે એજ કે તમો તમારી ખુશીથી મારી ખોરેસેદ સાથ મારા લગન કરવાનો કોલ આપો.

ટુંકમાં સોરાબશાહે લગનનો કોલ મોટી ખુશીથી આપ્યો.

પ્રકરણ ચોવીસમું.

"સુખી મેલાપ" અને "સેવટ."

સુરત શેહેરમાં પાંચ વરસે પાછી ધમાલ ચાલી રહી. આએ ધમાલ જહાંગીર અને ખોરસેદના લગનની હતી.

જહાંગીરના હરખનો તો કાંઈ પારજ ન હતો,

વાંચનાર હવે આપણે એકવાર કહી ગયા હતા જે જહાંગીરે કેખુસરૂના ઘરમાં જે આરસી જોઇ હતી અને જેને જોતાંજ તે છક થઈ ગયો હતો તેનું ખરૂ કારણ એજ કે કેખસરૂના કહેવા પ્રમાણે તેવણની મોહોરદાર ગુલબાનુ કદાચ ભુખમરામાં આવતાં તથા પોતાના નામને એબ લાગે માટે પોતાના બાલકને સુરતમાં આવી ખોસરોના મકાનની ચોડેક દુર મુકી ગઈ હશે કારણકે કેખસરૂનો કહેલો વખત અને ખોર-

સેદની ઉમ્મર એકજસરખી હતી એટલુંજ નહી પણ તેણીની ખુબસુરતી તથા મોહનાના રંગમાં તથા તેણીની માતાની તસવીરમાં એક બાલ બરાબરનો ફેર ન હતો.

જહાંગીર પોતાના બાપથી પોતાની વહાલી ખોરસેદને લગતી ખોલ જે કીસમત જોગે તેના હાથમાં આવી હતી તેથી વાકેફ કીધા હતા. પોતાના લગનમાં તેને કેખસરૂને તારથી બોલાવ્યા અને તેવણ ઉલતભર તેને મલવા આવ્યા.

આગ્યા તેની અગાઉ તેવણે થોડીજ વકી રાખી હતી જે જહાંગીર (એકવારનો તેવણનો કાવુશ) એક માતબર શેઠીઆનો છોકરો હતો. જહાંગીર તેવણને ગાડીપર લેવા ગયો હતો અને પોતાના બાપની બે ઘોડાની ગાડીમાં બેસાડી તેવણને પોતાના બંગલામાં લઇ ગયો.

જહાંગીરમાં આટલો બધો ફેરફાર જોઇ તેવણ ઘણાજ તાજુબ થવા લાગ્યા. જહાંગીરે તેવણ આગલ પોતાના નામનો તથા તે કોણનો છોકરો હતો તે સઘલી વાતથી વાકેફ કીધા હતા. ઘરમાં લાવી તેવણને મોજમજાહ દેખાડવાનો તો કાંઈ પારજ રહયો નહી.

જહાંગીર લગન વખતે પોતાના શેઠ પેસતનજી તથા તેવણના છોકરા દારાબ તથા સુનામાયને તેડવાને ભુલી ગયો ન હતો.

સઘલી ગોઠવણ કરવા બાદ જહાંગીરે અત્યંત ખુશીમાં આવી કેખશરનું દીલ ખુશી કરવાને માટે તેવણને વધારે ગમખાર થવાને તેને ગમ્યું નહીં.

લગનને ત્રણ દીવસ રહયા તેમ કેખસરૂને ધીરજ તથા સબુરી રાખવા ધરી તેવણને પોતાના ઓરડામાં બેસાડી સઘલી વાતથી વાકેફ કીધા તે વાત તેવણની ગુલબાનુનું શું થયું હતું અને તેણી તે વખતે હમેલદાર હતી તે બચ્ચાંનું શું થયુ હતું તે તથા તે બચ્ચું કોણ અને કોણથી પલાઇ મોટું થયું હતું તે ધણીની સાથ ઓલખાણ કરાવી. જયારે કેખસરૂ ઘણાજ હરખથી ઉસકેરાઈ ગયા ત્યારે તેવણની આગલ તેવણની છોકરી ખોરસેદ કે જેણીને જહાગીરે પોતાના મકાનમાંજ બીજા ઓરડામાં છુપી રાખી હતી અને જેણીને પણ જહાંગીરે સઘલા ભેદથી વાકેફ કીધી હતી તેણીને લાવી હાજર કીધી.

બાપ બેટીની મુલાકાત વખતનો દેખાવ એક ચીતારાને અછી બાબત થઈ પડે.

બાપ બેટી એકમેકને સઘલા વાહાલથી ભેટી પડયાં તેમ કરતાંજ ન ધારેલા સંજોગથી ખુશ થઇ તેઓની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

આએ બાપ બેટીના સુખી મેલાપથી જહાંગીરને બહુજ ખુશી ઉપજી

સઘલા જણની ખુશાલી વચ્ચે જહાંગીર અને ખોરસેદના લગન થયાં. આએ જહાંગીર અને તેની બાયડી ખોરસેદને જેઓ જોતાં હતાં તેઓ સારા આસીરવાદ દેતાં હતાં અને ખુદરતે તેઓને ફકત એકમેક-નેજ માટે સરજીયાં હોય એવું દેખાતું હતું.

પોતે પરણીઆ આગમચ પોતાની બાયડી પણ ઉંચ વંશની તથા માતબર શેઠીઆની છોકરી છે અને તેણીના માય બાપના નામથી પોતે વાકેફ થયો અને પોતાની પરણેતર ખોરસેદને આખરે તેણીના બાપ સ-હીત મેલાપ કરાવ્યો એ સઘલાથી જહાંગીરનો હરખ માયો સમાયો નહી.

કેખસરૂને સમજાવી તેવણની સઘલી માલ મીલકત (અમદાવાદ શેહેરમાંની) વેચાવી નાખી સુરતમાંજ તેવણને બંગલો બંધાવી તેવણની છોકરી નજદીકજ રહો તેવણને જહાંગીર તથા શોરાબશાહે સાથે મલી સુચના કીધી.

કેખસરૂને પણ અમદાવાદ શેહેરમાં પોતાને સોહવાતું ન હતું અને તેથી પોતાના વહાલાં આગલજ રહેવાનું તેવણને દરૂસ્ત લાગું તેથી તેવણે પોતાનો સઘલો અસબાબ ઉઠાવી સુરતમાંજ રહેવાશ કીધો.

તેવણનો તથા સોરાબશાહની પેહેડીનો સઘલો વેહેવાર જહાંગીર હવે પોતાના એખલાજ હાથે ચલાવા લાગ્યો. કેખસરૂએ પોતાની સઘલી દોલત જહાંગીર તથા તેવણની છોકરી ખોરસેદને સ્વાધીન કરી પોતે એકાંતમાં દીવસો ગુજારવા લાગ્યા.

વરસના વીતવા બાદ ખોરસેદે પોતાનો બઇરી તરીકેનો કોલ બજાવી પોતાને માવતર અને પોતાના વર જહાંગીરને બાપની પદવીએ ચઢાવ્યો એટલે કે ખોરસેદે એક ગુલે ગુલાબ જેવાં બાલકનો જનમ આપ્યો.

વાંચનાર મારી વારતા હવે પુરી થઇ છે, પણ આપણી વારતાનો મુખ્ય ધણી આપણો ઘણોક વખત સુધી નહી યાદ થયલા નામદાર ખુશરો વીશે મારે જણાવવું જોઈએ.

જહાંગીરે તેને તેની ખંતીલી મેહેનતમાંથી છોડવી પોતાના મકાનમાંજ લાવી સાથે રાખ્યો અને તેને પણ મોજમજાહ કરાવવાને જહાંગીરે કાંઇ પણ બાકી રાખ્યું નહી,

જહાંગીરપર પેહેલા પ્રકરણમાં જે હુમલો થયલો આપણે જોઇ ગય અને તે વખતથી તેના ઘોડાની કાંઇ પણ નીસાન મલી ન હતી તેની નીશાન પણ અંતે મલી. તે જાનવરને પેલા બદબાસ શીઆવક્ષે કોઇને પણુંજ સસતામાં વેચ્યું હતું અને ભાગ્ય કરીને તેજ જનાવરને કોઇ જહાંગીર પાસ વેચવા લાવ્યું. પોતાના એકવારનાં ખોવાઇ ગયલા જનાવરને જોતાંજ તેને મેલવવાની ખાહેશ થઇ અને અંતે તેને વેચાતો લીધો. જનાવર બીચારૂં બુઢ્ઢું થઇ ગયું હતું માટે તેને જહાંગીરે વધુ મેહનત નહી આપતાં પોતાના તબેલામાંજ રહેવા દીધું કારણ કે એજ ઘોડો જો ઉલટે રસતે ન જતે તો ખોરસેદ જેવી મોહરદાર સાથે પરણવાને તેને કદાચજ બની આવતે.

વાંચનાર એમાં જોઈ ગયા તેમ જહાંગીરે પ્યારને માટે નીચ ચાકરી પણ કીધી હતી અને અંતે પોતાની નેમમાં ફાવ્યો અને જર પોતાના હવસનો લતીજો પુરો કરવામાટે પોતાના હકદાર પરણેતર ખાવીંદનું ખુન કરવાને પણ તૈયાર થઇ હતી. તેણી તેણીના બદ વીચારોમાં ગાઇ હતી અને જહાંગીર બચી ગયો હતો એટલુંજ નહી પણ આજે તેને આપણે સઘલી મોજમજાહ વચ્ચે ફરતો અને પોતાના નાના બાલકોને રમાડતો જોઇએ છઇએ.

પાપીઓ પોતાની નેમમાં થોડો વખત સુધી ફાવેછે પણ અંતે પોતે હેઠે પડેછે ત્યારેજ તેને ખોદાનો વીચાર આવેછે.

સમાપ્ત

જાહેર ખબરો.

મદરાસ હેર ઓઇલ.

ખરી જતા બાલને અટકાવવા માટે તથા વધારવાને માટે ચમતકારી તેલ.

એકજ શીશી વાપરવાથી ખાતરી થશે

આ તેલથી માથાનો દુખારો ગમે એવા જુના વખતનો હશે તે તુરતજ દુર થશે, આંખની રોશની વધશે તથા આંખનો નજલો ઉતરતો અટકશે. બાલ કોઈ પણ સબબથી ખરી જતા હોએ તે આ તેલ લગાડવાનું ચાલુ કીધા પછી ઘણા ટુક વખતમાં ખરી જતા અટકશે તથા બાલ ચલકતા રેશમ જેવા નરમ થઇને ઘણા વધી જશે. કિંમત શીશી એકના આના ૮.

ઉપલું તેલ ખેતવાડી ૧૦મી ગલીમાં દા. દી. બેલગામવાલાને તીઆથી તથા નીચલા ગાંધીઓને તીઆથી મલશે. વેપારીઓને કમીશન આપવામાં આવશે. એફ. એસ. માદન, એદલજી પ્રધરશ શોરાબજી પેશતનજી ગાંધી, જુમા મસજીદ, કોટમાં ભીખા કલયાનની કુંપની, ગંગાદાશ નાગજીની કુંપની, ફરામજી જામાસજી ની કુંપની ગ્રાટરોડ મુસ બીલ્ડીંગ.